અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


13 JANUARY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 193 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

અમેરિકાએ કહ્યું, ભારતથી વધુ કોઈ દેશ મહત્વનો નહીં: બંને દેશ ટ્રેડ ડીલ વિશે વાત કરશે, ટ્રમ્પના ભારત ....

4

લંકા ભોગવિલાસનું કેન્દ્ર હોવા છતાં, હનુમાનજી માટે શું કામ બાધક બની નહીં ??

6

3 મહિનામાં 93 છોકરી ગાયબ! : ચાઈલ્ડ ટ્રાફિકિંગના કેસ ધડાધડ વધ્યા, રાની મુખર્જીની સાથે ગુજ્જુ સ્ટાર જાનકી...

7

ચાંદીના ભાવમાં રેકોર્ડ બ્રેક વધારો: એક જ દિવસમાં ₹14,000નો વધારો, સોનાનો ભાવ પણ વધી ₹1.40 લાખે પહોંચ્યો

## ગુજરાતમાં વડાપ્રધાન મોદી અને મર્ઝની મહત્ત્વપૂર્ણ બેઠક

# ભારત અને જર્મની વચ્ચે શિક્ષણથી લઈને સેમિકંડક્ટર સુધી 4 મહત્ત્વપૂર્ણ MoU

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચે થયેલા કરારોને ભરોસાનું પ્રતીક જણાવી સંરક્ષણ વ્યાપાર અને રોડમેપ તૈયાર કરવાની વાત કરી હતી







**ગાંધીનગર, તા.12**

ભારત અને જર્મની વચ્ચે આજે ૧૨ જાન્યુઆરીના રોજ સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે મહત્વના કરાર થયા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડકટર અને શિક્ષણ સહિત મોટા ૪ MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પણ કર્યા, વડાપ્રધાન મોદીએ બંને દેશો વચ્ચે થયેલા કરારોને ભરોસાનું પ્રતીક જણાવી સંરક્ષણ વ્યાપાર અને રોડમેપ તૈયાર કરવાની વાત કરી.

૧૨ જાન્યુઆરી ભારત માટે કૂટનૈતિક અને ભવિષ્યની રણનીતિને લઈને ખૂબ જ ખાસ દિવસ રહ્યો, એક તરફ સમગ્ર દેશ સ્વામી વિવેકાનંદની જયંતી મનાવી રહ્યો છે, તો બીજી તરફ ગુજરાતથી ભારત અને જર્મનીના સંબંધોનો નવો પાયો નાખવામાં આવ્યો છે. જર્મન ચાન્સેલરની ભારત યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે એવા કરારો થયા જેની સીધી અસર સુરક્ષા, શિક્ષણ, ટેકનિકલ વિકાસને થશે, વડાપ્રધાન મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચે માત્ર વાતચીત જ નહીં પણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને સંરક્ષણથી લઈને સેમીકંડકટર સુધી આવનારા પડકારોને ઝીલવાનો રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો. આ હાઈ પ્રોફાઈલ મુલાકાત પર દુનિયાની નજર હતી, જેમી ૪ મુખ્ય MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) થયા, જેના પર બંને દેશોએ મંજૂરીની મહોર લગાવી, સૌથી અગત્યનો કરાર ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડકટરને લઈને થયો, આજના ડિજિટલ યુગમાં મોબાઈલથી લઈને મિસાઈલ સુધી દરેક જગ્યાએ સેમીકંડકટરની જરૂર પડી રહી છે, તેવામાં જર્મનીનો સાથ મળશે તો ભારતની ટેકનિકલ ક્ષમતાઓને નવી ગતિ મળશે.

આ ઉપરાંત સંરક્ષણ કરાર પર એક સંયુક્ત ઘોષણાપત્ર પણ જાહેર કરવામાં આવ્યું, PM મોદીએ સાફ શબ્દોમાં કહ્યું કે રક્ષા અને સુરક્ષામાં બંને દેશોનો સહકાર પરસ્પર ભરોસાનું પ્રતીક છે, બંને દેશ હવે સંરક્ષણ વેપારને આગળ વધારવા રોડમેપ તૈયાર કરશે. ત્રીજો કરાર હાયર એજ્યુકેશન એટલે કે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે થયો, જેથી ભારતીય વિદ્યાથીઓ માટે નવા અવસર ઊભા થશે તેવા આશા છે. ઉપરાંત, આયુર્વેદને વિશ્વના મંચ પર લઈ જવા પણ બંને દેશે હાથ મળાવ્યાં છે. વાતચીત માત્ર વેપાર પૂરતી સીમિત ન હતી, પ્રધાનમંત્રી મોદીએ વૈશ્વિક શાંતિ અને સુરક્ષાના મુદ્દે પણ જર્મન ચાન્સેલર સાથે ગહન ચર્ચાઓ કરી, બંને નેતાઓએ યુક્રેન અને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે મંત્રણા કરી, આ દરમિયાન PM મોદીએ આતંકવાદને લઈને કડક વલણ રાખતા કહ્યું કે આતંકવાદ માનવતા માટે ખતરો છે, સાથે સ્પષ્ટ સંકેત આપ્યો કે ભારત સુરક્ષાના મામલે દુનિયાને એકસાથે લાવવાનો પ્રત્યન કરી રહ્યું છે, આ અભિયાનમાં જર્મની એક મહત્વનું ભાગીદાર છે. PM મોદીએ એ પણ યાદ અપાવ્યું કે ભારતમાં ૨ હજારથી વધુ જર્મન કંપનીઓ લાંબા સમયથી કામ કરી રહી છે. જે બંને દેશોના સંબંધોની ઊંડાઈને ઉજાગર કરે છે. વડાપ્રધાન મોદીએ જર્મન ચાન્સેલરની ભારત યાત્રાને સ્વામી વિવેકાનંદના જન્મ દિવસ સાથે જોડતા કહ્યું કે, સ્વામીજીએ ભારત અને જર્મની વચ્ચે દર્શન અને ન્યાયના સંબંધોની વકીલાત કરી હતી, તો બીજી તરફ જર્મન ચાન્સેલરે તેમનો અનુભવ જણાવતા કહ્યું કે, આજે સવારે જ મહાત્મા ગાંધી સાથે જોડાયેલા સ્થળની મુલાકાત કરી, તેમણે ગાંધીજીના એ પ્રસિદ્ધ કથનને યાદ કર્યું કે જે પરિવર્તન તમે દુનિયામાં જોવા માંગો છો, તે તમે બનો, જર્મન ચાન્સલરે અમદાવાદને આધુનિક ભારતનો પાયો બતાવી કહ્યું હતું કે ગાંધીજીએ અહીંથી જ સંઘર્ષની શરૂઆત કરી હતી.

# CBI હેડક્વાર્ટર પહોંચ્યા એક્ટર વિજય થલાપતિ: કરુર ભાગદોડ કેસમાં પૂછપરછ, TVK રેલીમાં 41 લોકોના મોત થયા હતા....

**નવી દિલ્હી, તા.12**



એક્ટર-પોલિટિશિયન વિજય થલાપતિ સોમવારે કરૂર ભાગદોડ કેસની તપાસના સંબંધમાં CBI સમક્ષ હાજર થયા. CBI હેડક્વાર્ટરમાં તેમની પૂછપરછ ચાલુ છે.

આ પૂછપરછ સુપ્રીમ કોર્ટના આદેશ પર ચાલી રહેલી તપાસ હેઠળ કરવામાં આવી રહી છે. CBIએ વિજયને નોટિસ મોકલીને પૂછપરછ માટે બોલાવ્યા હતા.

ખરેખરમાં, ગયા વર્ષે 27 સપ્ટેમ્બરે કરૂર જિલ્લામાં વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ (TVK)ની રેલી દરમિયાન ઘટના બની હતી.

વિજય ચેન્નઈથી ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા નવી દિલ્હી પહોંચ્યા. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, તેઓ તપાસમાં સંપૂર્ણ સહયોગ કરી રહ્યા છે અને CBI હેડક્વાર્ટર પહોંચ્યા.

આ ઘટના સપ્ટેમ્બર 2025માં તમિલનાડુના કરુર જિલ્લામાં TVKના એક ચૂંટણી કાર્યક્રમ દરમિયાન બની હતી. કાર્યક્રમમાં ભારે ભીડ એકઠી થવાને કારણે નાસભાગ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં 41 લોકોના મોત થયા હતા, જ્યારે 50થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ડિસેમ્બરમાં તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટમાં કાઉન્ટર સોગંદનામું દાખલ કરીને CBI તપાસના આદેશને રદ કરવાની માંગ કરી હતી. TVKએ તેનો વિરોધ કરતા કહ્યું હતું કે સરકારની અરજીમાં નક્કર તથ્યો નથી. ઘણા આરોપો ભ્રામક છે. પાર્ટીએ એમ પણ કહ્યું હતું કે આનાથી ચાલી રહેલી તપાસ અને સુપ્રીમ કોર્ટની દેખરેખ સમિતિના કામમાં અવરોધ આવી શકે છે.

વિજય થલાપતિને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) દ્વારા કરૂર ભાગદોડ કેસમાં 12 જાન્યુઆરીએ હાજર થવા માટે સમન્સ મોકલવામાં આવ્યું છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, સીબીઆઈએ આ મામલે તમિલગા વેટ્રી કઝગમના ઘણા પદાધિકારીઓની પૂછપરછ કરી છે.

તેમણે જણાવ્યું કે એજન્સીએ હવે આ મામલે વિજયને બોલાવવાનો નિર્ણય કર્યો છે, ત્યારબાદ તે આ મામલે ચાર્જશીટ દાખલ કરવા પર વિચાર કરી શકે છે.

27 સપ્ટેમ્બરે તમિલનાડુના કરૂરમાં અભિનેતામાંથી નેતા બનેલા વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ એટલે કે TVKની રેલીમાં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. જણાવવામાં આવ્યું છે કે 9 વર્ષની એક બાળકી ગુમ થઈ ગઈ હતી. વિજયે મંચ પરથી તેને શોધવા માટે પોલીસ અને પોતાના લોકોને અપીલ કરી, જેના પછી ત્યાં ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ.

ભીડમાં ફસાઈ જવાથી ઘણા લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી અને ઘણા લોકો અને કાર્યકરો બેભાન થવા લાગ્યા. પરિસ્થિતિ બગડતી જોઈને વિજયે ભાષણ રોકી દીધું અને લોકોને શાંતિ જાળવવા અપીલ કરી. ત્યારબાદ તેઓ ભાષણ છોડીને નીકળી ગયા.

વિજયની રેલી માટે 10 હજાર લોકોની મંજુરી હતી. પ્રશાસનને 50 હજાર લોકો એકઠા થવાનો અંદાજ હતો, પરંતુ ત્યાં લગભગ 1 લાખ 20 હજાર લોકો એકઠા થઈ ગયા હતા.

# ISROનું PSLV-C62 રોકેટ રસ્તો ભટક્યું, મિશન ફેલ

### ઈસરોએ કહ્યું, મિશનના ત્રીજા સ્ટેજમાં ટેક્નિકલ ખામી સર્જાઈ, અન્વેષા સહિત 15 સેટેલાઈટ લઈને ગયું હતું

**શ્રીહરિકોટા, તા.12**



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)નો વર્ષનો પ્રથમ સેટેલાઈટ મિશન ફેલ થયો છે. સોમવારે સવારે 10:18 વાગ્યે આંધ્રપ્રદેશના હરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી PSLV-C62 રોકેટે અન્વેષા સહિત 15 સેટેલાઈટ લઈને ઉડાન ભરી હતી. ઈસરોના જણાવ્યા મુજબ, મિશનના ત્રીજા સ્ટેજમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે સેટેલાઈટ તેના નિર્ધારિત ઓર્બિટમાં સ્થાપિત થઈ શક્યો નહીં અને એ રસ્તો ભટકી ગયો હતો. ISROના વડા ડૉ. વી. નારાયણને એક નિવેદન જાહેરી કરીને કહ્યું, "ત્રીજા સ્ટેજમાં સમસ્યા આવી અને રોકેટની દિશા બદલાઈ ગઈ.

8 મહિના પહેલાં, 18 મે, 2025ના રોજ ISROનું PSLV-C61 મિશન પણ ટેક્નિકલ ખામીને કારણે ત્રીજા સ્ટેજમાં ફેલ થયું હતું. આ મિશનમાં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટને 524-કિમી સન-સિંક્રોનસ પોલર ઓર્બિટમાં સ્થાપિત કરવાનો હતો. ISROનું આ 101મું લોન્ચ મિશન હતું.

ISROએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું, PSLV-C62 મિશનના PS3 તબક્કાના અંતે એક મુશ્કેલી પડી છે. વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે.

ઈસરોનું PSLV-C62 મિશન ફેલ થયું. ઈસરોના વડા વી. નારાયણને જણાવ્યું હતું કે સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો. બીજો સ્ટેજ પણ સફળ રહ્યો, પરંતુ ત્રીજા સ્ટેજમાંથી ડેટા મેળવવાનું મુશ્કેલ બન્યું. એ રસ્તો ભટકી ગયો. મિશનનો ચોથો સ્ટેજ શરૂ થયો, પરંતુ એ પછી કોઈ અપડેટેડ ડેટા મળ્યા નહીં. અમે ડેટાનું વિશ્લેષણ કરી રહ્યા છીએ.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) આજે સવારે 10.18 વાગ્યે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતેના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રથી વર્ષ 2026નો પ્રથમ સેટેલાઈટ મિશન લોન્ચ કર્યો. આ લોન્ચ પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)-C62 દ્વારા કરવામાં આવ્યો.

આ મિશનમાં કુલ 15 સેટેલાઈટ્સને અંતરિક્ષમાં મોકલવામાં આવ્યા, જેમાં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS-N1) અન્વેષા મુખ્ય છે, જેને પૃથ્વીથી લગભગ 600 કિલોમીટર ઉપર પોલર સન-સિંક્રોનસ પોલર ઓર્બિટ (SSO)માં સ્થાપિત થશે.



# મેમ્કોમાં અંબિકા એસ્ટેટની આગમાં બે મજૂર ઊંઘમાં જ ભડથું

## ઘરઘંટીની કંપનીમાં 5 વ્યક્તિ કામ કરતા હતાં, 3 દોડીને બહાર નીકળી જતા બચી ગયા, 3 માળના બિલ્ડિંગમાં વેન્ટિલેશન જ નહતું

**અમદાવાદ, તા.12**

અમદાવાદના નરોડા રોડ પર મેમ્કો બ્રિજ નીચે આવેલા અંબિકા એસ્ટેટમાં ઘરઘંટી બનાવતી કંપનીમાં 11 જાન્યુઆરીની સાંજે શોર્ટસર્કિટથી આગ લાગી હતી. કંપનીમાં લાકડાના સામાનની સાથે પ્લાયવૂડ હોવાથી ગણતરીની મિનીટોમાં જ આગ-ધુમાડા ત્રણ માળની બિલ્ડિંગમાં પ્રસરી ગઇ હતી. આગ એટલી ઝડપથી ફેલાઇ કે પહેલા માળે રાતપાળી કરીને સુતેલા બે મજૂરો ઊંઘમાં જ ભડથું થઈ ગયા હતા. બંનેને હોસ્પિટલ પહોંચાડાય તે પહેલા જ તેઓનું મોત થયું હતું. ઘટનાની જાણ થતા ફાયરની 10 ગાડીઓ સ્થળે પહોંચી હતી. ફાયરની 10 ટીમોએ 4 કલાકે આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગ લાગી ત્યારે 5 વ્યક્તિઓ કામ કરતા હતા તેમાંથી ત્રણ લોકો દોડીને બહાર નિકળી ગયા હતા. જ્યારે બે વ્યક્તિ અંદર ફસાઈ ગયા હતા. ધૂમાડો વધુ હોવાના લીધે ફાયર બ્રિગેડની ટીમે માસ્કનો ઉપયોગ કરી ફસાયેલા બંને મજૂરોને બેહોશ હાલતમાં બહાર કાઢી



સારવાર માટે મોકલ્યા હતા.

કંપનીના માલિક બ્રિજેશ મહેતાએ જણાવ્યું કે, છેલ્લા પાંચ વર્ષથી તેઓ આ એકમ ભાડે રાખીને ચલાવી રહ્યા છે. બે દિવસ પહેલા દિલ્હીના સહારનપુર ખાતે હું મારા એસ્ટેટના કામથી ગયો હતો, જેને લઈને બે લોકો શનિવારે અમદાવાદ આવ્યા હતા. આ બંને લોકો બપોરના સમયે એસ્ટેટમાં આરામ કરી રહ્યા હતા, તે વખતે મને આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. જે બે લોકો અંદર સૂતા હતા તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગ હાલમાં સંપૂર્ણપણે નિયંત્રણમાં આવી ગઈ છે, પરંતુ ઘટનાના કારણોની તપાસ ચાલુ છે. આ ઘટના બાદ અમદાવાદ મહાનગરપાલિકાએ અંબિકા એસ્ટેટના અમુક એકમોને સીલ કરવાનો નિર્ણય લીધો છે અને દસ્તાવેજો તથા સુરક્ષા ધોરણોની વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

આ મામલે અમદાવાદ ફાયર વિભાગના ડીએફઓ એસ.બી જાડેજાએ જણાવ્યું કે, આ કંપનીમાં ધુમાડા માટેનું વેન્ટિલેશન હોત તો કદાચ સુતેલા લોકોને બહાર નિકળવાનો મોકો હતો, જો છેલ્લી ઘડીએ પણ તેઓ પહેલા માળેથી કુદીને પણ જીવ બચાવી શકતા હતા. પરંતુ બિલ્ડિંગમાં વેન્ટિલેશન જ નથી, ફાયર એક્સ્ટીંગ્યુશર નથી. શહેરના તમામ રેસિડેન્ટ અને કોમર્શિયલ બિલ્ડિંગોમાં વેન્ટીલેશન ઓડિટ કરાવવું જોઈએ. કારણ કે આગ કરતા ધુમાડો વધારે જીવલેણ હોય છે. પ્લાઈવૂડમાં પણ આગ કરતા તેનો ધુમાડા જોખમી છે.

સામાન્ય લાકડું કુદરતી હોય છે, જ્યારે પ્લાયવૂડ લાકડાના પાતળા સ્તરોને ફોર્માલ્ડીહાઈડ જેવા શક્તિશાળી રાસાયણિક ગુંદરથી ચોંટાડીને બનાવવામાં આવે છે. પ્લાયવૂડ સાથે આ ગુંદર સળગે છે, ત્યારે તે અત્યંત ઝેરી ધુમાડો પેદા કરે છે. આ ધુમાડો માણસને ગૂંગળાવી દે છે અને તે બેભાન થઈ જાય છે.

પ્લાયવૂડ: કેમિકલ્સ 'ફ્યુઅલ' (બળતણ) તરીકે કામ કરે છે, જેના કારણે આગ ખૂબ જ ઝડપથી ફેલાય છે અને તેનું તાપમાન સામાન્ય લાકડાની આગ કરતા ઘણી વધારે હોય છે.

સામાન્ય લાકડું: આખું લાકડું સળગતા સમય લાગે છે કારણ કે તેની ઘનતા વધારે હોય છે.

પ્લાયવૂડ સળગતા ઘાટો કાળો અને ઝેરી ધુમાડો નીકળે છે. આ ધુમાડા સેકન્ડોમાં આખા રૂમમાં અંધારું કરી દે છે, જેના કારણે વ્યક્તિને બહાર નીકળવાનો રસ્તો દેખાતો નથી. ઝેરી ગેસના કારણે વ્યક્તિ જાગે તે પહેલા જ શ્વાસ લેવામાં તકલીફ પડવાથી ગાઢ નિંદ્રામાં જ બેભાન થઈ જાય છે.

નવા વાડજમાં રવિવારે વહેલી સવારે આગના 2 બનાવ બન્યા હતા. જેમાં મોજણીભવન બેઝમેન્ટમાં સરકારી કચેરીમાં શોર્ટસર્કિટથી આગ લાગી હતી. જેમાં સરકારી દસ્તાવેજો બળીને ખાક થઈ ગયા હતા. જ્યારે ભીમજીપુરામાં પુરૂષોતમનગરના ઘરમાં આગ લાગતા રસોડામાં સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. ઘરવખરી બળી ગઈ હતી. આ બંને ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# PSI-LRD એકઝામના કોલ લેટર ડાઉનલોડ કરવાનું શરૂ થયું: 13,591 જગ્યાઓ માટે 21 જાન્યુઆરીએ ફિઝિકલ ટેસ્ટ

**ગાંધીનગર, તા.12**

ગુજરાત પોલીસમાં જોડાવાનું સપનું જોતા લાખો યુવાનો માટે મોટા સમાચાર આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ વિભાગના વર્ગ-3 સંવર્ગ હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ (LRD) કેડરની કુલ 13,591 જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ આગળ વધારો થયો છે. ભરતી બોર્ડે આ જગ્યાઓ માટેની શારીરિક કસોટીની તારીખો જાહેર કરી દીધી છે. 12 જાન્યુઆરી બપોરે 2.00 વાગ્યાથી કોલ લેટર ડાઉનલોડ કરવાનું શરૂ થયું છે.

ભરતી બોર્ડની જાહેરાત અનુસાર, PSI અને LRD માટેની ફિઝિકલ ટેસ્ટ આગામી 21 જાન્યુઆરીએ શરૂ થશે. રાજ્યના વિવિધ કેન્દ્રો પર ઉમેદવારોની દોડ, ઉંચાઈ-છાતી માપ તેમજ અન્ય શારીરિક કસોટીઓનું આયોજન કરવામાં આવશે. લાંબા સમયથી ભરતી પ્રક્રિયાની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે આ સમાચાર રાહતરૂપ સાબિત થયા છે.




12 જાન્યુઆરી બપોરે 2.00 વાગ્યાથી કોલ લેટર ડાઉનલોડ કરવાનું શરૂ થયું છે. ઉમેદવારો અધિકૃત વેબસાઈટ પરથી પોતાનું કોલ લેટર ડાઉનલોડ કરી શકશે. કોલ લેટરમાં ઉમેદવારની પરીક્ષા તારીખ, સમય, કેન્દ્ર તેમજ જરૂરી સૂચનાઓ આપવામાં આવશે.

PSI અને LRD ભરતી માટે રાજ્યભરમાંથી લાખો યુવાનો અરજી કરી ચૂક્યા છે. આ ભરતીને લઈને ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પોલીસ દળમાં જોડાઈને રાજ્યસેવા કરવાનો અવસર મળતા યુવાનો લાંબા સમયથી તૈયારીમાં જોડાયેલા હતા.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે ઉમેદવારોને અપીલ કરી છે કે, કોલ લેટરમાં આપવામાં આવેલી તમામ સૂચનાઓનું પાલન કરે અને સમયસર પરીક્ષા કેન્દ્ર પર હાજર રહે. શારીરિક કસોટી દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ સહન કરવામાં આવશે નહીં.

# DDUના વિદ્યાર્થીઓ માટે કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો: રાષ્ટ્રીય યુવા દિવસે કાયદાકીય સુરક્ષા અને સામાજિક જાગૃતિ અપાઈ.....

**નડિયાદ, તા.12**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ, નડિયાદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા 12 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે એક વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ નડિયાદની ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી (DDU) ના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સીસના વિદ્યાર્થીઓ માટે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ફેકલ્ટીના ડીન ડૉ. નરેશ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય યુવા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે દહેજ પ્રતિબંધક અધિકારી સોનલ પટેલે વિદ્યાર્થીઓને દહેજ પ્રતિબંધક અધિનિયમ અને ઘરેલું હિંસા અધિનિયમ વિશે વિસ્તૃત જાણકારી આપી, જેથી યુવા પેઢી સામાજિક કાયદાઓ પ્રત્યે જાગૃત બને. આ જાગૃતિ અભિયાનના ભાગરૂપે,



'નવપ્રભાત વ્યસન મુક્તિ અને પુનર્વસન કેન્દ્ર'ના પ્રોજેક્ટ ડાયરેક્ટર સંજય રોહિતે પણ હાજરી આપી હતી. તેમણે યુવાનોમાં વધતા જતા વ્યસનના દૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી અને વ્યસનમુક્તિ માટેના ઉપાયો તથા સારવાર અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફૂલ ટાઈમ સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ ડી.બી. જોશીએ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે પોક્સો (POCSO) એક્ટ, જુવેનાઇલ જસ્ટિસ એક્ટ, સાયબર સિક્યુરિટી અને કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી સામે રક્ષણ આપતા કાયદાઓ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી. તેમણે ચાઈલ્ડ હેલ્પલાઈન અને મહિલા અભયમ હેલ્પલાઈન જેવી મહત્વની સેવાઓ વિશે પણ માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રો. એમ.આર. ભાવસાર, BCA વિભાગના હેડ પ્રો. સી.પી. પટેલ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. કિંજલબેન આચાર્ય દ્વારા કરાયું હતું. જજ ડી.બી. જોશીએ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી.

# આણંદ શહેરમાં 5 હજાર ઢોરને આરએફઆઇડી ચીપ લગાવશે, રખડતા પકડાશે તો પશુપાલકને ઓળખી કાર્યવાહી કરાશે...

**આણંદ, તા.12**

કરમસદ આણંદ મનપા એક વર્ષ થયું છતાં પણ રખડતાં ઢોરનો પ્રશ્ન તંત્ર માટે માથાના દુ:ખાવા રૂપ બની ગયો છે. જેને હલ કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. પરંતુ પશુઓના રજીસ્ટ્રેશનના અભાવે સમસ્યા ઠેર ની ઠેર રહેવા પામી છે.

ત્યારે મનપા કમિશ્નરે આ પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે ટેકનોલોજી આધારિત નવતર પ્રયોગ અમલમાં મુકીને રખડતાં પશુઓના કાને આરએફઆઇડી ચીપ લગાવવાનું શરૂ કર્યું છે.

અત્યાર સુધી નવા પકડાયેલા 50થી વધુ ઢોરને ચીપ લગાવવામાં આવી છે. આગામી એક વર્ષમાં શહેરમાં 4 હજારથી વધુ રખડતાં ઢોરને ચીપ લગાવવામાં આવનાર છે. તેમજ આણંદ મનપા ઢોર વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કરમસદ આણંદ મનપા બનતા વિસ્તારમાં વધારો થયો છે. તેમજ



આણંદ,કરમસદ, વિદ્યાનગર સહિત નવા જોડાયેલા 4 ગામોને કારણે રખડતાં ઢોરની સંખ્યામાં વધારો થયો છે. હાલમાં રખડતાં ઢોર શહેરના માર્ગો પર અડીંગો જમાવી દે છે. જેના કારણે ટ્રાફિક જામ સહિત અકસ્માતોના બનાવો વધી ગયા છે.

શહેરમાં રોડ સેફટીના નિયમો અંતર્ગત ટ્રાફિક મુકત અને અડચણ મુકત બનાવવા માટે મનપા દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ તેમાં સૌથી મોટી સમસ્યા રખડતાં ઢોરની સામે આવી હતી. મનપા રખડતાં પશુઓને તમામ માહિતી આંગડીના ટેરવે મળી જાય તે માટે આરએફઆઇડી ચીપ લગાવવાનો નિર્ણય કર્યો છે.

છેલ્લા 15 દિવસ પકડાયેલા 50થી વધુ ઢોરને આરએફઆઇડી ચીપ લગાવવામાં આવી છે. આગામી એક વર્ષમાં તમામ રખડતાં પશુઓને આરએફઆઇડી ચીપ લગાવવામાં આવશે. તેમજ રખડતાં પશુઓના માલિકે મનપા ફરજીયાત તમામ ઢોરનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

આ નવતર પ્રયોગથી રખડતાં ઢોર સમસ્યા હલમાં કરવામાં સરળતા રહેશે. માર્ગ સલામતી વધારવામાં નોંધપાત્ર ફાયદો થશે. તેમજ મનપા ડેપ્યુટી કમિશ્નરે જણાવ્યું હતું

એક માલિકના પશુઓ કેટલી વખત પકડાય છે તે જાણીને કાયદાકીય કાર્યવાહી કરાશે

કરમસદ આણંદ મનપાના ડેપ્યુટી કમિશ્નર એસ કે ગરવાલે જણાવ્યું હતું કે હાલમાં રખડતાં ઢોરમાં એકના એક માલિકા વારંવાર પકડાય છે.પરંતુ તેના માલિક કોણ છે.

પકડાયલે પશુએ એ જ છે કે નહીં તે જાણી શકાતું ન હતું આરએફઆઇડી ચીપ નંબર લગાવે હોય છે. જેથી તે નંબરના આધારે આ પશુ કેટલીક વખત પકડાયું તે પણ જાણી શકાશે.

તેનો માલિક સામે તેના આધારે દંડ રકમ વસુલવામાં આવશે. વારંવાર એક જ માલિકના પકડાશે તેને સામે સખત કાર્યવાહી કરી શકાશે.

આરએફઆઇડી ચીપ ઈજેકશન દ્વારા પશુઓના શરીરમાં લગાવવામાં આવશે.આ ચીપમાં એક ખાસ પ્રકારનું યુનિક આઇડી સંગ્રહીત હોય છે.

આ યુનિક આઇડીમાં પશુના માલિકના નામ સહિત અન્ય વિગતો સમાવેશ કરાયો છે. જેના આધારે રખડતા ઝડપાયેલા પશુઓનો માલિક કોણ છે. તે જાણી શકાશે. જેથી તેની સામે કાર્યવાહી કરી શકાશે.

મોટા ભાગે રખડતાં ઢોર પકડયા ત્યારે તેનો માલિક કોણ છે.તે જાણી શકાતું ન હતું.જેથી તેને પાંજરાપોળમાં મોકલ્યા બાદ તેનો ખર્ચ મનપાને ભોગ પડતો હતો. જો કે હવે માલિકનું નામ જાણવા મળતાં તેને દંડ કરીને પાંજરાપોળનો ખર્ચ વસુલી શકાશે.

# હાઈફાઈ ગાર્ડનને પણ આંટી જાય એવો આઈકોનિક રોડ બનશે

## વાહનચાલકો, રસ્તા પર ચાલતા લોકો અને દિવ્યાંગોને ધ્યાને રાખી અમદાવાદ-ગાંધીનગરને જોડતો રોડ તૈયાર કરાશે

**અમદાવાદ, તા.12**

અમદાવાદમાં ગાંધીનગરને જોડતો એક વૈશ્વિક કક્ષાનો આઈકોનિક રોડ બની રહ્યો છે, જે પ્રદૂષણથી મુક્ત અને ટ્રાફિકથી મુક્ત તો હશે જ. તેની સાથોસાથ હાઈફાઈ ગાર્ડનને પણ ટક્કર આપે એવી થીમ સાથે તૈયાર કરાશે. આ આઈકોનિક રોડને અર્બન લંગ્સ રોડ તરીકે વિકસાવવામાં આવશે, જે શહેરી વિકાસનું પણ અનોખું ઉદાહરણ બનશે. અમદાવાદના ચાંદખેડાના વિસત સર્કલથી તપોવન સર્કલ સુધીનો 3.5 કિ. મી.નો રોડ જોગિંગ ટ્રેક, સાયકલ ટ્રેક, ફૂડ કિઓસ્ક, પ્લાઝા અને ડિસેબલ-ફ્રેન્ડલી સુવિધાઓ સાથે અમદાવાદ-ગાંધીનગરને જોડશે.

જો આ રોડની વિશેષતાની વાત કરીએ તો તેને ઝીરો પોલ્યુશન અને ઝીરો ટ્રાફિકની નીતિથી જીઓમેટ્રિક ડિઝાઈન સાથે ડેવલોપ કરવામાં



આવશે. આગામી દિવસોમાં જ રોડ ડેવલોપમેન્ટની કામગીરી હાથ ધરાશે. અમદાવાદમાં વિકાસની નવી ઓળખ બનવા જઈ રહેલો આઈકોનિક રોડ એક અભૂતપૂર્વ શહેરી વિકાસ પ્રોજેક્ટ છે, જેમાં રાઈટ ઓફ વે 90 મીટર અને 108 મીટરની વિશાળ પહોળાઈમાં વિકસાવવામાં આવશે. આ રોડના કેન્દ્રમાં 4 મીટર પહોળી સ્કલ્પ્ચર વૃક્ષો અને પ્લાન્ટેશન સાથેની લીલી પટ્ટી, બંને બાજુએ બફર ઝોનમાં ગ્રીન પેચ અને હાલના 1200 વૃક્ષોની સંપૂર્ણ જાળવણી સાથે 81,500 ચોરસ મીટર વિસ્તારમાં વ્યાપક પ્લાન્ટેશનનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત 3.5 મીટર પહોળો જોગિંગ ટ્રેક, બેઠક વ્યવસ્થા, ફૂડ કિઓસ્ક, પ્લાઝા, મનોરંજનની વિવિધ પ્રવૃત્તિઓ, સર્વિસ લેન તરફ બંને બાજુ 2.1 મીટર પહોળો સાયકલ ટ્રેક, 7 મીટર પહોળી સર્વિસ લેન, પ્રોપર્ટી લાઈન સાથે ઓછામાં ઓછી 2 મીટરની ફૂટપાથ (દર 5 મીટરે વૃક્ષો/પ્લાન્ટેશન), જંકશન ઈમ્પ્રુવમેન્ટ, થીમ આધારિત રોડ ડિઝાઈન, આધુનિક લાઈટિંગ, ડિસેબલ વ્યક્તિઓને અનુકૂળ ડિઝાઈન, સાઈન બોર્ડ, સ્ટ્રીટ ફર્નિચર અને હોર્ડિંગ જેવી સુવિધાઓ સાથે આ રોડ શહેરનું નવું આઈકોન બની રહ્યો છે, જે પર્યાવરણ, આરોગ્ય, મનોરંજન અને ટકાઉ વિકાસનું અનોખું સંયોજન રજૂ કરશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના રોડ આધુનિક અને વૈશ્વિક કક્ષાના બને તેના માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે આ આઈકોનિક રોડ બનાવવામાં આવ્યો છે. ચાંદખેડાના વિસત સર્કલથી તપોવન સર્કલ સુધીના અમદાવાદ અને ગાંધીનગરને જોડતા 3.6 કિલોમીટરના રોડને આધુનિક વૈશ્વિક કક્ષાનો રોડ બનાવવામાં આવશે. પ્રદૂષણમુક્ત રોડ બનાવવામાં આવનાર છે. બંને તરફ 14.75 મીટરનો ફોર લેન રોડ બનાવવામાં આવશે. ઝડપથી અને ટ્રાફિક મુક્ત બને તેના માટે ફોરલેન રોડ ઉપરાંત સર્વિસ લેન રોડ પણ બનાવવામાં આવનાર છે. આઈકોનિક રોડ ઉપર લોકો ચાલી શકે તેના માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે. નાગરિકો બેસી શકે તેના માટે બફર ઝોન બનાવવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ રોડ ઉપર સાયકલ ટ્રેક પણ બનાવવામાં આવનાર છે. બે મીટરનો સાયકલ ટ્રેક અલગથી તૈયાર કરવામાં આવશે. જેથી સવારે અને સાંજે લોકો આ રોડ ઉપર સાયકલ ચલાવી શકશે. રોડ ઉપર ગ્રીનરી જળવાઈ રહે તેના માટે 1200 જેટલા વૃક્ષોની જાળવણી પણ કરવામાં આવશે.

# નાણાં અને સમય બંન્નેનો વેડફાટ: ઉમરેઠના રતનપુરા નહેરનો પુલ બંધ કરી દેવાતાં ખેડૂતોને 14 કિમીનો ફોગટનો ફેરો....

**આણંદ, તા.12**

ઉમરેઠ તાલુકાના રતરપુરા ગામની સીમમાંથી નહેર પરનો જર્જરીત પુલ નવો બનાવવા માટે સિંચાઇ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના પગલે છેલ્લા બે માસથી પુલ બંધ કરી દેવામાં આવ્યો છે. હજુ સુધી કામગીરી શરૂ કરવામાં આવી નથી. જેને લઈને રતનપુરા, દાગજીપુરા સહિત ગામોના ખેડૂતોને ખેતરોમાં ટ્રેકટર કે અન્ય વાહનલઈને જવા માટે 14 કિમીનો ફોગટનો ફેરો ફરવો પડે છે. જેથી ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઉમરેઠના રતનપુરા સીમમાં પસાર થતી નહેરનો પુલ જર્જરીત હાલતમાં ફેરવતા નવીનીકરણ માટે છેલ્લા બે માસથી બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે રતનપુરા, દાગજીપુરા ,હમીદપુરા સહિત આસપાસના



ગામનો 700 ખેડૂતો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. નહેરની સામેની બાજુએ આવેલા ખેતરોમાં તમાકુ ,ઘંઉ સહિતના પાક તૈયાર થવા આવ્યો છે. પરંતુ તેને ઘરે લાવવા માટે ટ્રેકટર કે અન્ય વાહન લઈને સામેની બાજુએ જવું હોય તો લીંગડા કે ઓડ થઈને જવું પડે છે. જેના કારણે 14 કિમીનો ફેરો ફરવાનો વખત આવે છે. જેથી નાણાં અને સમયનો વેડફાટ થાય છે. તેમજ રતનપુરા કોઇ બિમાર પડે તાત્કાલિક સારવારની જરૂર હોય તો 108ને ફોન મારે તો તે ફરીને આવતી હોવાથી દર્દીનો જીવ જોખમમાં મુકાય છે.

# ખેડાના ચાંદણાથી ખોડીયારપુરા જવાનો સરકારી માર્ગ દાદાગીરી કરી બંધ કરાતાં ગ્રામજનોમાં રોષ

**ખેડા, તા.12**

ખેડા તાલુકાના ચાંદણા ગામેથી તાબે ખોડિયારપુરા વિસ્તારમાં જવાનો જાહેર સરકારી માર્ગ ગામના રહીશ દ્વારા પોતાની મનમાની અને ગુંડા ગરદી કરીને બંધ કરી દેવામાં આવતા ખોડિયાર પુરા પર વિસ્તારના 300 જેટલા રહીશો અને ગામના જાગૃત નાગરિક નારણભાઈ રાજાભાઈ રબારી દ્વારા મુખ્યમંત્રી અને ખેડા જિલ્લા કલેકટર, ડીડીઓ , ખેડા પ્રાંત અધિકારી ખેડા મામલતદાર અને ખેડા પોલીસને લેખિતમાં જાણ કરીને માર્ગ ખુલ્લો કરવાની રજૂઆત કરવામાં આવી છે.

ખેડા તાલુકાના ચાંદણા ગામેથી તાબે ખોડિયારપુરા પર વિસ્તારમાં 200થી 300 લોકો છેલ્લા ઘણા વર્ષોથી પરિવાર સાથે ખેત મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. સાથે પરા વિસ્તારમાં 40થી વધુ ઘરો આવેલા છે.

ચાંદણા ગામેથી તાબે ખોડિયારપુરા પર વિસ્તારમાં જવા માટે નદી કિનારે સરકારી ભેડાનો રસ્તો આવેલો છે વર્ષોથી લોકો આ રસ્તા ઉપર થી અવર જવર કરી રહ્યા છે બાળકો પણ ભણવા માટે આ રસ્તા ઉપરથી પસાર થતા હોય છે. છેલ્લા કેટલા સમયથી આ રસ્તો વારંવાર ગામના રહીશ દાનસંગ સુરસંગ નામના પોતાની મનમાની અને ધાકધમકી જમાવીને માર્ગ ઉપર કાંટાના ઝઈડા નાખીને સદર રસ્તો સદંતર બંધ કરી દેવામાં આવે છે. તેવા ગામના રહીશોએ અરજીમાં આક્ષેપો કરવામાં આવ્યા છે. ખોડીયાર પુરાના સ્થાનિક રહીશોએ અરજીમાં જણાવ્યું હતું કે રસ્તો બંધ કરી દેવામાં આવતા ખોડિયારપુરા વિસ્તારના રહીશોને



ભારે મુશ્કેલી ઊભી થઈ છે. રસ્તો બંધ કરી દેવામાં આવતા છેલ્લા ઘણા દિવસોથી બાળકો ચાંદણા ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા પણ જઈ શકતા નથી સાથે સ્થાનિક રહીશોને દૂધ શાક લેવા કે અન્ય કરિયાણું લેવા માટે પણ ગામમાં વારંવાર જવું પડતું હોય છે.

તે લોકો પણ રસ્તો બંધ કરી દેવામાં આવતા તેમને ભારે મુશ્કેલી ઉભી થઈ છે. બીમાર માણસોને દવાખાને લઈ જવામાં પણ ભારે મુશ્કેલ ઊભી થાય છે.

રસ્તો બંધ કરનાર દાનસંગ સુરસંગ નામના વ્યક્તિને રસ્તો ખુલ્લો કરવા બાબતે વાત કરતા તેવો લોકો ઉપર ઉશ્કેરાઈ જઈને બહારથી ગુંડા જેવા માણસો બોલાવીને રાત્રે મધ રાત્રે અમોને હેરાન કરવામાં આવી રહ્યા છે.

બાલવાટિકાથી ધોરણ 8 સુધી ખોડીયારપૂરાથી 45 બાળકો ચાંદણા ગામે અભ્યાસ કરવા આવે છે. છેલ્લા કેટલાક દિવસોથી શાળામાં બાળકો આવી રહ્યા નથી વાલીનો સંપર્ક કરવા જાણવા મળ્યું કે ખોડીયારપૂરાથી ભેડા પરથી આવવાના રસ્તા બાબતે કોઈ સમસ્યા થયેલ હોય રસ્તો બંધ કરવામાં આવેલ છે.

તો વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાને લઈને રસ્તાની સમસ્યાનો કાયમી નિકાલ લાવવા માટે ચાંદણા ગામના સરપંચને ચાંદણા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક દ્વારા લેખિતમાં 9 જાન્યુઆરીના રોજ જાણ કરવામાં આવી છે.

ચાંદણાથી ખોડીયારપૂરા જવાનો મુખ્ય માર્ગ ઉપર ગામના દાનસંગભાઈએ કાંટાના ઝઈડા નાખીને સદર રસ્તો બંધ કરી દેવામાં આવતા અમે જિલ્લા કલેકટરમાં લેખિતમાં ફરિયાદ આપી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકાએ કહ્યું, ભારતથી વધુ કોઈ દેશ મહત્ત્વનો નહીં: બંને દેશ ટ્રેડ ડીલ વિશે વાત કરશે, ટ્રમ્પના ભારત આવવાનાં પણ અમેરિકન રાજદૂતે એંધાણ આપ્યાં

**નવી દિલ્હી, તા.12**

ભારતમાં અમેરિકાના નવા રાજદૂત સર્જિયો ગોરે સોમવારે પદભાર સંભાળી લીધો છે. પોતાના પહેલા સંબોધનની શરૂઆત ગોરે 'નમસ્તે' સાથે કરી અને કહ્યું હતું કે ભારતમાં અમેરિકાના રાજદૂત તરીકે અહીં હોવું તેમના માટે ગર્વની વાત છે.

ગોરે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી વચ્ચેની મિત્રતાને સાચી ગણાવી. તેમણે કહ્યું હતું કે સાચા મિત્રો અસહમત થઈ શકે છે, પરંતુ અંતે હંમેશાં પોતાના મતભેદોને ઉકેલી લે છે.

તેમણે કહ્યું હતું કે તેઓ ભારત પ્રત્યે સન્માન સાથે આવ્યા છે અને ભારત-અમેરિકા ભાગીદારીને આગળ વધારવી તેમનું મિશન છે. ગોરે કહ્યું,

તેમણે એવી પણ આશા વ્યક્ત કરી કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી એક કે બે વર્ષમાં ભારતની મુલાકાતે આવશે. વધુમાં, સર્જિયો ગોરે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચેના સંબંધો અને ભારત-અમેરિકા સંબંધો અંગે અનેક મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યાં.

ગોરે કહ્યું હતું કે ભારત-અમેરિકા વચ્ચે ચાલી રહેલી ટ્રેડ ડીલ પર વાતચીત સક્રિયપણે ચાલુ છે. આ સંબંધમાં આગળનો કોલ આવતીકાલે થવાનો છે. ગોર મુજબ, બંને દેશો આ કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે પ્રતિબદ્ધ છે.

અમેરિકાના રાજદૂતે કહ્યું હતં કે ઘણા લોકો તેમને ટ્રેડ ડીલ પર અપડેટ પૂછી રહ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે બંને પક્ષો સતત સંપર્કમાં છે અને વાતચીત આગળ ચાલી રહી છે. ભારત દુનિયાનો સૌથી મોટો દેશ છે, તેથી આ પ્રક્રિયા સરળ નથી, પરંતુ બંને દેશો એને પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ છે.

સર્જિયો ગોરે કહ્યું હતું કે વેપાર ભારત-અમેરિકા સંબંધોનો મહત્ત્વનો ભાગ છે, પરંતુ સહયોગ ફક્ત વેપાર પૂરતો મર્યાદિત નથી. બંને દેશો સુરક્ષા, કાઉન્ટર-ટેરરિઝમ, ઊર્જા, ટેક્નોલોજી, શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં પણ સાથે મળીને કામ કરી રહ્યા છે.

જાન્યુઆરી 2025માં રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે ઓગસ્ટમાં ગોરને ભારતના રાજદૂત તરીકે પસંદ કર્યા હતા. એવું માનવામાં આવે છે કે ગોર ભારતમાં અમેરિકા ફર્સ્ટ એજન્ડાને આગળ વધારવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે.

ગોરે રાષ્ટ્રપતિ ચૂંટણી દરમિયાન ટ્રમ્પ માટે ભંડોળ એકત્ર કરવામાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. તેઓ ટ્રમ્પના ખાસ માનવામાં આવે છે અને તેમની 'અમેરિકા ફર્સ્ટ' નીતિના કટ્ટર સમર્થક છે.

ગોર વ્હાઈટ હાઉસમાં નિમણૂકોની તપાસ-પડતાળમાં પણ સામેલ રહ્યા છે. તેમને ટ્રમ્પની ટીમમાં પડદા પાછળની સૌથી શક્તિશાળી વ્યક્તિઓમાંના એક માનવામાં આવે છે.

ગોર ટ્રમ્પના પુત્ર ટ્રમ્પ જુનિયરના મિત્ર છે. બંનેએ મળીને 'વિનિંગ ટીમ પબ્લિશિંગ' નામની કંપની શરૂ કરી હતી, જે ટ્રમ્પનાં પુસ્તકો પ્રકાશિત કરે છે. આ કંપનીનાં પુસ્તકો મોંઘાં માનવામાં આવે છે. સૌથી સસ્તા પુસ્તકની કિંમત પણ લગભગ 6500 રૂપિયા



છે.

આ જ કંપની દ્વારા ટ્રમ્પે અત્યારસુધીમાં ત્રણ પુસ્તકો છપાવ્યા છે, જેમાં એક પુસ્તકમાં તેમની તે પ્રખ્યાત તસવીર છે જ્યારે પેન્સિલવેનિયામાં રેલી દરમિયાન તેમના પર જીવલેણ હુમલો થયો હતો અને લોહીલુહાણ હાલતમાં તેમણે મુઠ્ઠી વાળીને તાકાત બતાવતો પોઝ આપ્યો હતો.

બીજીવાર રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે ગોરને પ્રેસિડેન્શિયલ પર્સનલ ઓફિસના ડાયરેક્ટર બનાવ્યા હતા. આ પદ ખૂબ શક્તિશાળી માનવામાં આવે છે, કારણ કે તેના દ્વારા એ નક્કી થાય છે કે સરકારમાં કયા કયા લોકો મહત્ત્વના પદો પર આવશે.

આ વખતે ટ્રમ્પે સૌથી વધુ ધ્યાન પોતાનામાં નિષ્ઠા રાખનારી વ્યક્તિને પસંદ કરવા પર આપ્યું. ખરેખર, પાછલા કાર્યકાળમાં ટ્રમ્પની ટીમમાં ઘણા એવા લોકો આવી ગયા હતા, જે તેમના હિસાબે વફાદાર ન હતા અને પાછળથી આ જ તેમની સૌથી મોટી ભૂલ માનવામાં આવી.

ટ્રમ્પે આ વખતે આ ભૂલ ન કરી. તેમણે પોતાની ટીમ માટે જરૂરી પદોને પસંદ કરવા માટે સર્જિયો ગોરને પસંદ કર્યા, જે તેમના 'જમણો હાથ' કહેવાય છે.

માર્ચ 2025માં વ્હાઈટ હાઉસની એક કેબિનેટ મીટિંગ દરમિયાન મસ્ક અને ગોર વચ્ચે દલીલ થઈ હતી. મસ્કે કહ્યું હતું કે ગોર જે રીતે લોકોને વ્હાઈટ હાઉસમાં નોકરી પર લાવી રહ્યા છે, તે બરાબર નથી.

આ વાત સાંભળીને ગોર નારાજ થઈ ગયા અને તેમણે ગુસ્સામાં કહ્યું કે તેઓ મસ્ક પાસેથી બદલો લેશે. આ પછી મસ્કે સ્પષ્ટ કહી દીધું કે તેઓ ગોર સાથે વ્હાઈટ હાઉસમાં કામ નહીં કરે.

ત્યારબાદ 30 મેના રોજ મસ્કે પોતાના બનાવેલા ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)માંથી રાજીનામું આપી દીધું. તેના બે દિવસ પછી ગોર સીધા ટ્રમ્પ પાસે ગયા અને તેમને જણાવ્યું કે મસ્કના નજીકના કારોબારી જેરેડ ઈસાકમેને ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓ અને સંગઠનોને પૈસા આપ્યા છે.

ગોરે ટ્રમ્પને કહ્યું કે ઈસાકમેન ભરોસાપાત્ર નથી, તેથી તેમને NASAના પ્રમુખ બનાવવા જોઈએ નહીં. ગોરની વાત સાંભળીને ટ્રમ્પે તે જ દિવસે મસ્ક સાથે આ મુદ્દે વાત કરી અને બીજા જ દિવસે ઈસાકમેનનું નામ પાછું ખેંચી લીધું.

મસ્કની નારાજગી વધુ વધી ગઈ. તેમને લાગ્યું કે ગોરે તેમની વિરુદ્ધ રમત રમી છે અને ટ્રમ્પે પણ તેમના અભિપ્રાયને અવગણ્યો છે. ત્યારબાદ મસ્કે X પર લખ્યું કે તેઓ એક સાપ છે.

સર્જિયો ગોર પહેલીવાર અમેરિકી રાજનીતિ અને મીડિયામાં 2024ની અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણી અભિયાન દરમિયાન ચર્ચામાં આવ્યા હતા. ટ્રમ્પે તેમને કેમ્પેન એડવાઈઝર બનાવ્યા હતા. બાદમાં તેઓ ટ્રમ્પના પર્સનલ ચીફ બન્યા. ત્યારે ગોરની જવાબદારી હતી કે જો ટ્રમ્પ જીતે તો નવા પ્રશાસનમાં કોને-કોને નિયુક્ત કરવામાં આવે. એટલે કે તેમનું કામ હજારો પદો માટે નામ પસંદ કરવાનું અને તે તપાસવાનું હતું કે તેમની ટ્રમ્પ પ્રત્યે કેટલી નિષ્ઠા છે. જેવી ગોરને આ જવાબદારી મળી, અમેરિકી અને યુરોપિયન મીડિયાએ તેમની 'જન્મકુંડળી' ખંગાળવાનું શરૂ કર્યું. ત્યારે જાણવા મળ્યું કે તેમનું અસલી નામ સર્જિયો ગોરોખોવ્સ્કી છે. તેમનો જન્મ 1986માં તાશ્કંદ, ઉઝબેકિસ્તાનમાં થયો હતો, જે ત્યારે સોવિયત સંઘનો ભાગ હતો. આશ્ચર્યની વાત એ હતી કે ગોર હંમેશા દાવો કરતા આવ્યા છે કે તેઓ માલ્ટા (યુરોપિયન દેશ)માં જન્મ્યા છે. જ્યારે આ મામલાએ જોર પકડ્યું ત્યારે માલ્ટા સરકાર પોતે એક્શનમાં આવી અને કહ્યું કે તેમની પાસે ગોરના જન્મનો કોઈ રેકોર્ડ નથી. આ પછી ગોરના જન્મ સાથે જોડાયેલા તાશ્કંદના રેકોર્ડ સામે આવ્યા. ત્યારે ગોરે પહેલીવાર સ્વીકાર્યું કે તેઓ માલ્ટામાં જન્મ્યા ન હતા.

તેમના વકીલ રોબર્ટ ગાર્સને મીડિયાને જણાવ્યું કે સર્જિયો ગોરનો જન્મ તાશ્કંદમાં થયો હતો, પરંતુ તેઓ થોડા સમય પછી માલ્ટા આવી ગયા હતા. તેમનો અભ્યાસ ત્યાંથી જ થયો છે એટલે તેઓ પોતાની ઓળખ માલ્ટાથી જણાવે છે.

# વેનેઝુએલા પર કબજા પછી ટ્રમ્પનો વધુ એક ધડાકો: પોતાને કાર્યકારી રાષ્ટ્રપતિ જાહેર કર્યા, સો.મીડિયા પર પોસ્ટ શેર કરી, જાન્યુઆરીથી પદ સંભાળવાનો ઉલ્લેખ


**વોશિંગ્ટન, તા.12**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાને વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ગણાવ્યા છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ કરી છે. તેમાં ટ્રમ્પની તસવીર સાથે 'એક્ટિંગ પ્રેસિડેન્ટ ઓફ વેનેઝુએલા' લખેલું છે. પોસ્ટમાં જાન્યુઆરી 2026થી પદ સંભાળવાનો ઉલ્લેખ છે.

આ ઉપરાંત, ટ્રમ્પે પોતાને અમેરિકાના 45માં અને 47માં રાષ્ટ્રપતિ તરીકે પણ દર્શાવ્યા છે. આ પોસ્ટને લઈને વ્હાઈટ હાઉસ કે અમેરિકી પ્રશાસન તરફથી કોઈ ઔપચારિક નિવેદન સામે આવ્યું નથી.

આ પહેલા આ મહિને અમેરિકાએ વેનેઝુએલા વિરુદ્ધ મોટા પાયે કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને કસ્ટડીમાં લઈને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વેનેઝુએલાનું પ્રશાસન અમેરિકા જ ચલાવશે. આ ત્યાં સુધી ચાલશે,




જ્યાં સુધી ત્યાં સુરક્ષિત સત્તા પરિવર્તન ન થઈ જાય. ટ્રમ્પનું કહેવું છે કે તેઓ આ જોખમ નથી ઈચ્છતા કે કોઈ એવી વ્યક્તિ સત્તામાં આવે જે વેનેઝુએલાના લોકોના હિતોનું ધ્યાન ન રાખે.

માદુરો સત્તા પરથી હટ્યા પછી વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ અને રોડ્રિગ્ઝને ગયા અઠવાડિયે દેશના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા. ટ્રમ્પના મતે, વચગાળાની સરકાર અમેરિકાને 3 થી 5 કરોડ બેરલ ઉચ્ચ ગુણવત્તાવાળું, પ્રતિબંધિત તેલ સોંપશે, જેને બજાર ભાવે વેચવામાં આવશે.

ટ્રમ્પે કહ્યું કે તેલના વેચાણમાંથી મળતી રકમ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે તેમના નિયંત્રણમાં રહેશે, જેથી તેનો ઉપયોગ વેનેઝુએલા અને અમેરિકાના લોકોના હિતમાં કરી શકાય. તેમણે ઉર્જા સચિવ ક્રિસ રાઈટને આ યોજનાને તાત્કાલિક લાગુ કરવાના નિર્દેશ આપવાની વાત પણ કહી છે.

ટ્રમ્પે એક્સોન મોબીલ, કોનોકોફિલિપ્સ, શેવરોન જેવી મોટી અમેરિકન કંપનીઓના અધિકારીઓ સાથે બેઠક કરી. તેમણે કહ્યું કે અમેરિકા નક્કી કરશે કે કઈ કંપનીઓ વેનેઝુએલામાં જશે અને રોકાણ કરશે.

શેવરોનના વાઈસ ચેરમેન માર્ક નેલ્સને જણાવ્યું કે તેમની કંપની વેનેઝુએલામાં રોકાણ કરવા પ્રતિબદ્ધ છે અને તે હજુ પણ ત્યાં કામ કરી રહી છે. ઘણી નાની કંપનીઓ અને રોકાણકારો પણ બેઠકમાં સામેલ થયા, જેમણે ટ્રમ્પની નીતિઓની પ્રશંસા કરી અને રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

વ્હાઈટ હાઉસ તરફથી આ વાત પર કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી કે પ્રેસ સેક્રેટરી દ્વારા શેર કરાયેલી આ પોસ્ટને સરકારી પુષ્ટિ માનવામાં આવે કે નહીં. જ્યારે, વેનેઝુએલાના ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે 3 જાન્યુઆરીએ થયેલી આ કાર્યવાહીમાં લગભગ 100 સુરક્ષાકર્મીઓના મોત થયા હતા, જોકે, તે સ્પષ્ટ નથી કે તેમાંથી કેટલા મોત આ ગુપ્ત હથિયારથી થયા હતા.

અમેરિકાના એક પૂર્વ ગુપ્ત અધિકારીએ જણાવ્યું કે આ પ્રકારના લક્ષણો ડાયરેક્ટેડ એનર્જી હથિયારો સાથે મેળ ખાય છે. તેમના મતે, આવા હથિયારો માઈક્રોવેવ અથવા લેઝર જેવી ઊર્જાનો ઉપયોગ કરે છે અને તેનાથી દુખાવો, રક્તસ્ત્રાવ અને શરીરને ટૂંકા ગાળાનો લકવો થઈ શકે છે.

ગાર્ડે એમ પણ કહ્યું કે આ કાર્યવાહી પછી સમગ્ર લેટિન અમેરિકામાં ડરનો માહોલ છે, ખાસ કરીને ત્યારે જ્યારે તાજેતરમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હવે મેક્સિકો પણ લિસ્ટમાં છે. ગાર્ડે તેને અમેરિકા સામે લડવાનું વિચારનારાઓ માટે ચેતવણી ગણાવી અને કહ્યું કે આ ઘટનાની અસર માત્ર વેનેઝુએલા પૂરતી મર્યાદિત રહેશે નહીં.

# બાંગ્લાદેશમાં હિન્દુ સિંગરનું સારવાર ન મળવાને કારણે મૃત્યુ: જેલમાં હતા, હોસ્પિટલમાં મોત....

**ઢાકા, તા.12**

બાંગ્લાદેશમાં જેલમાં બંધ એક હિન્દુ સિંગરનું પૂરતી સારવાર ન મળવાને કારણે મૃત્યુ થયું. મૃતકની ઓળખ પ્રોલય ચાકી તરીકે થઈ છે. પરિવારે આરોપ લગાવ્યો છે કે જેલમાં હતા ત્યારે તેમને સમયસર અને પૂરતી સારવાર મળી ન હતી. ચાકીએ રવિવારે રાત્રે (11 જાન્યુઆરી) લગભગ 9 વાગ્યે રાજશાહી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેઓ પાબના જિલ્લા જેલમાં બંધ હતા અને શુક્રવારે તબિયત લથડ્યા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેલ પ્રશાસન મુજબ, શુક્રવારે સવારે પ્રલય ચાકીને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. ત્યારબાદ તેમને પહેલા પાબના જનરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા અને પછી વધુ સારી સારવાર માટે રાજશાહી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા, જ્યાં રવિવારે રાત્રે તેમનું મૃત્યુ થયું. પાબના જિલ્લા જેલના સુપરિન્ટેન્ડેન્ટ મોહમ્મદ ઓમર ફારુકે જણાવ્યું કે પ્રોલય ચાકી પહેલાથી જ ડાયાબિટીસ સહિત અનેક બીમારીઓથી પીડિત હતા. તેમના મતે, તબિયત બગડતા જ સારવારની



પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને કોઈ પણ પ્રકારનો વિલંબ થયો ન હતો. મૃતકના પુત્ર અને મ્યુઝિક ડાયરેક્ટર સાની ચાકીએ જેલ પ્રશાસનના દાવાઓને નકારી કાઢ્યા છે. તેમનું કહેવું છે કે તેમના પિતાને ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, હૃદય રોગ અને આંખોની ગંભીર સમસ્યા હતી, તેમ છતાં જેલમાં યોગ્ય રીતે સારવાર કરવામાં આવી ન હતી. સાની ચાકીનો આરોપ છે કે જ્યારે તેમના પિતાને પાબના જનરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, ત્યારે ત્યાં હૃદય રોગ સંબંધિત સારવારની સુવિધાઓ નહોતી. તેમ છતાં તેમને ત્યાં જ રાખવામાં આવ્યા, પછી પાછા જેલમાં મોકલવામાં આવ્યા અને બાદમાં રાજશાહી લઈ જવામાં આવ્યા, જેના કારણે તેમની હાલત વધુ બગડી ગઈ. પ્રોલય ચાકી બાંગ્લાદેશની અવામી લીગના જિલ્લા સ્તરીય સાંસ્કૃતિક સચિવ હતા. તેમને 16 ડિસેમ્બર 2025ના રોજ તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. જેલ સૂત્રો મુજબ, તેમની ધરપકડનું મુખ્ય કારણ અવામી લીગ સાથે જોડાયેલા હોવાનું હતું. અવામી લીગ પર હાલમાં બાંગ્લાદેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માનવાધિકાર સંગઠન ઐન ઓ સલીશ કેન્દ્ર અનુસાર, વર્ષ 2025માં બાંગ્લાદેશની જેલોમાં કુલ 107 લોકોના મોત થયા, જેમાં 69 અંડરટ્રાયલ કેદીઓ અને 38 સજા પામેલા કેદીઓનો સમાવેશ થતો હતો. 2024 માં કસ્ટડીમાં મૃત્યુની સંખ્યા 65 નોંધાઈ હતી.

# ઈરાને કહ્યું- સેના પર પ્લાનિંગ સાથે હુમલા થઈ રહ્યા છે: આ પ્રદર્શન નથી પણ દેશ વિરુદ્ધ આતંકી યુદ્ધ છે

**તેહરાન, તા.12**

ઈરાનમાં ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ વર્તમાન પરિસ્થિતિને આતંકી યુદ્ધ ગણાવ્યું છે. તેમણે સોમવારે કહ્યું કે ઈરાનમાં અત્યારે જે કંઈ પણ થઈ રહ્યું છે, તે એક આતંકી યુદ્ધ છે. અબ્બાસ અરાઘચીના જણાવ્યા અનુસાર, આ હિંસામાં સામેલ આતંકી તત્વોએ સરકારી ઈમારતો, પોલીસ સ્ટેશનો અને વેપાર-ધંધા સાથે જોડાયેલા સ્થળો પર હુમલા કર્યા છે. આ ઘટનાઓ પૂરા પ્લાનિંગ સાથે કરવામાં આવી છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઈરાની સત્તાવાળાઓ પાસે એવા ઓડિયો રેકોર્ડ છે, જેમાં આતંકીઓને સામાન્ય નાગરિકો અને સુરક્ષા દળો પર ગોળીબાર કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આ પહેલા અરાઘચીએ પ્રદર્શનકારીઓ પર પોલીસકર્મીઓને મારવા અને જીવતા સળગાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આને ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદનું કાવતરું ગણાવતા હુમલાનો વીડિયો પણ શેર કર્યો હતો. ઈરાનની હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ ન્યૂઝ એજન્સી (HRANA)ના જણાવ્યા અનુસાર, આ હિંસામાં અત્યાર સુધીમાં 544 લોકોના મોત થયા છે. જેમાં 8 બાળકો પણ સામેલ છે.



જ્યારે, 10,681 લોકોની અટકાયત કરવામાં આવી છે. અમેરિકામાં ઈરાની સુપ્રીમ લીડર ખામેનેઈ વિરુદ્ધ થઈ રહેલા પ્રદર્શન દરમિયાન એક ટ્રક રેલીમાં ઘૂસી ગઈ હતી. લોકો જીવ બચાવવા માટે આમ-તેમ ભાગવા લાગ્યા હતા. ત્યારબાદ રોષે ભરાયેલા પ્રદર્શનકારીઓએ ટ્રક ડ્રાઈવર પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના રવિવારે બપોરે લોસ એન્જલસમાં બની હતી, જ્યાં સેંકડો લોકો ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોના સમર્થનમાં માર્ચ કરી રહ્યા હતા. આ ઘટનામાં કેટલા લોકો ઘાયલ થયા છે, તે હજુ સ્પષ્ટ થયું નથી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સરકાર પ્રદર્શનોને રોકવા માટે રેડ લાઈન પાર કરી રહી છે. તેમણે કહ્યું કે અમેરિકા 'કડક વિકલ્પો' પર વિચાર કરી રહ્યું છે. પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે ઈરાનમાં પ્રદર્શનકારીઓ સાથે જે થઈ રહ્યું છે, તેના પર અમેરિકાની નજર છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઈરાન રેડ લાઈન પાર કરી ચૂક્યું છે, તો તેમણે કહ્યું, "એવું લાગે છે કે તેઓ તેમ કરવા લાગ્યા છે." ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાને અમેરિકાનો સંપર્ક કરીને વાતચીતનો પ્રસ્તાવ મૂક્યો છે. બેઠક નક્કી કરવા અંગે વાતચીત ચાલી રહી છે. જોકે, પરિસ્થિતિ જોતા તેમણે પહેલા કાર્યવાહી કરવી પડી શકે છે, કારણ કે મૃત્યુઆંક વધી રહ્યો છે અને ધરપકડો ચાલુ છે. ઈરાનમાં ચાલી રહેલાં પ્રદર્શનો વચ્ચે ભારતીય નાગરિકોની ધરપકડના સમાચારોને ઈરાને નકારી કાઢ્યા છે. ભારતમાં ઈરાનના રાજદૂતે સ્પષ્ટ કહ્યું છે કે સોશિયલ મીડિયા પર ચાલી રહેલી આ માહિતી સંપૂર્ણપણે ખોટી છે. રાજદૂત મોહમ્મદ ફથાલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નિવેદન જારી કરીને કહ્યું હતું કે કેટલાંક વિદેશી એકાઉન્ટ્સ દ્વારા ઈરાનની સ્થિતિ અંગે ફેલાવવામાં આવી રહેલા સમાચાર ભ્રામક છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોઈપણ ભારતીય નાગરિકની ધરપકડ થઈ નથી. પ્રદર્શનો વચ્ચે ઈરાને અમેરિકાને ચેતવણી આપી છે કે જો તેના પર હુમલો કરવામાં આવશે તો તે અમેરિકી સૈનિકો અને ઈઝરાયેલને નિશાન બનાવશે. ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગર ગાલીબાફે રવિવારે જણાવ્યું હતું કે જો અમેરિકા હુમલો કરશે તો વિસ્તારમાં હાજર તમામ અમેરિકી મિલિટરી બેઝ, શિપ્સ અને ઈઝરાયલ અમારા નિશાન પર હશે.

# અમેરિકા પર વેનેઝુએલામાં સોનિક હથિયારોનો ઉપયોગ કરવાનો આરોપ: પ્રત્યક્ષદર્શીએ કહ્યું- હુમલા દરમિયાન સૈનિકોને લોહીની ઉલટીઓ થઈ....

**વોશિંગ્ટન, તા.12**

અમેરિકા પર વેનેઝુએલામાં સોનિક હથિયારનો ઉપયોગ કરવાનો આરોપ લાગ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ ઓપરેશન દરમિયાન અમેરિકી સેનાએ એક અત્યંત શક્તિશાળી અને અત્યાર સુધી ન જોયેલા હથિયારનો ઉપયોગ કર્યો, જેનાથી વેનેઝુએલાના સૈનિકો સંપૂર્ણપણે લાચાર થઈ ગયા હતા.

એક વેનેઝુએલાઈ સિક્યોરિટી ગાર્ડે કહ્યું કે ઓપરેશન શરૂ થતા જ તેમની બધી રડાર સિસ્ટમ અચાનક બંધ થઈ ગઈ. તેના થોડા જ સેકન્ડ પછી તેમણે આકાશમાં મોટી સંખ્યામાં ડ્રોન ઉડતા જોયા. ગાર્ડ અનુસાર, તેમને સમજાયું જ નહીં કે આ સ્થિતિમાં શું કરવું.

ગાર્ડે આગળ દાવો કર્યો કે ઓપરેશન દરમિયાન અમેરિકી સેનાએ એક ગુપ્ત ઉપકરણનો ઉપયોગ કર્યો. આ કોઈ ખૂબ જ તીવ્ર અવાજ કે તરંગ (સાઉન્ડ વેબ) જેવું હતું. તેના તરત જ પછી તેને એવું લાગ્યું કે તેનું માથું અંદરથી ફાટી રહ્યું હોય.

ઘણા સૈનિકોના નાકમાંથી લોહી વહેવા લાગ્યું અને કેટલાકને લોહીની ઉલટીઓ થઈ. બધા સૈનિકો જમીન પર પડી ગયા અને કોઈ પણ ઊભા રહેવાની સ્થિતિમાં નહોતું. ગાર્ડે કહ્યું કે તે જાણતો નથી કે આ કોઈ સોનિક હથિયાર હતું કે કંઈક બીજું.

આ કાર્યવાહીના એક પ્રત્યક્ષદર્શીનું નિવેદન શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સામે આવ્યું, જેને વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે શેર કર્યું.

આ ઓપરેશનમાં અમેરિકાએ માત્ર આઠ હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો, જેમાંથી લગભગ વીસ સૈનિકો ઉતર્યા. સંખ્યા ઓછી હોવા છતાં અમેરિકી સૈનિકોએ ખૂબ જ ઝડપથી સમગ્ર વિસ્તાર પર નિયંત્રણ મેળવી લીધું. ગાર્ડે કહ્યું કે અમેરિકી સૈનિકો ટેકનોલોજીના મામલે ખૂબ જ આગળ હતા અને તેઓ એવા લાગી રહ્યા હતા જાણે કે પહેલા ક્યારેય તેમનો સામનો થયો ન હોય.

ગાર્ડે આ અથડામણને લડાઈ નહીં પણ એકતરફી હુમલો ગણાવ્યો. વેનેઝુએલા તરફ સેંકડો સૈનિકો હાજર હતા, પરંતુ તેમ છતાં તેઓ ટકી શક્યા નહીં. અમેરિકી સૈનિકો ખૂબ જ ઝડપી અને સચોટ રીતે ફાયરિંગ કરી રહ્યા હતા, જેના કારણે મુકાબલો અશક્ય બની ગયો.

વ્હાઈટ હાઉસ તરફથી આ



વાત પર કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી કે પ્રેસ સેક્રેટરી દ્વારા શેર કરાયેલી આ પોસ્ટને સરકારી પુષ્ટિ માનવામાં આવે કે નહીં. જ્યારે, વેનેઝુએલાના ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે 3 જાન્યુઆરીએ થયેલી આ કાર્યવાહીમાં લગભગ 100 સુરક્ષાકર્મીઓના મોત થયા હતા, જોકે તે સ્પષ્ટ નથી કે તેમાંથી કેટલા મોત આ ગુપ્ત હથિયારથી થયા હતા. અમેરિકાના એક પૂર્વ ગુપ્ત અધિકારીએ જણાવ્યું કે આવા લક્ષણો ડાયરેક્ટેડ એનર્જી હથિયારો સાથે મેળ ખાય છે. તેમના મતે, આવા હથિયારો માઈક્રોવેવ અથવા લેઝર જેવી ઊર્જાનો ઉપયોગ કરે છે અને તેનાથી દુખાવો, રક્તસ્રાવ અને શરીરને ટૂંકા ગાળા માટે લકવો થઈ શકે છે.

ગાર્ડે એમ પણ કહ્યું કે આ કાર્યવાહી પછી સમગ્ર લેટિન અમેરિકામાં ભયનો માહોલ છે, ખાસ કરીને જ્યારે તાજેતરમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હવે મેક્સિકો પણ યાદીમાં છે. ગાર્ડે તેને અમેરિકા સામે લડવાનું વિચારનારાઓ માટે ચેતવણી ગણાવી અને કહ્યું કે આ ઘટનાની અસર માત્ર વેનેઝુએલા પૂરતી મર્યાદિત રહેશે નહીં.

અમેરિકાનું કહેવું છે કે વેનેઝુએલાની સરકાર આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો બની રહી હતી અને ત્યાંથી અમેરિકા વિરુદ્ધ ષડયંત્રો થઈ રહ્યા હતા. ટ્રમ્પનો આરોપ છે કે વેનેઝુએલા તેમના દેશમાં કોકેઈન અને ફેન્ટેનાઈલ જેવા ખતરનાક ડ્રગ્સની તસ્કરીનો મોટો રસ્તો બની ચૂક્યું છે. તેને ખતમ કરવા માટે માદુરોને સત્તા પરથી હટાવવા જરૂરી છે.

ટ્રમ્પનો આરોપ છે કે માદુરોની નીતિઓના કારણે લાખો વેનેઝુએલાના લોકોને દેશ છોડીને અમેરિકા ભાગવું પડ્યું. તેમણે જેલ અને માનસિક હોસ્પિટલમાંથી ગુનેગારોને અમેરિકા મોકલ્યા.


લશ્કરી ઓપરેશન પછી ટ્રમ્પે જણાવ્યું હતું કે માદુરો રાષ્ટ્રપતિ ભવનમાં હતા, જે કોઈ કિલ્લાની જેમ સુરક્ષિત હતું. ત્યાં એક ખાસ સેફ રૂમ હતો, જેની દિવાલો સંપૂર્ણપણે સ્ટીલની હતી. માદુરો તે રૂમમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ અમેરિકી સૈનિકો એટલી ઝડપથી અંદર પહોંચ્યા કે તેઓ દરવાજો બંધ કરી શક્યા નહીં. જૉઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના પ્રમુખ જનરલ ડેન કેને જણાવ્યું હતું કે આ ઑપરેશનની મહિનાઓ સુધી રિહર્સલ કરવામાં આવી હતી. અમેરિકી સેનાને એ પણ ખબર હતી કે માદુરો શું ખાય છે, ક્યાં રહે છે, તેમના પાલતુ પ્રાણીઓ કયા છે અને તેઓ કેવા કપડાં પહેરે છે. એટલું જ નહીં, માદુરોના ઘર જેવું નકલી ભવન બનાવીને તાલીમ આપવામાં આવી હતી. ઓપરેશન સંપૂર્ણપણે અંધારામાં કરવામાં આવ્યું. કારાકાસ શહેરની લાઈટો બંધ કરી દેવામાં આવી હતી, જેથી અમેરિકી સૈનિકોને ફાયદો મળી શકે. હુમલા દરમિયાન ઓછામાં ઓછા 7 ધડાકા સંભળાયા. આખું ઓપરેશન 30 મિનિટથી પણ ઓછા સમયમાં પૂરું થઈ ગયું.

## તંત્રી લેખ

# ભલભલા શહેરને આંજી દેતું ગુજરાતનું ગામડું

એક ગામ જે સુવિધામાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા જેવાં મોટાં શહેરોને પણ ઝાંખા પાડી દે, જ્યાં હજારો કરોડ રૂપિયા તો બેન્કની ફિક્સ ડિપોઝિટમાં પડ્યા રહે છે છતાં અહીં ન તો કોઇ પોલીસ સ્ટેશન છે ન પોલીસચોકી, એ ગામ જેનું પોતાનું એક ગીત છે, જ્યાં શેરીએ શેરીએ ભવ્ય બંગલા આવેલા છે. તમે અમેરિકા, લંડન, ઓસ્ટ્રેલિયા, યુરોપ ગમે ત્યાં જાઓ, આ ગામની એક વ્યક્તિ તો મળશે જ, કારણ કે ગામના દરેક ઘરમાંથી કોઇ ને કોઇ વિદેશમાં સેટલ છે. આ ગામ એટલે ચરોતરનું પેરિસ તરીકે જાણીતું ધર્મજ. આ ગામના લોકો 12 જાન્યુઆરીને ધર્મજ ડે તરીકે ઊજવે છે. ગામની ચર્ચા ફક્ત ગુજરાતમાં જ નહીં, પણ વિશ્વ ફલક પર થાય છે. દિવ્ય ભાસ્કરની ટીમે ધર્મજની મુલાકાત લઇ તેનો વિદેશ સાથેનો સંબંધ, ત્યાંની રહેણીકરણી અને પારકા પ્રદેશમાં સફળતાના ઝંડા ફરકાવનારા લોકો સાથે વાત કરી હતી. અમને ઘણા એવા લોકો મળ્યા, જે ધર્મજ ડેના કાર્યક્રમમાં ભાગ લેવા માટે અહીં આવ્યા છે. ધર્મજ માત્ર તેની ધનાઢ્યતાના કારણે જ જાણીતું નથી, પણ તેના ઈતિહાસમાં સંતો, શૌર્ય, શહીદો અને શૂરવીરોની ગાથા વણાયેલી છે. ગામની વસતિ તો 10 હજારથી વધુ છે, પરંતુ હાલ માત્ર 1100 જેટલા જ લોકો રહે છે, કારણ કે મોટા ભાગના લોકો વિદેશમાં વસે છે, જેથી વર્ષે એક વખત લોકો અહીં આવી શકે. એકબીજાના મળી શકે, નવી પેઢી પોતાની ભૂમિ, સંસ્કૃતિ ને પોતાના ગામ સાથે જોડાયેલી રહે એ માટે ગામના વડીલોએ સ્વામી વિવેકાનંદના જન્મદિવસે જ ધર્મજ ડે ઊજવવાની શરૂઆત કરી હતી. આજના દિવસે અહીં સાંસ્કૃતિક સહિતના વિવિધ કાર્યક્રમ તો થાય જ છે સાથે જ ધર્મજ રત્ન અને ધર્મજ ગૌરવ જેવા એવોર્ડ પણ અપાય છે. સામાન્ય રીતે તાલુકા મથકોમાં જેટલી બેંકો હોય એટલી તો આ એકલા ધર્મજ ગામમાં જ છે. હાલ અહીં 11 જેટલી નેશનલાઇઝ્ડ અને કો-ઓપરેટિવ બેન્કો છે, જેમાં ગામની પોતાની 'ધર્મજ પીપલ્સ કો-ઓપરેટિવ બેંક' મુખ્ય છે. વિદેશમાં વસતા હજારો ધર્મજના લોકો પોતાની તમામ બચત અને કમાણી વતનની બેંકોમાં ફિક્સ ડિપોઝિટ તરીકે જમા કરાવે છે. આ ડિપોઝિટનો આંકડો હજારો કરોડોમાં છે. અહીં દસ ઘરા નામની મોટી હવેલી આવેલી છે, જે ગિરધર ભવન તરીકે ઓળખાય છે. અહીં કુલ દસ ઘર છે, એક તરફ 6 ઘર, વચ્ચે દરવાજો અને બીજી બાજુ 4 ઘર. જેથી આ ઘરને દસ ઘરા કહેવાય છે. આ મકાનો બન્યાંને 85 વર્ષ થયાં છે, પણ એનું બાંધકામ એટલું સોલિડ છે કે ભૂકંપમાં પણ એક તિરાડ પડી નથી. એના પિલરને બાથ ભીડીને પણ પકડી ના શકાય એટલા મજબૂત છે. એમાં પ્યોર સાગનું લાકડું, માટી અને ચૂનાનો ઉપયોગ થયો છે. ગિરધરભાઇ અને તેમના ભાઇઓને રહેવા માટે આ મકાન બનાવ્યાં હતાં. અત્યારે દસ ઘરા પરિવારની 3 પેઢી વિદેશમાં છે. અહીં કોઈ રહેતું નથી. અમુક ઘર બંધ છે અને કેટલાક ભાડૂઆતને આપ્યા છે. દસ ઘરા ફેમિલી એટલે ડોનેશનવાળું ફેમિલી કહેવાય છે. આ પરિવારે ગંગાબા ત્રિભોવનદાસ બાલમંદિર બનાવેલું છે. 94 વર્ષીય હસમુખભાઈ ચતુરભાઈ પટેલને ગામના લોકો પ્રેમથી ભામાશા કહે છે. 1955માં લગ્ન કરીને તેઓ કેન્યા ગયા હતા, પછી 1968માં લંડન શિફ્ટ થઇ ગયા. ત્યારે મારા બે દીકરા 7 અને 8 વર્ષના હતા. ત્યાંની સરકારે બધા પૈસા આપ્યા હતા, એટલે બંને દીકરાને સારું એજ્યુકેશન મળ્યું. એક દીકરો કેમિસ્ટ બન્યો અને બીજો ડોક્ટર થયો અને હાલ પોતાની પ્રેક્ટિસ શરૂ કરી છે.

# લંકા ભોગવિલાસનું કેન્દ્ર હોવા છતાં, હનુમાનજી માટે શું કામ બાધક બની નહીં! ??




**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. લંકાના દ્વારે લંકાની રક્ષા કરતી લંકીનિ ને તો હનુમાનજી એ એક મુષ્ઠીકાના પ્રહારથી બેવડી વાળી દીધી, અને એ પણ તરત જ દૈવીય શક્તિ ને ઓળખી ગઈ. આમ હનુમાનજી સીતા શોધના અભિયાનમાં શબરી જેવી ધૈર્યવાન શ્રદ્ધા, સ્વયં પ્રભા જેવી સાત્વિક બુદ્ધિ, સંપાત્તિ જેવી દીર્ઘ દ્રષ્ટિ, વિભિષણ જેવી સહાયક શક્તિ, અને મૈનાક, સુરસા, તેમજ લંકીનિ નામની અવરોધતી શક્તિનો મુકાબલો કરી, સીતા શોધનું રામ કાર્ય કરવા લંકામાં પ્રવેશ કર્યો, અને હવે ખુદ લંકા એની માટે એક જટિલ કોયડો બની છે, તો આજે આપણે ચિંતનમાં લંકા વિશે વાત કરીશું.

લંકા એટલે એક નગરી, અને લંકા નગરી એટલે સ્ત્રી શક્તિ વાચક સંજ્ઞા છે, હનુમાનજી માટે આ લંકા નામક શક્તિ દ્વારા પરમ શક્તિ સીતા સુધી કેમ પહોંચવું? હાલાકી હનુમાનજીએ સીતા દર્શન કર્યા નથી. લંકામાં પ્રવેશ મળી જતા હનુમાનજીના ઉત્સાહમાં બે ગણો વધારો થઈ ગયો, તેને એમ થયું કે હવે અભિયાન પુરુ થવાની કગારે છે, હમણાં માતા સીતા મને મળી જશે!! અને તે લગભગ લંકાના પ્રત્યેક મહેલમાં ડોકિયું કરી આવ્યાં હતાં, એટલે કે તપાસ કરી લીધી. પરંતુ તેમને સીતા માતા ક્યાંય દેખાયા નહીં! હાલાકી હનુમાનજી પોતે માતા સીતાને ક્યારે જોયા નહોતા, અને છતાં તેમને થયું કે ના આ તો સીતા નથી જ,અને એના કારણો પણ હતા. કારણકે રાક્ષસો સાથે અહીં સ્ત્રીઓ પણ મદિરા પાન કરી રહી હતી, અને સૌ કોઈ વ્યાભિચાર યુક્ત વર્તન કરી રહ્યા હતાં, એ પરથી હનુમાનજી અનુમાન બાંધે છે કે, આમાંથી કોઈ માતા સીતા હોય નહીં. પ્રભુ શ્રીરામની અર્ધાંગીની છે, તો એના જેટલું તેજ તો માતા સીતામાં હોવું જ જોઈએ, અને તે આ રીતે ક્યાંય રહે નહીં, તેમજ વર્તન પણ કરે નહીં. ઉપરાંત પ્રભુ શ્રીરામ વનમાં વસવાટ કરી રહ્યા છે, તો માતા-સીતા પણ મહેલમાં ન જ હોય! પતિ આજ્ઞા શીરોધરી તેણે 14 વર્ષ વનવાસ પસંદ કર્યો છે, એ સ્ત્રીની પતિવ્રતા શક્તિ પણ પ્રખર હોય, માટે આવું કોઈ સ્ત્રી પાત્ર સીતા હોવાને લાયક નથી. આમ આવડી મોટી લંકાનો ખૂણેખૂણો તપાસી લીધું છતાંએ, સીતાનો ક્યાંય પતો નથી, ત્યારે હનુમાનજી થોડા નિરાશ થયા છે, અસફળ થયા હોય તેવી લાગણી થઈ છે, અને તેને થયું કે આટલો મોટો સમુદ્ર પાર કર્યો, એટલા બધા વિઘ્નો વખતે પણ હિંમતથી અને બુદ્ધિથી દરેકનો મુકાબલો કરી લંકા સુધી પહોંચ્યો. પરંતુ શું મારે સીતાની શોધ કર્યા વગર જ પાછું જવું પડશે? અને આ રીતે તે પ્રભુ શ્રીરામ સાથે જ આંતરિક સંવાદ કરે છે, અને કહે છે કે હે પ્રભુ! હવે તો તમે જ કોઈ માર્ગ બતાવો, અને હનુમાનજી એક મહેલમાંથી બહાર નીકળે છે, ત્યાં તેને ભોગ અને વ્યાભિચારના કેન્દ્ર સમી લંકામાં એક હરિ ભક્તનું મંદિર દ્રશ્યમાન થાય છે.




લંકા એ ભોગવિલાસનું કેન્દ્ર હતી, અને હનુમાનજી તેમાં અટવાયા નહીં, તે બહુ મહત્વની વાત હતી. રામકાર્ય કરનારના માર્ગમાં આવા તો પ્રલભનોના કેટલાય અવરોધો આવે છે, પરંતુ ત્યાં રોકાવાનું હોતું નથી, એમાંથી ભક્તિરૂપી સીતા માતાની શોધ કરી, અને આગળ નીકળી જવાનું હોય છે. જે દરેકથી થતું નથી, અને એટલે જ રામકાર્ય સંપન્ન થતું નથી.

આ ઉપરાંત બીજી એક વાત હનુમાનજી એ કે સમુદ્રને તરીને પાર કેમ ન્હોતો કર્યો, એને લાંઘવાનું શું કામ પસંદ કર્યું. સમુદ્રને ભાવસાગર તરીકે જોઈએ તો, સંસાર સાગરમાં ડુબકી મારીએ પછી, બહાર નીકળી શકાતું નથી, અને એના દલદલમાં વધુને વધુ ફસાતાં જઈએ છીએ. જ્યારે રામ કાર્ય કરવાનો સંકલ્પ કરીએ, ત્યારે આપણે આ ભવ સાગરને નજર અંદાજ કરવો પડે છે. એટલે કે તેની ઉપરથી છલાંગ લગાવી પડે છે, પોતીકા રોંદણા કે પોતીકા સુખને માણવા માટેનો એ સમય નથી, એમ નક્કી કરી અને રામ કાર્ય માટે આગળ ધપવુ, એને લાંઘવું કહેવામાં આવે છે. હનુમાનજી સાગર પાર કરી શક્યાં, એનો મતલબ એ કે તેને સંસારની કોઈ આંટીઘૂંટીમાં ફસાયા નથી, અને સંસારને યાદ પણ કર્યો નથી. તેમજ માર્ગમાં આવતા વિઘ્નોને, ક્યારેક શક્તિથી તો ક્યારેક બુદ્ધિથી માત આપી છે, કોઈ સાથે વધુ સંઘર્ષ કે વધુ વિવાદમાં ઉતર્યા નથી.

આજનો યુગ તો મેનેજમેન્ટનો યુગ છે, અને કોઈપણ કાર્યની સફળતા માટે દરેક વસ્તુનું મેનેજમેન્ટ બરાબર હોય, એ બહુ જરૂરી છે, અને એની માટે કેટલાય પ્રેઝન્ટેશન બનાવવામાં આવે છે. પરંતુ હનુમાનજી પાસે એટલો સમય નહોતો, છતાં પણ તેને મેનેજમેન્ટના ગુરુ કહેવા પડે, એટલું સૂક્ષ્મ દર્શન કરી બધી વાતોનું તેણે સુંદર નિરુપણ કરી આ કાર્ય પાર પાડ્યું હતું. આપણે બધા જ રામરાજ્ય ઈચ્છીએ છીએ, પ્રભુ શ્રીરામના સેવક કહેવડાવવાને પણ તૈયાર છીએ, પરંતુ હનુમાનજી જેવું દાસત્વ સ્વીકારવાની આપણી તૈયારી હોય તો જ આપણે રામકાર્ય કરી શકીશું. એની માટે આપણે ઘણું ત્યાગવું પડે, અને સૌથી વધુ તો પદ પ્રતિષ્ઠાનો ત્યાગ કરી, અને શરણાગતિ સ્વીકારવી પડે, ત્યારે જ આપણે કંઈક પરિણામદાયક કાર્ય કરી શકીએ. પરંતુ આજના સમયના માનવીની દ્વિધા એ છે કે તે જે નથી કરતો એના તે ગાણા ગાય છે, અને જે કરે છે તે સંતાડતો ફરે છે. વસ્તુ પદાર્થ અને વ્યક્તિ એને એટલાં બધા વ્હાલા થઈ ગયાં છે, કે મારી સંસ્કૃતિ! મારો દેશ! મારા ઈષ્ટ ! મારા સદગુરુ ભગવાન! એની લાગણી હવે એટલી તીવ્ર રહી નથી, અને એને કારણે શરણાગતિનો ભાવ પણ એટલો તીવ્ર રહેતો નથી. જેને પરિણામે જ્ઞાન માત્ર જાણકારી બનીને રહી જાય છે, તેને અનુભવનું લેબલ લાગી શકતું નથી, અને એને કારણે સહજ બની શકતો નથી. ક્વોલેટી ન હોય એવી વસ્તુઓ કે જેનાં દામ કોડીના પણ ન્હોય એને હજારોમાં વહેંચીને આપણી બુદ્ધિની સફળતા પર ખુશ થતાં હોઈએ છીએ. પરંતુ, જે ખરેખર મૂલ્યવાન છે, અને એ આપણી સંસ્કૃતિ છે, છતાં એના પ્રચાર માટે આપણે કાચા પડીએ છીએ, જે હકીકત છે, અને એને કારણે આજે સમાજમાં આપણે મૂળ પૂર્વની સંસ્કૃતિ ઉજાગર કરતા ભારતીય છીએ, એવું કહેવડાવવાનું પણ ઘણા સાહસ કરતા નથી, એને લાગે છે કે આ લેબલ લાગવાથી તેને આગળ પર કોઈ દંડ મળી શકે, કે પછી સજા થઈ શકે,અને એથી જ આપણે સગવડિયો ધર્મ બજાવતા થઈ ગયા છીએ, સ્વાર્થને સાધતા થઈ ગયા છીએ. હકીકતમાં ધર્મ તો પરમાર્થ શીખવે! સહન કરતા શીખવે! શિકાયત કરતા શીખવે તેને ધર્મ કેમ કહેવો? આ આષાઢની ગુપ્ત નવરાત્રિ દરમિયાન પ્રભુ શ્રી રામની સીતા શોધ, એટલે પરાંબા આદ્યશક્તિની શોધ માટે સહાયક અને અવરોધક શક્તિ સાથે હનુમાનજી કંઈ રીતે મુકાબલો કરીને માતા સીતા સુધી પહોંચે છે,એ વિશે જોઈ રહ્યા છીએ. તો લંકાના પડાવ પર હનુમાનજી ક્ષણિક નિરાશ થઈ ગયા હતાં,પણ પછી પ્રભુ શ્રી રામ સાથે આંતરીક સંવાદ કરી ઉત્સાહ પ્રાપ્ત કર્યો, એટલે શીખ લેવાની કે જીવનમાં વિપરીત પરિણામ આવે ત્યારે હિંમત હાર્યા વગર જીવનને પોઝિટિવ એટલે કે હકારાત્મક અભિગમથી જીવવું, જેના કારણે આગળની દિશાના માર્ગ ખુલતા હોય છે, અજવાળા પથરાતા હોય છે, અને આપણી શ્રદ્ધા આપણને આપણા નિશ્ચિત મુકામ સુધી પહોંચાડી દે છે, જેમ હનુમાનજી પણ અશોક વાટિકામાં સીતા માતા સુધી પહોંચી શક્યા. આપણે સૌ પણ આપણા જીવનનાં ધ્યેય એટલે કે રામરાજ્ય સુધી પહોંચી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

## અમદાવાદ મંડળની અપીલ: ઉત્તરાયણ પર્વ સુરક્ષિત રીતે ઉજવો, હાઇ-વોલ્ટેજ ઓવરહેડ તારોથી દૂર રહો




**અમદાવાદ, તા. 12**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના તમામ રેલખંડોમાં રેલવે લાઈન ઉપર 25,000 વોલ્ટ (25 કિલોવોલ્ટ)ના ઓવરહેડ ઈલેક્ટ્રિક (OHE) હાઈ-વોલ્ટેજ તાર સ્થાપિત છે. ઘણીવાર જોવા મળે છે કે પતંગ ઉડાવતી વખતે દોરી આ તારાઓમાં ફસાઈ જાય છે. કેટલીક દોરીમાં ધાતુના અંશ અથવા ભેજ હોવાના કારણે તેમાં વિદ્યુત પ્રવાહ વહેવા લાગે છે, જેના કારણે કરંટ નીચે સુધી પહોંચી શકે છે. આવી સ્થિતિ પતંગ ઉડાવનાર વ્યક્તિઓ, રેલવે ટ્રેકની નજીકથી પસાર થનારા નાગરિકો તથા ટ્રેક પર કાર્યરત રેલવે કર્મચારીઓ માટે પણ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે.

અમદાવાદ મંડળ દ્વારા જનસામાન્ય માટે સુરક્ષા જાગૃતિ અભિયાન

અમદાવાદ મંડળ દ્વારા જનસામાન્ય માટે સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેના અંતર્ગત રેલવે પાટા આસપાસ રહેતા નાગરિકોને કાઉન્સેલિંગ દ્વારા જરૂરી સાવચેતીઓ અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

અમદાવાદ મંડળ દ્વારા જાહેર કરાયેલ મુખ્ય સૂચનાઓ અને અપીલ:

1. પાટાથી દૂર રહો: સુરક્ષા અને કાયદાની દૃષ્ટિએ રેલવે ટ્રેકની આસપાસ પતંગ ન ઉડાવો.
2. હાઈ-વોલ્ટેજ તારને સ્પર્શ ન કરો: જો પતંગ અથવા દોરી ઓવરહેડ તારામાં ફસાઈ જાય તો તેને કાઢવા માટે કોઈપણ પ્રકારની છડી, લાકડી કે સાધનનો ઉપયોગ ન કરો.
3. બાળકોની સુરક્ષા પર ખાસ ધ્યાન આપો: માતાપિતાએ ખાતરી કરવી જોઈએ કે બાળકો પતંગ પકડવાના લાલચમાં રેલવે ટ્રેક તરફ ન જાય.
4. રેલવે કર્મચારીઓની સુરક્ષા: ઓવરહેડ તારામાં ફસાયેલી દોરી ટ્રેક પર કાર્યરત રેલવે કર્મચારીઓ માટે પણ ગંભીર જોખમ ઉભું કરે છે.

રેલ પ્રશાસન તમામ નાગરિકોને અપીલ કરે છે કે તેઓ પોતે સાવચેત રહે અને અન્યને પણ જાગૃત કરે, જેથી ઉત્તરાયણ પર્વ સુરક્ષિત અને આનંદમય રીતે ઉજવી શકાય. તમારી સાવચેતી માત્ર તમારી જ સુરક્ષા નહીં, પરંતુ અન્યના જીવનની પણ રક્ષા કરે છે.

# બીજા બધા દાન કરતા, સમય દાન ઉત્તમ છે, કેમ કે અત્યારે બધા પાસે ઘણું બધું છે, પણ કોઇ પાસે સમય નથી.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સમગ્ર ગુજરાત સોમનાથ ઉત્સવમાં તરબતર થઈ ગયું છે પતંગોત્સવની ઉજવણી ગઈકાલે દેશ પરદેશના પતંગ રસિયાઓ વચ્ચે વિશ્વ સમ્રાટે તો કરી નાખી હવે કમુર્તા પુરા આવતી કાલે મકરસંક્રાંતિ ઉત્તરાયણ પર્વની ઉજવણી સાથે થશે લગ્નોત્સવ સાથે સારા કામ કરી શકાશે.તો આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો તમે તમારા અધિકારોથી વાકેફ છો તે સારું છે,પરંતુ તમારે તમારા ફરજો પ્રત્યે પણ જાગૃત રહેવું જોઈએ. જો તમે પુત્ર છો,તો તમારે તમારા માતાપિતા પ્રત્યેની તમારી ફરજો થી વાકેફ હોવું જોઈએ;જો તમે પિતા છો,તો તમારે તમારાબાળકો પ્રત્યેની તમારી ફરજોથી વાકેફ હોવું જોઈએ;જો તમે પતિ છો, તો તમારે તમારી પત્ની પ્રત્યેની તમારી ફરજોથી વાકેફ હોવું જોઈએ;જો તમે ભાઈ છો,તો તમારે તમારા ભાઈ-બહેનોથી વાકેફ હોવું જોઈએ;જો તમે પત્ની છો,તો તમારે તમારા પતિ થી વાકેફ હોવું જોઈએ; અને જો તમે પુત્રવધૂ છો,તો તમારે તમારા સાસરિયાઓ પ્રત્યેની તમારી ફરજોથી વાકેફ હોવું જોઈએ; તમારા અધિકારોથી પણ વધુ. સ્વર્ગ ચોક્કસપણે એવા ઘરમાં ઉતરે છે જ્યાં લોકો તેમની ફરજો થી વાકેફ હોય છે.દરેક વ્યક્તિએ દરેક પરિસ્થિતિમાં તેમની ફરજો થી વાકેફ હોવું જોઈએ,પછીભલે તેમનો હોદ્દોકે સ્થિતિ ગમે તે હોય જે દિવસે તમે તમારા અધિકારો પહેલાં તમારી ફરજોથી વાકેફ થશો,તે દિવસે તમે સુખી અને આનંદી જીવન જીવશો.

પૂર્વાર્ધમાં જે રાવણને મારે તેનો ઉત્તરકાંડ સુંદર બને.જીવન યૌવન કાળમાં જે કામને મારે તેની વૃદ્ધા વસ્થા સુંદર બને છે.વૃદ્ધાવસ્થામાં તે રાજ કરે છે.જીવનના પૂર્વકાંડ માં એટલે યૌવન માં જો તમે કામને મારવાનો પ્રયત્ન કરો તો તમારો ઉત્તરાર્ધ-ઉત્તરકાંડ સુધરશે એટલે જીવન સુધારવાનો પ્રયત્ન યૌવનાવસ્થામાં જ કરવોજોઇએ

આ સાત કાંડોને સોપાન કહે છે. માનવજીવનની ઉન્નતિમાં આ સાત સોપાન એટલે કે પગથિયાં છે. આ સાત કાંડની કથા કહી અને તેનું રહસ્ય કહ્યું. રામકથા તો અમૃત કથા છે,સાગર જેવી વિશાળ છે.

શિવજી જેમ હૃદયમાં એક રામનું નામ રાખશો તો ઘણું છે. હનુમાન જી કહે છે કે,મને તો પ્રભુ, સંસાર માં એક જ વિપત્તિ લાગે છે. તમારા નામનું સ્મરણ,ભજન ન થાય તે.તે સિવાય જગતમાં કોઈ વિપત્તિ જ નથી. વ્યાસ ભગવાન કહે છે કે, વિષ્ણુ નું વિસ્મરણ એ જ વિપત્તિ છે. આ માનવશરીર મળ્યું છે તે વિષયભોગ માટે નહીં.વિષયનું સુખ સ્વલ્પ સ્વર્ગ જેવું છે પણ અંતે દુ:ખ અને દુ:ખમય છે. માનવશરીર પામ્યા છતાં જે વિષયો પાછળ જ લાગી રહે છે, તે મનુષ્યઅમૃત દઈને તેના બદલા માં વિષ લઈ રહ્યો છે.પ્રભુ આપણને ચેતવે છે કે, તમે સોદો કરવામાં પાકા છો કે કાચા તે તપાસી જુઓ!પૈસો રળી ખાવા માં ચતુરાઈ દેખાડો છો તેવી ચતુરાઈ જીવનનું સાફલ્ય રળવા માં દેખાડો તો ખરા.

ભોગો ભોગવવાથી કદી શાંતિ મળતી નથી. એને માટે યયાતિ રાજાનું દ્દષ્ટાંત:વૃષપર્વા રાજાની પુત્રી શર્મિષ્ઠા અને શુક્રાચાર્યની પુત્રી દેવયાની બંને સખીઓ હતી. એક વખત તેઓ બીજી સખીઓ સાથે સ્નાન કરવા ગયેલી. સ્નાન બાદ શર્મિષ્ઠાએ ગુરુપુત્રી દેવયાનીનું



વસ્ત્ર ભૂલથી પહેરી લીધું. દેવયાનીથી એ સહન થયું નહીં. સખીપણું ભૂલી એણે કઠોર વેણ કહ્યાં,એટલે ક્રોધમાં ઉશ્કેરાઈ શર્મિષ્ઠાએ દેવયાનીને તેનું વસ્ત્ર પડાવી લઈ કૂવામાં ધકેલી લીધી. પછી બધી સખીઓ ચાલી ગઈ. રાજા યયાતિ મૃગયા રમવા નીકળેલો. તેણે દેવયાનીને તેનો હાથ પકડી કૂવામાંથી બહાર કાઢી. દેવયાનીએ તેનું પાણિગ્રહણ કરવા માટે રાજાને કહ્યું. શુક્રાચાર્ય પુત્રીની કથની સાંભળી વૃષપર્વાની ઉપર ક્રોધે ભરાયા. વૃષપર્વા તેને પ્રસન્ન કરવા ગયો ત્યારે દેવયાની એ માગ્યું કે,હું જ્યાં પરણું ત્યાં શર્મિષ્ઠાને મારી દાસી તરીકે મોકલવી.રાજાએ આ વાત કબૂલ કરી.તેથી શર્મિષ્ઠા દાસી તરીકે યયાતિ રાજાને ઘરે ગઈ.

શુક્રાચાર્યે યયાતિને કહેલું કે, શર્મિષ્ઠાને કેવળ દાસી જ ગણવી તેને પત્ની બનાવવી નહીં.પણ થથાતિએ તે વચન પાળ્યું નહીં એટલે શુક્રાચાર્યે તેને વૃદ્ધ બનાવી દીધો.યયાતિ બહુ કરગર્યો ત્યારે શુક્રાચાર્યે કહ્યું કે કોઈ તારી. વૃદ્ધાવસ્થા લઈ તેની યુવાની તને આપશેતો તારીવૃદ્ધાવસ્થા દૂરથશે

યયાતિએ પોતાના પુત્ર પુરુની યુવાની લઈને હજારો વર્ષ સુધી વિષયસુખ ભોગવ્યું છતાં તૃપ્તિ ન થઈ. અંતે વૈરાગ્ય થયો અને તેણે જગતને બોધ આપ્યો કે, મારા દાખલા પરથી કાંઈ સમજો! વિષયો ભોગવવાથી કામવાસના કદાપિ શાંત થતી નથી,પરંતુ અગ્નિમાં ઘી હોમવાથી જેમ તેની જ્વાળાઓ ઊંચે ચડે છે,તેમ ભોગ ભોગવવાથી વાસના વધારે ને વધારે બળવાન બને છે.ભર્તૃ હરિ મહારાજે પણ એવું જ કહ્યું છે.તેઓ કહે છેકે,આપણે ભોગો ને ભોગવતા નથી,પણ ભોગો આપણને ભોગવે છે.તૃષ્ણા જીર્ણ થતી નથી એટલે કે વૃદ્ધ થતીનથી આપણે જીર્ણ થઈએ છીએ.

કામ તો મનુષ્યનો મોટામાં મોટો દુશ્મન છે.એ ખા-ખા કરે તોયે કદી તૃપ્ત થતો નથી.છતાં એ શત્રુ માનવાને બદલે જે મિત્ર માને છે અને એની સરભરા કરે છે તે પાછળથી મહાદુ:ખમાં આવી પડે છે, માટે કામ-ક્રોધને કદી આશારો ન આપો.જો જરી આંગળી આપશો તો આખો પોંચો કરડી ખાધા વિનાએ નહીં રહે.અરે, તમને જ આખા કરડી ખાશે અને ઊકરડે ફેંકાવી દેશે. ભગવાનનું શરણું લીધા વિના એની પકડમાં થી નહીં છુટાય.

પ્રહલાદ અને અંબરીષ જેવા ભક્તોને યાદ કરો અને તેમના માર્ગે ચાલો.રતિદેવ રાજાનું ચરિત્ર પણ યાદ કરવા જેવું છે.એનો એવો નિયમ હતો કે,ભલે હું દુ:ખી થાઉં પણ બીજાને સુખી કરું! પોતાનો જીવ બચાવવા પણ એ પ્રયત્ન કરતો નથીઅને પોતાના ભાગનું અન્નજળ બીજાને આપી દે છે. રતિદેવની પ્રાર્થના મોઢે કરવા જેવી છે. એ કહે છે કે,મારે સિદ્ધિ ઓ નથી જોઈતી.પરાગતિ નથી જોઈતી,મોક્ષ પણ નથી જોઈતો. ફરી ફરી જન્મવું પડે તો તેની મને ચિંતા નથી.હું માત્ર એટલું જ ઈચ્છું કે,સર્વ પ્રાણીઓના હૃદયમાં હું વસું અને પ્રાણી માત્રનાં બધાં દુ:ખો હું જ ભોગવું, જેથી બીજા કોઈને દુ:ખ ભોગવવું ન પડે. કેવી ઉદાત્ત ભાવના છે. ભક્ત હૃદયની આ પ્રાર્થના છે. ભક્ત હૃદય કેવું વિશાળ હોય છે અને ભક્ત હૃદય વિશાળતામાં આખી સૃષ્ટિ- એકલી મનુષ્ય સૃષ્ટિ નહીં,પણ પશુપંખી વગેરે નાના- મોટા તમામ જીવોની સૃષ્ટિ ભક્ત ના હૃદયમાં સમાઈ જાય છે,એટલે ભક્તનું હૃદય પોતાના દુ:ખેદુ:ખી થતું નથી પણ સૃષ્ટિના બીજા જીવોના દુ:ખે દુ:ખી થાય છે. ભક્ત હૃદયની આ આરઝૂ એ પ્રભુ હૃદયની આરઝૂ છે.ભક્ત પ્રભુના હૃદયની સાથે એકરૂપ છે અને પ્રભુ પ્રાણીમાત્ર માં,જડચેતન તમામમાં વ્યાપ્ત છે. એટલે ભક્ત પ્રભુની સાથે એકા કાર બની પ્રાણીમાત્રની સાથે, જડચેતનની સાથે એકાત્મા અનુભવે છે પ્રહલાદ અને અંબરીષ જેવા ભક્તોને યાદ કરો અને તેમના માર્ગે ચાલો. રતિદેવ રાજાનું ચરિત્ર પણ યાદ કરવા જેવું છે.એનો એવો નિયમ

હતો કે,ભલે હું દુ:ખી થાઉં પણ બીજાને સુખી કરું! પોતાનો જીવ બચાવવા પણ એ પ્રયત્ન કરતો નથીઅને પોતાના ભાગનું અન્નજળ બીજાને આપી દે છે. રતિદેવની પ્રાર્થના મોઢે કરવા જેવી છે. એ કહે છે કે,મારે સિદ્ધિ ઓ નથી જોઈતી.પરાગતિ નથી જોઈતી,મોક્ષ પણ નથી જોઈતો. ફરી ફરી જન્મવું પડે તો તેની મને ચિંતા નથી.હું માત્ર એટલું જ ઈચ્છું કે,સર્વ પ્રાણીઓના હૃદયમાં હું વસું અને પ્રાણી માત્રનાં બધાં દુ:ખો હું જ ભોગવું, જેથી બીજા કોઈને દુ:ખ ભોગવવું ન પડે. કેવી ઉદાત્ત ભાવના છે. ભક્ત હૃદયની આ પ્રાર્થના છે. ભક્ત હૃદય કેવું વિશાળ હોય છે અને ભક્ત હૃદય વિશાળતામાં આખી સૃષ્ટિ- એકલી મનુષ્ય સૃષ્ટિ નહીં,પણ પશુપંખી વગેરે નાના- મોટા તમામ જીવોની સૃષ્ટિ ભક્ત ના હૃદયમાં સમાઈ જાય છે,એટલે ભક્તનું હૃદય પોતાના દુ:ખેદુ:ખી થતું નથી પણ સૃષ્ટિના બીજા જીવોના દુ:ખે દુ:ખી થાય છે. ભક્ત હૃદયની આ આરઝૂ એ પ્રભુ હૃદયની આરઝૂ છે.ભક્ત પ્રભુના હૃદયની સાથે એકરૂપ છે અને પ્રભુ પ્રાણીમાત્ર માં,જડચેતન તમામમાં વ્યાપ્ત છે. એટલે ભક્ત પ્રભુની સાથે એકા કાર બની પ્રાણીમાત્રની સાથે, જડચેતનની સાથે એકાત્મા અનુભવે છે અને જડચેતન સૃષ્ટિનાં સુખદુ:ખનો અનુભવ પોતાના અંતરમાં કરે છે. પ્રભુને આર્તનાશન કહ્યો છે અને આર્ત કહ્યા છે. ભક્તના હૃદયમાં આર્તિ એટલે કે વેદના છે. આ આર્તિ પ્રભુના વિયોગની છે.ભક્ત પળે પળે પ્રભુનો વિયોગ અનુભવે છે. આ વિયોગનું ભાન ભક્તના અલગ વ્યક્તિત્વનો નાશ કરે છે અને પ્રભુની સાથે ભક્તને એક રાર કરી દે છે. આમ ભક્ત અને ભગવાન જુદા નથી.ભાગવત કથામાં અને દરેક સ્થળે આપણ ને આ વાતની પ્રતીતિ થાય છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# 70મા રેલવે સપ્તાહના કેન્દ્રીય સમારોહમાં પશ્ચિમ રેલવેનું શાનદાર પ્રદર્શન – અતિ વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કાર 2025

**અમદાવાદ, તા. 12**

પશ્ચિમ રેલવેએ ફરી એકવાર રાષ્ટ્રીય સ્તરે પોતાની શ્રેષ્ઠ ઓળખ સ્થાપિત કરી છે અને અતિ વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કાર (AVRSP) - 2025 હેઠળ અનેક પ્રતિષ્ઠિત રેલવે સપ્તાહની શીલ્ડો તથા વ્યક્તિગત પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. આ સિદ્ધિઓ રેલવે સંચાલન, સુરક્ષા, માળખાગત વિકાસ અને યાત્રી કેન્દ્રિત સેવાઓમાં ઉત્કૃષ્ટતા પ્રત્યે પશ્ચિમ રેલવેની અડગ પ્રતિબદ્ધતાને પુનઃ સાબિત કરે છે. 70મો રેલવે સપ્તાહનો કેન્દ્રીય સમારોહ શુક્રવાર, 09 જાન્યુઆરી, 2026ના રોજ નવી દિલ્હીમાં આવેલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટર, યશોભૂમિ ખાતે યોજાયો હતો, જેમાં માનનીય રેલવે, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે શીલ્ડ વિજેતાઓ અને વ્યક્તિગત પુરસ્કાર પ્રાપ્ત કરનારાઓને સન્માનિત કર્યા હતા.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનિત અભિષેક દ્વારા આપવામાં આવેલ પ્રેસ રીલિઝ અનુસાર, અતિ વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કારની શીલ્ડો ભારતીય રેલવે પ્રણાલીમાં વિવિધ સંચાલન તથા ટેકનિકલ ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરીને પ્રોત્સાહન આપવા માટે કુલ 26 શ્રેણીઓ હેઠળ આપવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્તરે તમામ ઝોનલ રેલવેઝ વચ્ચે પશ્ચિમ રેલવેએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી અને અનેક પ્રતિષ્ઠિત રેલવે સપ્તાહની શીલ્ડો જીતી, જેના પરિણામે તે આ વર્ષે સૌથી વધુ શીલ્ડ પ્રાપ્ત કરનાર ઝોનલ રેલવે બન્યું. સમગ્ર આરોગ્ય સેવા શીલ્ડ, બિન-ભાડા આવક શીલ્ડ, ટ્રેક જાળવણી શીલ્ડ તથા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ શીલ્ડ માત્ર પશ્ચિમ રેલવેને પ્રાપ્ત થઈ, જે મહત્વપૂર્ણ સંચાલન, ટેકનિકલ અને મેડિકલ ક્ષેત્રોમાં સતત શ્રેષ્ઠતા દર્શાવે છે. આ ઉપરાંત, પશ્ચિમ રેલવેએ સિવિલ એન્જિનિયરીંગ શીલ્ડ તથા સિવિલ એન્જિનિયરીંગ કન્સ્ટ્રક્શન શીલ્ડ મધ્ય રેલવે સાથે સંયુક્ત રીતે પ્રાપ્ત કરી છે.

શ્રી વિનિત અભિષેકે વધુમાં જણાવ્યું કે આ વર્ષે રાષ્ટ્રીય સ્તરે તમામ ઝોનલ રેલવેઝમાંથી લગભગ 100 રેલવે કર્મચારીઓને વ્યક્તિગત પુરસ્કારો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમાં પશ્ચિમ રેલવેના સાત અધિકારીઓ અને કર્મચારીઓને તેમની પ્રશંસનીય અને અનુસરણીય સેવાઓ બદલ અતિ વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કાર આપવામાં આવ્યો છે, જે તેમના અસાધારણ સમર્પણ, વ્યાવસાયિક કુશળતા અને કર્તવ્યનિષ્ઠાને દર્શાવે છે. પશ્ચિમ રેલવે તરફથી અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર - 2025 પ્રાપ્ત કરનાર વિજેતાઓ આ મુજબ છે– (1) લોકો પાયલોટ (ગુડ્સ) શ્રી રામપ્રવેશ કુમાર, (2) ટ્રેક મેન્ટેનર-IV શ્રી બંટી કુમાર, (3) પોઈન્ટસમેન-બી શ્રી યોગેશકુમાર શર્મા, (4) સિનિયર સેક્શન ઓફિસર શ્રી પિન્ટુ શર્મા, (5) સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર શ્રી અંશુલ બંસલ, (6) ડેપ્યુટી ચીફ એન્જિનિયર શ્રી ચિરાગ મિત્તલ, (7) ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર શ્રી અપૂર્વ તિવારી.

મુંબઈ સેન્ટ્રલ મંડળના ટ્રેક મેન્ટેનર-શ્રી બંટી કુમારને નાઈટ રાઉન્ડ દરમિયાન તૂટેલી રેલ સમયસર શોધી કાઢવા તથા તત્પરતા અને વ્યવસાયિક કુશળતાની સાથે એ જ સમયે તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી કરીને સંભવિત દુર્ઘટનાને અટકાવવાના તેમના પ્રશંસનીય કાર્ય બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની સજાગતા અને વ્યાવસાયિક સતર્કતાના પરિણામે સુરક્ષિત ટ્રેન સંચાલન સુનિશ્ચિત થયું.

પશ્ચિમ રેલવે હેડક્વાર્ટરના સિનિયર સેક્શન ઓફિસર (એકાઉન્ટ) શ્રી પિન્ટુ શર્માને નાણાકીય પ્રણાલીઓ અને આવક એકાઉન્ટ પ્રક્રિયાઓને મજબૂત બનાવવામાં આપેલા મહત્વપૂર્ણ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની તરફથી બિલિંગ અને એકાઉન્ટ મોડ્યુલ્સના સ્વચાલન, અજાણી આવકની ઓળખ તથા વિવિધ નાણાકીય પ્લેટફોર્મ પરના ડેટા વિસંગતતાઓના નિવારણથી નાણાકીય ચોકસાઈ અને પારદર્શિતામાં નોંધપાત્ર વધારો થયો છે.

અમદાવાદ મંડળના સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) શ્રી અંશુલ બંસલને ઉત્તમ નેતૃત્વ અને ટેકનિકલ કુશળતા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ ખામીયુક્ત OHE ઘટકોનું વ્યાપક સ્તરે બદલીકરણ, નિષ્ફળતા સમયે ઝડપી પુનઃસ્થાપના તથા મહત્વપૂર્ણ વિદ્યુતીકરણ કામોનું સમયબદ્ધ અમલીકરણ કરવામાં આવ્યું, જેના કારણે ટ્રેક્શન માળખાની વિશ્વસનીયતા તેમજ સંચાલન સુરક્ષા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે.

વડોદરા મંડળના ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર (વર્ક્સ) શ્રી અપૂર્વ તિવારીને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમ્સના સફળ કમિશનિંગ તથા પરંપરાગત સિગ્નલિંગને બદલે આધુનિક મલ્ટી સેક્શન ડિજિટલ એક્સલ કાઉન્ટર (MSDAC) સિસ્ટમ્સના સમય પહેલાં પૂર્ણ થયેલા કામ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના પ્રયાસોથી પ્રોજેક્ટ અમલીકરણમાં નવા માપદંડો સ્થાપિત થયા છે તથા રેલવે સંચાલનની સુરક્ષા અને કુશળતામાં નોંધપાત્ર વધારો થયો છે.

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સર્વે અને બાંધકામ) શ્રી ચિરાગ મિત્તલને નોંધપાત્ર સમયમર્યાદામાં મુખ્ય સિવિલ એન્જિનિયરીંગ કામો પૂર્ણ કરવામાં આપેલા યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમાં ડબલિંગ વિભાગોનું કમિશનિંગ, મહત્વપૂર્ણ પુલોનું બાંધકામ, સ્ટેશન પુનર્વિકાસ અને સાઈડિંગ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જેના પરિણામે માળખાકીય ક્ષમતા અને યાત્રી સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે.

રાજકોટ મંડળના લોકો પાયલોટ ગુડ્સ (ઈલેક્ટ્રિકલ) શ્રી રામપ્રવેશ કુમારને ટ્રેન સંચાલન દરમિયાન દર્શાવેલી અસાધારણ સતર્કતા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે સમયસર એક વેગનનું ઢાંકણું યોગ્ય રીતે બંધ ન હોવાની સ્થિતિ ઓળખી, જેનાથી આગથી સંબંધિત ઘટનાની શક્યતા ઉત્પન્ન થઈ શકી હોત. તેમણે તાત્કાલિક સુધારાત્મક પગલાં લીધાં અને તેમના સમયસર કરવામાં આવેલ હસ્તક્ષેપથી સંભવિત આગની દુર્ઘટના ટળી ગઈ.

ભાવનગર મંડળના પોઈન્ટસમેન-બી શ્રી યોગેશકુમાર શર્માને તેમના અનુસરણીય શિસ્ત, સમયપાલન અને સુરક્ષા સૂચનાઓના કડક પાલન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની સતત સતર્કતા અને સક્રિય દ્રષ્ટીકોણના પરિણામે સંભવિત અસુરક્ષિત પરિસ્થિતિઓની સમયસર જાણ થઈ અને તેમનું નિવારણ થયું, જેમાં પસાર થતી ટ્રેનના ઢીલા બ્રેક ઘટકોને સુરક્ષિત કરવાનું પણ સામેલ છે. તેનાથી તેમના કામના ક્ષેત્રમાં ટ્રેનોના સુરક્ષિત અને દુર્ઘટનામુક્ત સંચાલનને સુનિશ્ચિત થયું છે.

## સહકાર ભારતી સ્થાપના દિવસની ઉજવણી

**ભરતભાઈ એ.પંડ્યા.**
**દીવડા કોલોની, તા. 12**



મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સંતરામપુર મુકામે તારીખ:-11/1/2026 ના રોજ સહકાર ભારતી સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં શ્રી શૈલેષભાઈ ઠાકર,સંયોજક શ્રી સહકાર ભારતી તેમજ ગુજરાત બ્રહ્મ સમાજ ના પ્રમુખ. શ્રી બાલુભાઈ પટેલ અધ્યક્ષ, સહકાર ભારતી, મહીસાગર જીલ્લો.શ્રી નરેન્દ્રભાઈ પટેલ,અર્બન બેંક ચેરમેન. શ્રી યતીનભાઈ મહેતા અર્બન બેંક મેનેજર. શ્રી સુરેશભાઈ મહેતા, અર્બન બેંક બોર્ડ ઓફ ડિરેક્ટર.શ્રી સંતોષભાઈ જોષી.જિલ્લા મંત્રીશ્રી મહીસાગર જીલ્લો સહકાર ભારતી. શ્રી ગટુભાઈ ચૌહાણ તેમજ અન્ય સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત શ્રી ભરતભાઈ પંડ્યા એ સહકાર ગીત દ્વારા કરેલ હતી. આમંત્રિત મહેમાનોને પુષ્પગુચ્છ તેમજ સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ હતા. 75 વર્ષ પૂર્ણ કરેલ ધી સંતરામપુર અર્બન કો. ઓ. બેન્ક લિ.ને સહકાર ભારતી ગુજરાત પ્રદેશ મહીસાગર જીલ્લા તરફથી સન્માનપત્ર તેમજ શિલ્ડ એનાયત કરવામાં આવેલ હતો. બેન્ક ઉત્તરોત્તર પ્રગતિ કરી સભાસદોના લાભમાં વધુને વધુ પ્રગતિ કરી નામના મેળવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી.કાર્યક્રમના અંતે આભાર વિધિ શ્રી બાલુભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સંતોષભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ હતું.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝએ ગાંધી આશ્રમની મુલાકાત લીધી

**અમદાવાદ, તા. 12**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી તથા જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝએ અમદાવાદના સાબરમતી નદીના તટે ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બંને મહાનુભાવોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાનશ્રી અને જર્મનીના ચાન્સેલરશ્રીએ આશ્રમ માં ગાંધીજીના નિવાસસ્થાન હૃદય કુંજની પણ મુલાકાત લઈ રેંટિયો કાતવાની પ્રક્રિયાને નિહાળી હતી. ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન ગાંધીજીના સાદગીપૂર્ણ જીવન, આત્મનિર્ભરતાના સંદેશ તેમજ સત્ય અને અહિંસાના મૂલ્યો અંગે બંને નેતાઓએ ઊંડો આદર ભાવ વ્યક્ત કર્યો હતો. જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝ ગાંધી આશ્રમની મુલાકાત લઈ પ્રભાવિત થયા હતા. તેમણે વિઝિટર્સ બુકમાં મેસેજ આપતા જણાવ્યું કે, સ્વતંત્રતાની શક્તિ અને દરેક વ્યક્તિના મનમાં મહાત્મા ગાંધીનો અડગ વિશ્વાસ આજે પણ આપણને પ્રેરણા આપે છે. આ માનવીય વારસો ભારત અને જર્મનીના લોકોને મિત્રતા દ્વારા એકસાથે જોડે છે, દુનિયામાં આજે પણ ગાંધીજીના ઉપદેશો એટલા જ પ્રસ્તુત છે. ગાંધી આશ્રમની આ મુલાકાત પ્રસંગેરાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, સાબરમતી આશ્રમના ચેરપર્સન શ્રી કાર્તિકેય સારાભાઈ, સાબરમતી આશ્રમ રિવડેલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી આઈ.પી. ગૌતમ, અમદાવાદ કલેક્ટર શ્રી સુજીત કુમાર તથા જર્મન ડેલીગેશન અને ગાંધી આશ્રમ સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દુનિયામાં આજે પણ ગાંધીજીના ઉપદેશો એટલા જ પ્રસ્તુત છે. ગાંધી આશ્રમની આ મુલાકાત પ્રસંગેરાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, સાબરમતી આશ્રમના ચેરપર્સન શ્રી કાર્તિકેય સારાભાઈ, સાબરમતી આશ્રમ રિવડેલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી આઈ.પી.ગૌતમ, અમદાવાદ કલેક્ટર શ્રી સુજીત કુમાર તથા જર્મન ડેલીગેશન અને ગાંધી આશ્રમ સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડે દેવગઢ તાલુકાના ઝાપટિયા ગામ ખાતે આવેલ મહાદેવ મંદિરમા પૂજા કરી



**(દેવગઢ બારીઆ) પ્રતિનિધિ દ્વારા, તા. 12**

પ્રાપ્ત માહિતી અનુસાર સોમનાથ સ્વાભિમાન પર્વ અન્વયે આજે દેવગઢ બારીયા તાલુકાના ઝાપટિયા ગામે આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ મંદિર ખાતે મહાદેવ ના શિવલિંગ ઉપર દેવગઢ બારીઆ ના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાહેબ APMC ના ચેરમેન અમરસિંહ રાઠવા તાલુકા ભાજપા પ્રમુખ હરેશ પટેલ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ કિરીટ રાઠવા રૂપારેલ ગામ ના સરપંચ બાબુભાઈ પટેલ તથા કાર્યકર્તાઓ સાથે મંદિર મા જલાભિષેક તથા રુદ્રીપાઠ અને મંત્રોચાર સાથે મહાઆરતી કરવા માં આવી જેમાં ગુજરાત સરકાર ના પૂર્વ મંત્રી શ્રી સહભાગી થઈ દેવાધી દેવ મહાદેવની આરાધના કરી અને સર્વના કલ્યાણ અર્થે પ્રાર્થના કરી હતી.

### રાષ્ટ્રીય યુવા દિવસ- ૧૨ જાન્યુઆરી-૨૦૨૬

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડીઆદ દ્વારા "રાષ્ટ્રીય યુવા દિવસ" ઉજવાયો

**નડિયાદ, તા. 12**



રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, નવી દિલ્હી દ્વારા નિર્ધારિત કાનૂની શિક્ષણ કાર્યક્રમો અનુસાર મે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદની સુચના મુજબ તથા મે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એન એ. અંજારીઆનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આજ રોજ ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદજીના જન્મદિન અને રાષ્ટ્રીય યુવા દિવસ નિમિતે નડીઆદ સ્થિત ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી ખાતે ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સીસ ખાતે અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે એક વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ વિશેષ કાર્યક્રમમાં ફેકલ્ટીનાં ડીન ડો. નરેશ પટેલ દ્વારા સંસ્થા વતી સૌનું હાર્દિક સ્વાગત કરીને રાષ્ટ્રીય યુવા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યાર બાદ દહેજ પ્રતિબંધક અધિકારી સોનલ પટેલ દ્વારા દહેજ પ્રતિબંધ અધિનિયમ તથા ડોમેસ્ટિક વાયોલેન્સ એક્ટ વિશે તથા નવપ્રભાત વ્યસન મુક્તિ અને પુનર્વસન કેન્દ્રનાં પ્રોજેક્ટ ડાયરેક્ટર સંજય રોહિત દ્વારા વ્યસનમુક્તિ તથા તેને લગતી સારવાર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમનાં અધ્યક્ષ એવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદનાં ફૂલ ટાઈમ સેક્રેટરી(સિનિયર સિવિલ જજ કેડર) શ્રી. ડી બી. જોષી દ્વારા પોકસો એક્ટ, જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮, કાનૂની સહાય હેલ્પલાઈન ૧૫૧૦૦, મહિલા અભયમ ૧૮૧, બાલ વિવાહ મુક્ત ભારત અભિયાન, સાયબર સિક્યુરીટી, કામકાજનાં સ્થળે થતી મહિલાઓની જાતીય સતામણી સામે રક્ષણ આપતો કાયદો ની માહિતી આપવામાં આવી હતી. મહિલા-બાળકોને લગતાં અન્ય વિવિધ કાયદાઓ, લોક અદાલત, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની વિવિધ કાનૂની અને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ માટે સહાયરૂપ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી અને સમાજ આપીને વિધાર્થીઓને રાષ્ટ્રીય યુવા દિવસ નિમિતે ઉજ્જવળ ભવિષ અને કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમનાં અંતે ઉપસ્થિત રહેલા સૌને વ્યસનમુક્તિ, બાલ વિવાહ મુક્ત ભારત તથા દહેજ પ્રતિબંધ વિશે સામૂહિક શપથ લેવડાવવામાં આવી હતી. આભારવિધિ પ્રો. સ્વાતિબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. આજના આ વિશેષ કાર્યક્રમનું સમગ્ર સંચાલન અને વ્યવસ્થા પ્રો. સી પી. પટેલનાં માર્ગદર્શન હેઠળ પ્રો. કિંજલબેન આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આજનાં આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર પો. એમ આર. ભાવસાર, બી.સી.એ. ડીપાર્ટમેન્ટનાં હેડ પ્રો. સી પી. પટેલ સહિત સૌ ફેકલ્ટી મેમ્બર અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે પતંગ ચગાવીને કરાવ્યો IKF-૨૦૨૬નો ભવ્ય પ્રારંભ

### અમદાવાદના આકાશમાં સર્જાયો રંગોનો ઉત્સવ : સાબરમતી રિવરફ્રન્ટ પર ભારત ઉપરાંત ૫૦ જેટલા દેશોના ૧૦૦૦થી વધુ પતંગબાજોનો જમાવડો

**ગાંધીનગર, તા. 12**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ (IKF) ૨૦૨૬'નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ખાસ અતિથિ તરીકે જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ પતંગ ચગાવીને આ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. જે ભારત અને જર્મની વચ્ચેના મજબૂત રાજદ્વારી સંબંધો અને મિત્રતાની પ્રતિબદ્ધતાને દર્શાવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન શ્રી મોદી તેમજ જર્મન ચાન્સેલર શ્રી મર્ઝે ખાસ તૈયાર કરવામાં આવેલી અમદાવાદની પોળ અને હવેલીની સ્થાપત્યકલાની પ્રતિકૃતિની મુલાકાત લીધી હતી. ઉત્તરાયણ માત્ર પતંગબાજી જ નહીં, પરંતુ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ સમાન ઉત્સવ છે. ત્યારે આ હેરિટેજ વોકવે પર પતંગ મ્યુઝિયમ અને આઈકોનિક ફોટો વોલ પણ બનાવવામાં આવી છે. જ્યાં બંને મહાનુભાવોએ વિવિધ રાજ્યની, અલગ અલગ કાગળ અને બનાવટની પતંગો વિશે ઊંડાણપૂર્વકની જાણકારી પણ મેળવી હતી. અહીં પતંગ બનાવનારા કારીગરો દ્વારા પતંગ બનાવવાની કળાનું જિવંત નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. જેને મહાનુભાવોએ રસપૂર્વક નિહાળ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના બેડાં રાસ, કુચિપુડી, ભરત નાટ્યમ સહિતની નૃત્યકળા અને મલખમ જેવી પ્રાચીન અંગ કસરત કળા દ્વારા વિશેષ પ્રસ્તુતિના માધ્યમથી બંને દેશના મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતા.

તદુપરાંત, ગુજરાત-રાજસ્થાનના કુલ ૧૦૮ જેટલાં કલાકારો દ્વારા આ પ્રસંગે સિતાર, સારંગી, વાયોલિન, મેન્ડોલિન, હારમોનિયમ, બાંસુરી, ઢોલક, તબલાં, મૃદંગ સહિતનાં વિવિધ વાદ્યો દ્વારા વંદે માતરમ, વૈષ્ણવજન તેમજ જર્મન ધૂન વગાડીને ભારત અને જર્મનીની મિત્રતાની પ્રતીતિ કરાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત ટૂરિઝમ દ્વારા આયોજિત આ રંગબેરંગી આકાશી મહોત્સવમાં આ વર્ષે ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતનાં ૧૩ રાજ્યોના ૬૫ પતંગબાજો પોતાની અવનવા રંગો અને આકારની પતંગો સાથે સામેલ થયા છે. આ જ પ્રકારે, ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો પણ ઉપસ્થિત રહીને કલાનું પ્રદર્શન કરી રહ્યા છે.તદુપરાંત, ગુજરાત-રાજસ્થાનના કુલ ૧૦૮ જેટલાં કલાકારો દ્વારા આ પ્રસંગે સિતાર, સારંગી, વાયોલિન, મેન્ડોલિન, હારમોનિયમ, બાંસુરી, ઢોલક, તબલાં, મૃદંગ સહિતનાં વિવિધ વાદ્યો દ્વારા વંદે માતરમ, વૈષ્ણવજન તેમજ જર્મન ધૂન વગાડીને ભારત અને જર્મનીની મિત્રતાની પ્રતીતિ કરાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત ટૂરિઝમ દ્વારા આયોજિત આ રંગબેરંગી આકાશી મહોત્સવમાં આ વર્ષે ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતનાં ૧૩ રાજ્યોના ૬૫ પતંગબાજો પોતાની અવનવા રંગો અને આકારની પતંગો સાથે સામેલ થયા છે. આ જ પ્રકારે, ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો પણ ઉપસ્થિત રહીને કલાનું પ્રદર્શન કરી રહ્યા છે. તદુપરાંત, ગુજરાત-રાજસ્થાનના કુલ ૧૦૮ જેટલાં કલાકારો દ્વારા આ પ્રસંગે સિતાર, સારંગી, વાયોલિન, મેન્ડોલિન, હારમોનિયમ, બાંસુરી, ઢોલક, તબલાં, મૃદંગ સહિતનાં વિવિધ વાદ્યો દ્વારા વંદે માતરમ, વૈષ્ણવજન તેમજ જર્મન ધૂન વગાડીને ભારત અને જર્મનીની મિત્રતાની પ્રતીતિ કરાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત ટૂરિઝમ દ્વારા આયોજિત આ રંગબેરંગી આકાશી મહોત્સવમાં આ વર્ષે ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતનાં ૧૩ રાજ્યોના ૬૫ પતંગબાજો પોતાની અવનવા રંગો અને આકારની પતંગો સાથે સામેલ થયા છે. આ જ પ્રકારે, ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો પણ ઉપસ્થિત રહીને કલાનું પ્રદર્શન કરી રહ્યા છે. તદુપરાંત, ગુજરાત-રાજસ્થાનના કુલ ૧૦૮ જેટલાં કલાકારો દ્વારા આ પ્રસંગે સિતાર, સારંગી, વાયોલિન, મેન્ડોલિન, હારમોનિયમ, બાંસુરી, ઢોલક, તબલાં, મૃદંગ સહિતનાં વિવિધ વાદ્યો દ્વારા વંદે માતરમ, વૈષ્ણવજન તેમજ જર્મન ધૂન વગાડીને ભારત અને જર્મનીની મિત્રતાની પ્રતીતિ કરાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત ટૂરિઝમ દ્વારા આયોજિત આ રંગબેરંગી આકાશી મહોત્સવમાં આ વર્ષે ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતનાં ૧૩ રાજ્યોના ૬૫ પતંગબાજો પોતાની અવનવા રંગો અને આકારની પતંગો સાથે સામેલ થયા છે. આ જ પ્રકારે, ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો પણ ઉપસ્થિત રહીને કલાનું પ્રદર્શન કરી રહ્યા છે. આ પ્રસંગે રાજ્ય મંત્રીમંડળના સભ્યો, સ્થાનિક ધારાસભ્યો, મહાપાલિકાના પદાધિકારીઓ, તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૧૩મીની સાંજે સંગીત અને રંગોનો અનેરો સમન્વય સર્જાશે

તા ૧૩મી જાન્યુઆરીના રોજ સાંજે ૭-૦૦ વાગ્યે ૧૦૮ કલાકારો દ્વારા ભવ્ય સિમ્ફની પ્રદર્શન અને વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા કલા અને સંગીતનો અનુભવ કરાવવામાં આવશે. જેમાં લોકગાયિકા કિંજલ દવે દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે. જ્યારે આકાશ રંગબેરંગી રાત્રિ પતંગોથી ઝળહળી ઊઠશે.

મુલાકાતીઓને કરાવાશે ગુજરાતી વ્યંજન અને હસ્તકલાનો પરિચય

આંતરરાષ્ટ્રીય મહોત્સવ જેવા રાજ્યની સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતાં આયોજનો થકી સમગ્ર ગુજરાતની ઓળખ વૈશ્વિકસ્તરે અગ્રણી સાંસ્કૃતિક અને પ્રવાસન ગંતવ્ય તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે. ત્યારે મુલાકાતીઓને ગુજરાતની વ્યંજન અને હસ્તકલાનો પરિચય કરાવવા માટે ૨૫ હસ્તકલા સ્ટોલ અને ૧૫ ફૂડ સ્ટોલ પણ બનાવવામાં આવ્યા છે. ૫૦ જેટલા દેશોના પતંગવીરો આ મહોત્સવમાં કલા પ્રદર્શિત કરી રહ્યા છે

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં અલ્જેરિયા, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બેલારુસ, બેલ્જિયમ, બ્રાઝિલ, બલ્ગેરિયા, કંબોડિયા, કેનેડા, ચિલિ, ચાઈના, કોલંબિયા, કોસ્ટારિકા, ડેન્માર્ક, ઈજિપ્ત, ફ્રાન્સ, જર્મની, ક્રિશ, ગ્વાટેમાલા, હંગેરી, ઈન્ડોનેશિયા, આયર્લેન્ડ, ઈઝરાયેલ, ઈટલી, જાપાન, દક્ષિણ કોરિયા, લેબેનોન, લિથુનિયા, મલેશિયા, મોરેશિયસ, મેક્સિકો, ન્યૂઝિલેન્ડ, ફિલિપાઈન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રશિયા, સિંગાપોર, સ્લોવેકિયા, સાઉથ આફ્રિકા, સ્પેન, શ્રીલંકા, સ્વિડન, થાઈલેન્ડ, તુર્કમેનિસ્તાન, યુક્રેન, યુ.કે., યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, વિયેતનામ, સ્લોમેનિયા, બહેરિન, નેપાળ, મેક્સિકો, તૂર્કી, જોર્ડન સહિતના કુલ ૫૦ જેટલા દેશોના પતંગવીરો ભાગ લઈ રહ્યા છે.



## ટીમ ઈન્ડિયાને ત્રીજો ઝટકો

# રિષભ પંત-તિલક વર્મા પછી વોશિંગ્ટન સુંદર ન્યૂઝીલેન્ડ વન-ડે સિરીઝમાંથી બહાર, પહેલી મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો

**મુંબઈ, તા. 12**

ભારતીય ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. તેમને રવિવારે વડોદરામાં રમાયેલી પ્રથમ મેચ દરમિયાન પાંસળીમાં ઈજા થઈ હતી. બીસીસીઆઈના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું કે વોશિંગ્ટનને ડાબી બાજુની નીચેની પાંસળીમાં દુખાવો થવા લાગ્યો હતો. આ પહેલા, રવિવારે મેચ પછી ટીમના કેપ્ટન શુભમન ગિલે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે સુંદરને ઈજા થઈ હતી. તેઓ 5 ઓવર બોલિંગ કરી શક્યા અને પછી મેદાનમાંથી બહાર નીકળી ગયા હતા. 26 વર્ષીય સુંદરે આ મેચમાં બોલિંગ કરતા 5 ઓવરમાં 27 રન આપ્યા હતા. ન્યુઝીલેન્ડની ઈનિંગ્સ દરમિયાન તેમને પાંસળીઓમાં ખેંચ અનુભવાઈ, ત્યારબાદ તેઓ મેદાન છોડીને બહાર નીકળી ગયા અને ફિલ્ડિંગ માટે પાછા ફર્યા નહીં. જોકે, ઈજા હોવા છતાં તેઓ બેટિંગ કરવા આવ્યા હતા. રાહુલ બોલ્યા- ઈજાની ગંભીરતાનો અંદાજ નહોતો, કેએલ રાહુલે પણ વોશિંગ્ટનની ઈજા અંગે વાત કરી. તેણે કહ્યું, 'મને ખબર નહોતી કે તેઓ બરાબર દોડી પણ નથી શકતા. મને બસ એટલું જ ખબર હતું કે પહેલી ઈનિંગ્સમાં તેમને થોડી તકલીફ થઈ હતી, પણ ઈજાની ગંભીરતાનો અંદાજ નહોતો. તે બોલને સારી રીતે હિટ કરી રહ્યા હતા.' રાહુલે આગળ કહ્યું કે જ્યારે વોશિંગ્ટન બેટિંગ કરવા આવ્યા, ત્યારે ટીમ પહેલાથી જ સારા રન રેટથી રમી રહી હતી, તેથી તેમના પર વધુ દબાણ નહોતું. તેમણે સ્ટ્રાઈક રોટેટ કરી અને પોતાનું કામ સારી રીતે નિભાવ્યું. ઈજા હોવા છતાં બેટિંગ કરી, ભારતના રન ચેઝ દરમિયાન વોશિંગ્ટન સુંદર નંબર-8 પર બેટિંગ કરવા ઉતર્યા. તેમણે અણનમ 7 રન બનાવ્યા અને કેએલ રાહુલ સાથે મળીને 16 બોલમાં 27 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. કેએલ રાહુલ 29 રન બનાવીને અણનમ રહ્યા. ભારતે 49 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 306 રન બનાવીને ચાર વિકેટે મેચ જીતી લીધી. વોશિંગ્ટન સુંદરે અણનમ 7 રન બનાવ્યા અને કેએલ રાહુલ સાથે મળીને 16 બોલમાં 27 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી.સુંદર આ સિરીઝમાં ઈજાગ્રસ્ત થનાર ત્રીજા ભારતીય ખેલાડી, વોશિંગ્ટન આ સિરીઝમાં ઈજાગ્રસ્ત થનાર ત્રીજા ભારતીય ખેલાડી છે. આ પહેલા વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત પણ શનિવારે પ્રેક્ટિસ દરમિયાન ઈજાગ્રસ્ત થયા હતા. તે ન્યુઝીલેન્ડ સામેની 3 મેચની વનડે સિરીઝમાંથી બહાર થઈ ગયા. તેમની જગ્યાએ ધ્રુવ જુરેલને ટીમમાં સામેલ કરવામાં આવ્યા. પંતને પણ પાંસળીઓમાં ખેંચાણ આવ્યું હતું. જ્યારે, સિરીઝ શરૂ થતા પહેલા તિલક વર્મા પણ ઈજાગ્રસ્ત થયા હતા. જોકે, ઈજા હોવા છતાં તેઓ બેટિંગ કરવા આવ્યા હતા. રાહુલ બોલ્યા- ઈજાની ગંભીરતાનો અંદાજ નહોતો, કેએલ રાહુલે પણ વોશિંગ્ટનની ઈજા અંગે વાત કરી. તેણે કહ્યું, 'મને ખબર નહોતી કે તેઓ બરાબર દોડી પણ નથી શકતા. મને બસ એટલું જ ખબર હતું કે પહેલી ઈનિંગ્સમાં તેમને થોડી તકલીફ થઈ હતી, પણ ઈજાની ગંભીરતાનો અંદાજ નહોતો. તે બોલને સારી રીતે હિટ કરી રહ્યા હતા.' રાહુલે આગળ કહ્યું કે જ્યારે વોશિંગ્ટન બેટિંગ કરવા આવ્યા, ત્યારે ટીમ પહેલાથી જ સારા રન રેટથી રમી રહી હતી, તેથી તેમના પર વધુ દબાણ નહોતું. તેમણે સ્ટ્રાઈક રોટેટ કરી અને પોતાનું કામ સારી રીતે નિભાવ્યું. ઈજા હોવા છતાં બેટિંગ કરી, ભારતના રન ચેઝ દરમિયાન વોશિંગ્ટન સુંદર નંબર-8 પર બેટિંગ કરવા ઉતર્યા. વોશિંગ્ટન આ સિરીઝમાં ઈજાગ્રસ્ત થનાર ત્રીજા ભારતીય ખેલાડી છે. આ પહેલા વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત પણ શનિવારે પ્રેક્ટિસ દરમિયાન ઈજાગ્રસ્ત થયા હતા. તે ન્યુઝીલેન્ડ સામેની 3 મેચની વનડે સિરીઝમાંથી બહાર થઈ ગયા. તેમની જગ્યાએ ધ્રુવ જુરેલને ટીમમાં સામેલ કરવામાં આવ્યા. પંતને પણ પાંસળીઓમાં ખેંચાણ આવ્યું હતું. જ્યારે, સિરીઝ શરૂ થતા પહેલા તિલક વર્મા પણ ઈજાગ્રસ્ત થયા હતા. જોકે, ઈજા હોવા છતાં તેઓ બેટિંગ કરવા આવ્યા હતા. રાહુલ બોલ્યા- ઈજાની ગંભીરતાનો અંદાજ નહોતો, કેએલ રાહુલે પણ વોશિંગ્ટનની ઈજા અંગે વાત કરી. તેણે કહ્યું, 'મને ખબર નહોતી કે તેઓ બરાબર દોડી પણ નથી શકતા. મને બસ એટલું જ ખબર હતું કે પહેલી ઈનિંગ્સમાં તેમને થોડી તકલીફ થઈ હતી, પણ ઈજાની ગંભીરતાનો અંદાજ નહોતો. તે બોલને સારી રીતે હિટ કરી રહ્યા હતા.' રાહુલે આગળ કહ્યું કે જ્યારે વોશિંગ્ટન બેટિંગ કરવા આવ્યા, ત્યારે ટીમ પહેલાથી જ સારા રન રેટથી રમી રહી હતી, તેથી તેમના પર વધુ દબાણ નહોતું. તેમણે સ્ટ્રાઈક રોટેટ કરી અને પોતાનું કામ સારી રીતે નિભાવ્યું. ઈજા હોવા છતાં બેટિંગ કરી, ભારતના રન ચેઝ દરમિયાન વોશિંગ્ટન સુંદર નંબર-8 પર બેટિંગ કરવા ઉતર્યા.

## ચહેરો, આંખ, સ્મિત, હાવભાવ બધું મળતું આવે; જોતાંવેંત વિરાટે કહ્યું, તું તો મારી કાર્બન કોપી લાગે

# વડોદરામાં કોહલીને મળીને રાતોરાત વાઈરલ થયેલો ટેણિયો કોણ?

## 'જ્યારે વિરાટ કોહલી આવી રહ્યા હતા ત્યારે મેં તેમને જોરથી બૂમ પાડી હતી એટલે તેમણે મારી સામે જોયું હતું

**મુંબઈ, તા. 12**

ક્રિકેટજગતના કિંગ ગણાતા વિરાટ કોહલીના કરોડો ચાહકો છે. વિરાટ જેવું રમવું, તેના જેવું દેખાવું કે તેની સ્ટાઈલની કોપી કરવી એ ઘણા યુવાનોનું સપનું હોય છે, પરંતુ અત્યારે સોશિયલ મીડિયા પર વિરાટ કોહલી સાથે એક એવા બાળકનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેને જોઈને ખુદ વિરાટ કોહલી પણ એક ક્ષણ માટે વિચારમાં પડી ગયો હતો. આ ઘટના વડોદરાની છે. કોટંબી સ્ટેડિયમમાં ભારત અને ન્યૂઝીલેન્ડની મેચના આગલા દિવસે આ બાળક અને કોહલી સાથે જોવા મળ્યાં હતાં. બાળકની ખાસિયત એ છે કે તેનો ચહેરો, તેની આંખો અને તેનું સ્મિત, તેના દાંત, તેના હાવભાવ અસલ વિરાટ કોહલીના બાળપણને મળતાં આવે છે. જ્યારે વિરાટ કોહલીએ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું ત્યારે તેના ગોળમટોળ ચહેરાવાળા ચીકુ લુકના ફોટા ફેમસ થયા હતા. આ બાળકનો ફોટો અને કોહલીના નાનપણનો ફોટો બાજુ-બાજુમાં મૂકીને જુઓ તો સરખા જ લાગે. ફેન્સ આ બાળકની તુલના વિરાટના બાળપણના એ પ્રખ્યાત ફોટા સાથે કરી રહ્યા છે, જેમાં વિરાટ હાથમાં બેટ લઈને ઊભો છે અથવા કંઈક ખાઈ રહ્યો છે. ઈન્ટરનેટ પર લોકો આ બાળકને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. ઘણાએ તો આ બાળકનું નામ મિની કોહલી પાડી દીધું છે. આ જુનિયર કોહલી કોણ છે? તે ક્યાં રહે છે? વિરાટે તેને મળીને શું કીધું? આ સવાલો તમને થતા હશે. દિવ્ય ભાસ્કરે આ બાળકને શોધી કાઢ્યું છે અને તેની સાથે તેમજ તેના પિતા સાથે વાતચીત કરી છે. આ બાળકનું નામ ગર્વિત ઉત્તમ છે. તે વડોદરામાં નહીંસ પણ વડોદરાથી 1244 કિલોમીટર દૂર આવેલા હરિયાણાના પંચકુલામાં સેક્ટર-11માં પોતાના પરિવાર સાથે રહે છે. ગર્વિતના પિતાનું નામ સુરેન્દર સિંહ છે અને તે હિમાચલની એક પ્રાઈવેટ કંપનીમાં જોબ કરે છે. ગર્વિતને એક્ટિંગ અને ક્રિકેટ ખૂબ પસંદ છે. વડોદરાના કોટંબી સ્ટેડિયમ પર જ્યારે કોહલી આવ્યો ત્યારે ગર્વિતે તેને જોઈને બૂમ પાડી હતી. જેના પછી શું થયું એ ગર્વિતે દિવ્ય ભાસ્કરને જણાવ્યું. 'જ્યારે વિરાટ કોહલી આવી રહ્યા હતા ત્યારે મેં તેમને જોરથી બૂમ પાડી હતી એટલે તેમણે મારી સામે જોયું હતું. તેમણે મને દૂરથી હાય કર્યું અને કહ્યું કે હું થોડીવારમાં આવું છું. થોડીવાર પછી તેઓ આવ્યા અને તેમણે મને બેટ પર ઓટોગ્રાફ આપ્યો હતો.' 'વિરાટ કોહલી અને રોહિત શર્મા મારાથી દૂર ઊભા હતા અને મને જોયો ત્યારે તરત જ રોહિત શર્માએ વિરાટ કોહલીને કહ્યું, અરે વહાં દેખ વિરાટ તેરા ડુપ્લિકેટ બેઠા હૈ... આ સાંભળીને મને ખૂબ જ ખુશી થઈ હતી.' ક્રિકેટર અર્શદીપે ગર્વિત અને બીજાં બાળકો સાથે એક વીડિયો બનાવ્યો હતો. વીડિયો બનાવતી વખતે અર્શદીપે કંઈક એવું કહ્યું કે બધા ખડખડાટ હસી પડ્યા હતા.

# બાંગ્લાદેશની મેચો પાકિસ્તાનમાં રમાશે? : PCBએ ICCનો સંપર્ક કર્યો



**મુંબઈ, તા. 12**

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ 2026 ટી-20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની મેચો પાકિસ્તાનમાં યોજવાની ઓફર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) સમક્ષ મૂકી છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ જિયો ન્યૂઝ અનુસાર, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ સુરક્ષા કારણોનો હવાલો આપતા ભારતમાં રમવાનો ઈનકાર કર્યો છે અને પોતાની મેચો શ્રીલંકામાં કરાવવાની માગ કરી છે. આ પછી PCB એ ICC ને જાણ કરી કે જો શ્રીલંકામાં મેચ કરાવવી શક્ય ન હોય, તો પાકિસ્તાન પોતાના સ્ટેડિયમ બાંગ્લાદેશની મેચો માટે ઉપલબ્ધ કરાવી શકે છે. જોકે, આ સમગ્ર મામલે અત્યાર સુધી ન તો PCB કે ન તો ICC તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. 16 ડિસેમ્બરે યોજાયેલી IPL મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને 9.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ પછી બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાની ઘટનાઓને લઈને ભારતમાં મુસ્તફિઝુર વિરુદ્ધ વિરોધ શરૂ થઈ ગયો. અત્યાર સુધી ત્યાં છ હિંદુઓની હત્યા કરવામાં આવી છે. આ પછી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ મુસ્તફિઝુરને IPL રમવાની મંજૂરી આપી ન હતી, જેના કારણે 3 જાન્યુઆરીએ KKR એ તેમને ટીમમાંથી રિલીઝ કરી દીધા. KKR દ્વારા મુસ્તફિઝુરને રિલીઝ કર્યા પછી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને ત્યાંની સરકારે IPLના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો. આ સાથે જ બાંગ્લાદેશે ભારતમાં ટી-20 વર્લ્ડ કપની મેચો રમવાનો પણ ઈનકાર કર્યો અને સ્થળ બદલવાની માગ સાથે ICCને ઈ-મેલ મોકલ્યો. ટી-20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશને ગ્રુપ-Cમાં રાખવામાં આવ્યું છે. ટીમ 7 ફેબ્રુઆરીએ વેસ્ટ ઈન્ડિઝ, 9 ફેબ્રુઆરીએ ઈટાલી અને 14 ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ સામે મુકાબલો કરશે. આ ત્રણેય મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાવાની છે. આ ઉપરાંત, બાંગ્લાદેશની છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચ 17 ફેબ્રુઆરીએ મુંબઈમાં નેપાળ સામે નિર્ધારિત છે. ઈનકાર કર્યો અને સ્થળ બદલવાની માગ સાથે ICCને ઈ-મેલ મોકલ્યો. ટી-20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશને ગ્રુપ-Cમાં રાખવામાં આવ્યું છે. ટીમ 7 ફેબ્રુઆરીએ વેસ્ટ ઈન્ડિઝ, 9 ફેબ્રુઆરીએ ઈટાલી અને 14 ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ સામે મુકાબલો કરશે. આ ત્રણેય મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાવાની છે. આ ઉપરાંત, બાંગ્લાદેશની છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચ 17 ફેબ્રુઆરીએ મુંબઈમાં નેપાળ સામે નિર્ધારિત છે.

# 3 મહિનામાં 93 છોકરી ગાયબ! : ચાઈલ્ડ ટ્રાફિકિંગના કેસ ધડાધડ વધ્યા, રાની મુખર્જીની સાથે ગુજ્જુ સ્ટાર જાનકી 'અમ્મા'ને નાની યાદ અપાવશે



**મુંબઈ, તા. 12**

બોલિવૂડ એક્ટ્રેસ રાની મુખર્જીની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'મર્દાની 3'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. 3 મિનિટ અને 16 સેકન્ડનું આ ટ્રેલર તમારા રૂંવાડાં ઊભાં કરવા માટે પૂરતું છે. એક્ટ્રેસ ફરી એકવાર તેના આઈકોનિક પાત્ર શિવાની શિવાજી રોયના રૂપમાં મોટા પડદા પર કમબેક કરવા તૈયાર છે. 'મર્દાની 3'નું ટ્રેલર રિલીઝ ફિલ્મ ભલે જ સાચી ઘટનાઓ પર આધારિત હોવાનું કહેવાતું હોય, પરંતુ ટ્રેલરમાં વાર્તા કહેવાની સ્ટાઈલ અત્યંત ડરામણી છે. 'મર્દાની 3' તમને અંદર સુધી ગુનાનો એહસાસ કરાવે છે. ટ્રેલરની શરૂઆત એક રમતી બાળકીના અપહરણથી થાય છે. આ પછી જણાવવામાં આવે છે કે શહેરમાં નાની બાળકીઓનું સતત અપહરણ થઈ રહ્યું છે. આ કેસ ઉકેલવા માટે શિવની શિવાજી રોયને બોલાવવામાં આવે છે. જ્યારે કેસની તપાસ કરવામાં આવે છે ત્યારે ખબર પડે છે કે છેલ્લા ત્રણ મહિનામાં 93 છોકરીનું અપહરણ થઈ ચૂક્યું છે અને આ બધા ગુનાઓ પાછળ 'અમ્મા'નો હાથ છે. 'અમ્મા' કોઈ ડરામણા સપના કરતાં પણ વધુ ભયાનક છે. તે છોકરીઓનું અપહરણ કરીને તેમની સાથે શું કરે છે એ ટ્રેલરમાં ખૂબ જ કુશળતાથી છુપાવવામાં આવ્યું છે, પરંતુ સ્ટોરીની જેટલી ઝલક આ ટ્રેલર આપે છે એ તમારા દિલના ધબકારા વધારવા માટે પૂરતી છે. એક્શન, ડાયલોગ્સ અને પાવરફુલ બેકગ્રાઉન્ડ સ્કોર 'મર્દાની 3'ના ટ્રેલરમાં જબરદસ્ત એક્શન સિક્વન્સ, દમદાર ડાયલોગ્સ અને મજબૂત બેકગ્રાઉન્ડ સ્કોર જોવા મળે છે. રાનીનો રફ-ટફ પોલીસ અવતાર ફરી એકવાર ચાહકોને 'મર્દાની' અને 'મર્દાની 2'ની યાદ અપાવે છે. ટ્રેલરમાં દર્શાવવામાં આવ્યું છે કે આ વખતે શિવની શિવાજી રોયની લડાઈ માત્ર ગુનેગારો સામે જ નહીં, પણ એક ખતરનાક સિસ્ટમ સામે પણ છે. ગુજ્જુ સ્ટાર જાનકી બોડીવાલા પણ દેખાશે 'શૈતાન' ફિલ્મમાં જાનકી બોડીવાલાની એક્ટિંગ જોઈ રાની મુખર્જી અને આદિત્ય ચોપરા પ્રભાવિત થયાં હતાં, તેથી તેણે જાનકી બોડીવાલાને ફિલ્મમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા આપી. ટ્રેલરમાં તેના એક્શન અવતારની ઝલક જોવા મળી છે. જો રોલની વાત કરવામાં આવે તો ગુજ્જુ સ્ટાર રાની મુખર્જી સાથે પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. ટ્રેલર રિલીઝ થતાં જ ચાહકોએ રાની મુખર્જીનાં જોરદાર વખાણ કરવાનું શરૂ કરી દીધું છે. કોમેન્ટ સેક્શન 'રાની ઈઝ બેક'થી છલકાઈ ગયો છે. કોઈ તેના એક્શન અવતારને સલામ કરી રહ્યું છે, તો કોઈ કહી રહ્યું છે કે 'મર્દાની 3' અત્યારસુધીની સૌથી પાવરફુલ ફિલ્મ સાબિત થઈ શકે છે. આ ફિલ્મ સિનેમાઘરોમાં 30 જાન્યુઆરીએ રિલીઝ થશે.

# ફિલ્મ 'હક' જોઈને યામી ગૌતમની ફેન બની આલિયા ભટ્ટ



## ફોન કરીને અભિનંદન પાઠવ્યાં અને ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક્ટ્રેસની એક્ટિંગની પ્રશંસા કરી

**મુંબઈ, તા. 12**

બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટે તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'હક' જોયા પછી યામી ગૌતમની ખૂબ પ્રશંસા કરી છે. આલિયાએ માત્ર યામીને ફોન કરીને પોતાનો અભિપ્રાય આપ્યો એટલું જ નહીં, પરંતુ સોશિયલ મીડિયા પર પણ ખુલીને તેની પ્રશંસા કરી. આલિયાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોટ શેર કરી અને પોતાને યામીની ફેન ગણાવી. એક્ટ્રેસે લખ્યું- "ક્વીન યામી ગૌતમ, તમે 'હક'માં અદ્ભુત છો. તમારા અભિનયમાં સત્યતા, હૃદય અને ક્લાસ સ્પષ્ટપણે દેખાય છે. આ અત્યાર સુધીની મારી સૌથી પ્રિય મહિલા પરફોર્મન્સમાંથી એક છે. મેં ફોન પર પણ કહ્યું તેમ, હું તમારી ફેન છું અને તમારા આવનારા કામની આતુરતાથી રાહ જોઈ રહી છું." આલિયાની આ પોસ્ટ પર યામી ગૌતમે પણ પોતાનું રિએક્શન આપ્યું. તેણે આલિયાની સ્ટોરી રી-શેર કરતા લખ્યું કે આટલી શાનદાર એક્ટ્રેસ અને સારી વ્યક્તિ પાસેથી આવી પ્રશંસા મળવી ખૂબ જ ખાસ છે. યામીએ કહ્યું કે તે આલિયાના કામ અને તેના પ્રોફેશનલ વલણની હંમેશાથી ઈજ્જત કરે છે. બંને વચ્ચે થયેલી વાતચીતને તેણે દિલથી જોડાયેલી અને સાચી ગણાવી.

# રેડ કાર્પેટ પર પ્રિયંકાએ પતિના કપડાં સરખાં કર્યાં

## હોલિવૂડ ફોરેન પ્રેસ એસોસિએશન (HFPA) દ્વારા આયોજિત, ગોલ્ડન ગ્લોબ એવા કલાકારો, નિર્માતાઓ અને દિગ્દર્શકોનું સન્માન કરે છે,

**મુંબઈ, તા. 12**

83મી ગોલ્ડન ગ્લોબ એવોર્ડ સેરેમનીનું આયોજન આજે કેલિફોર્નિયાની બેવર્લી હિલ્ટન હોટલમાં થઈ રહ્યું છે. અહીં બોલિવૂડ એક્ટ્રેસ પ્રિયંકા ચોપરા એવોર્ડ પ્રેઝન્ટર બની અને તેણે ટેલિવિઝન ડ્રામા કેટેગરીમાં બેસ્ટ મેલ એક્ટરની જાહેરાત કરી. 2025ની ચર્ચિત લિમિટેડ સિરીઝ એડોલસેન્સ માટે 16 વર્ષના ઓવન કપૂરને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ગોલ્ડન ગ્લોબ આપવામાં આવ્યો, જ્યારે આ જ સિરીઝ માટે સ્ટીફન ગ્રેહામ બેસ્ટ એક્ટર રહ્યો. અત્યારસુધીમાં સૌથી વધુ ત્રણ એવોર્ડ લિયોનાર્ડો ડીકેપ્રિયોની ફિલ્મ 'વન બેટલ આફ્ટર અનધર'ને મળ્યા છે. જુઓ ગોલ્ડન ગ્લોબ વિનર્સની યાદી અને સેરેમની સાથે જોડાયેલી ખાસ ઝલક- ઈન્ટરનેશનલ આઈકન બની ચૂકેલી પ્રિયંકા ચોપરા ગોલ્ડન ગ્લોબના રેડ કાર્પેટ પર પતિ નિક જોનસ સાથે પહોંચી હતી. પ્રિયંકા ચોપરાએ કે-પોપ આર્ટિસ્ટ લીસા સાથે બેસ્ટ ડ્રામા કેટેગરીના બેસ્ટ મેલ એક્ટરની જાહેરાત કરી. અમેરિકન એક્ટ્રેસ અને સિંગર હેલી સ્ટેઈનફેલ્ડ રેડ કાર્પેટ પર બેબી બમ્પ સાથે જોવા મળી. જેનિફર લોરેન્સ પણ રેડ કાર્પેટ પર જોવા મળી હતી. આ ખાસ પ્રસંગ માટે તેણે ફ્લાવર એમ્બ્રોઈડેડ ન્યૂડ ડ્રેસ પહેર્યો હતો. જેનિફર લોરેન્સ પણ રેડ કાર્પેટ પર જોવા મળી હતી. આ ખાસ પ્રસંગ માટે તેણે ફ્લાવર એમ્બ્રોઈડેડ ન્યૂડ ડ્રેસ પહેર્યો હતો. 'ટ્રેટર્સ' ફેમ આઈરિશ એક્ટ્રેસ મૌરા હિગિન્સે ઑફ-ધ-શોલ્ડર ગાઉન, ગોલ્ડન કેપ કોટ સાથે જોવા મળી હતી. 'ટ્રેટર્સ' ફેમ આઈરિશ એક્ટ્રેસ મૌરા હિગિન્સે ઑફ-ધ-શોલ્ડર ગાઉન, ગોલ્ડન કેપ કોટ સાથે જોવા મળી હતી. એક્ટ્રેસ-સિંગર સેલેના ગોમેઝ તેના પતિ બેની બ્લેન્કો સાથે રેડ કાર્પેટ પર આવી હતી. સેલેનાના સિગ્નેચર ડ્રેસને બનાવવામાં 323 કલાક લાગ્યા હતા. એમાં પીંછાં, સિલ્ક શિફોન અને સિલ્ક ઓર્ગેન્ઝાથી બનેલાં સફેદ ફૂલો હતાં. એક્ટ્રેસ-સિંગર સેલેના ગોમેઝ તેના પતિ બેની બ્લેન્કો સાથે રેડ કાર્પેટ પર આવી હતી. સેલેનાના સિગ્નેચર ડ્રેસને બનાવવામાં 323 કલાક લાગ્યા હતા. એમાં પીંછાં, સિલ્ક શિફોન અને સિલ્ક ઓર્ગેન્ઝાથી બનેલાં સફેદ ફૂલો હતાં. ઓવેન કૂપર સ્ટેજ પર જ રડી પડ્યો 16 વર્ષીય ઓવેન કૂપરે એવોર્ડ જીત્યા પછી કહ્યું- આ સફર મારા અને મારા પરિવાર માટે અદ્ભુત રહી છે. હું હંમેશાં આભારી રહીશું. જ્યારે આ સફર શરૂ થઈ ત્યારે મેં વિચાર્યું કે હું ઠીક રહીશ અથવા ખૂબ ખરાબ કરીશ. મેં જોખમ લીધું. મેં ડ્રામા ક્લાસ જોઈન કર્યા. હું ત્યાં એકમાત્ર છોકરો હતો. મને થોડી શરમ આવી, પણ મેં એ પડાવ પાર કરી લીધો. લિયોનાર્ડો ડીકેપ્રિયોની ફિલ્મ 'વન બેટલ આફ્ટર અનધર' એ બેસ્ટ સ્ક્રીનપ્લે, બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ (ટેયાના ટેલર), બેસ્ટ ડિરેક્ટર (પોલ થોમસ)ના ત્રણ એવોર્ડ જીત્યા. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ શું છે? ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ દર વર્ષે ફિલ્મ અને ટેલિવિઝનમાં ઉત્કૃષ્ટ કાર્યને સન્માનિત કરવા માટે આપવામાં આવે છે. હોલિવૂડ ફોરેન પ્રેસ એસોસિએશન (HFPA) દ્વારા આયોજિત, ગોલ્ડન ગ્લોબ એવા કલાકારો, નિર્માતાઓ અને દિગ્દર્શકોનું સન્માન કરે છે, જેમણે ફિલ્મો અને ટેલિવિઝન શોમાં યોગદાન આપ્યું છે.

# ચાંદીના ભાવમાં રેકોર્ડ બ્રેક વધારો: એક જ દિવસમાં ₹14,000નો વધારો, સોનાનો ભાવ પણ વધી ₹1.40 લાખે પહોંચ્યો.....

નવી દિલ્હી, તા.12

સોના-ચાંદીના ભાવ આજે (12 જાન્યુઆરી) ઓલ ટાઈમ હાઈ પર છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,883 રૂપિયા વધીને 1,40,005 રૂપિયા પર પહોંચી ગયો છે. ગઈકાલે એ 1,37,122 રૂપિયા/10g પર હતો. આ પહેલાં 29 ડિસેમ્બર 2025ના રોજ સોનાની કિંમત 1,38,161 રૂપિયા પ્રતિ 10 ગ્રામના ઓલ ટાઈમ હાઈ પર હતી.

જ્યારે એક કિલો ચાંદીની કિંમત 14,475 રૂપિયા વધીને 2,57,283 રૂપિયા પર આવી ગઈ છે. ગઈકાલે એની કિંમત 2,42,808 રૂપિયા પ્રતિ કિલો હતી. આ પહેલાં 7 જાન્યુઆરીના રોજ ચાંદીની કિંમત 2,48,000 રૂપિયા પ્રતિ કિલોગ્રામના ઓલ ટાઈમ હાઈ પર હતી.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા, તેથી શહેરોના રેટ્સ આનાથી અલગ હોય છે. આ રેટ્સનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના રેટ નક્કી



કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના રેટ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ઔદ્યોગિક માગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EV માં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.


કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે, ચાંદીની માગમાં હાલ તેજી છે, જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આ વર્ષે 2.75 લાખ સુધી જઈ શકે છે. જ્યારે સોનાની વાત કરીએ તો તેની માંગમાં પણ તેજી જળવાઈ રહી છે. આવી સ્થિતિમાં આ વર્ષના અંત સુધીમાં એ 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર કરી શકે છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# આજે જાહેર થશે ડિસેમ્બર રિટેલ મોંઘવારીના આંકડા: આ વધીને 1.6% થી 1.7%ની વચ્ચે રહી શકે છે, નવેમ્બરમાં તે 0.71% પર હતી

નવી દિલ્હી, તા.12

12 જાન્યુઆરીએ ડિસેમ્બર મહિનાના રિટેલ મોંઘવારી (CPI) ના આંકડા જાહેર થશે. નિષ્ણાતોના મતે ડિસેમ્બર 2025માં છૂટક મોંઘવારી વધીને 1.6% થી 1.7% ની વચ્ચે રહેવાની શક્યતા છે. આ પહેલા નવેમ્બરમાં તે 0.71% પર હતી. જ્યારે ઓક્ટોબરમાં તે 0.25% પર હતી, જે 14 વર્ષમાં સૌથી નીચું સ્તર હતું. ઓક્ટોબરમાં 14 વર્ષના નીચલા સ્તરે હતી રિટેલ મોંઘવારી ઓક્ટોબરમાં રિટેલ મોંઘવારી 0.25%ના રેકોર્ડ નીચલા સ્તરે આવી ગઈ હતી. તેનું કારણ ખાદ્યપદાર્થોની કિંમતોમાં ઘટાડો હતો. આ વર્તમાન CPI સિરીઝમાં અત્યાર સુધીની સૌથી ઓછી મોંઘવારી હતી. એટલે કે, આ લગભગ 14 વર્ષનું નીચલું સ્તર હતું. આ પહેલા સપ્ટેમ્બરમાં તે 1.44% પર હતી. ભારતમાં CPIની વર્તમાન સીરીઝ 2012ના આધાર વર્ષ પર આધારિત છે. એટલે કે, 2012ની કિંમતોને 100 માનીને સરખામણી કરવામાં આવે છે. પહેલાં 2010 અથવા 1993-94 વાળી સીરીઝ હતી, પરંતુ સમય સાથે તે અપડેટ થતી રહે છે જેથી આંકડા સાચા રહે. દરેક નવી CPI સીરીઝમાં આધાર વર્ષ બદલાય છે. CPI સીરીઝ એટલે કે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ સીરીઝ. આ



મોંઘવારી માપવાની સરકારની સરળ રીત છે. સરળ શબ્દોમાં કહીએ તો, આ જણાવે છે કે રોજિંદી વસ્તુઓ જેવી કે દૂધ, શાકભાજી, પેટ્રોલ કેટલી મોંઘી કે સસ્તી થઈ રહી છે. આધાર વર્ષ સાથે સરખામણી કરીને % માં આંકડો આવે છે. બેઝ યર એ વર્ષ હોય છે જેની કિંમતોને આધાર (બેઝ) માનવામાં આવે છે. એટલે કે, તે જ વર્ષની વસ્તુઓની સરેરાશ કિંમતને 100નું મૂલ્ય આપવામાં આવે છે. પછી, બીજા વર્ષોની કિંમતોની સરખામણી આ જ બેઝ યર સાથે કરવામાં આવે છે. આનાથી ખબર પડે છે કે મોંઘવારી કેટલી વધી કે ઘટી છે. ઉદાહરણ: ધારો કે 2020 બેઝ યર છે. તે વર્ષે એક કિલો ટામેટાં 50ના હતા. હવે 2025માં તે 80ના થઈ ગયા. તો મોંઘવારી = (80 - 50) / 50 + 100 = 60% વધી. આ જ ફોર્મ્યુલા CPI માં ઉપયોગ થાય છે, પરંતુ આ આખા બજારની વસ્તુઓ પર લાગુ પડે છે. આ એવું વર્ષ હોય છે જે સામાન્ય હોય, ન તો વધુ દુષ્કાળ હોય, ન મહામારી, ન વધુ મોંઘવારી. મોંઘવારી કેવી રીતે વધે છે અને ઘટે છે? મોંઘવારીનું વધવું અને ઘટવું પ્રોડક્ટની ડિમાન્ડ અને સપ્લાય પર આધાર રાખે છે. જો લોકો પાસે પૈસા વધુ હશે તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ વસ્તુઓ ખરીદવાથી વસ્તુઓની ડિમાન્ડ વધશે અને ડિમાન્ડ મુજબ સપ્લાય ન થવા પર આ વસ્તુઓની કિંમત વધશે. જ્યારે જો ડિમાન્ડ ઓછી હશે અને સપ્લાય વધુ હશે તો મોંઘવારી ઘટશે.

**TCS શેરહોલ્ડર્સને એક શેર પર ₹57 ડિવિડન્ડ આપશે**

# ત્રીજા ક્વાર્ટરમાં રેવન્યુ 5 ટકા વધી, કંપનીનો નફો 14% ઘટીને 10,657 કરોડ રૂપિયા થયો

મુંબઈ, તા.12

ટાટા ગ્રુપની કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) ને નાણાકીય વર્ષ 2025-26 ના ત્રીજા ક્વાર્ટરમાં 10,657 કરોડ રૂપિયાનો નફો (કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ) થયો છે. વાર્ષિક ધોરણે તેમાં 14% નો ઘટાડો થયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીને 12,380 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ ઓપરેશનમાંથી 67,087 કરોડ રૂપિયાની આવક (રેવન્યુ) જનરેટ કરી. વાર્ષિક ધોરણે આ 5% વધી છે. ગયા વર્ષના સમાન સમયગાળામાં કંપનીએ 63,973 કરોડની આવક જનરેટ કરી હતી.

વસ્તુઓ અને સેવાઓના વેચાણમાંથી મળતી રકમને રાજસ્વ અથવા રેવન્યુ કહેવાય છે. તેમાં ટેક્સ સામેલ નથી હોતો. કંપનીએ 12 જાન્યુઆરીએ ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો




જાહેર કર્યા.

કંપનીએ તેના શેરધારકોને પ્રતિ શેર પર 57 રૂપિયાનું ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી છે. કંપનીઓ તેમના નફાનો અમુક હિસ્સો શેરહોલ્ડર્સને પણ આપે છે, તેને જ ડિવિડન્ડ કહેવાય છે.

TCS નો શેર આજે 12 જાન્યુઆરીએ 1.10% એટલે કે 35.20 રૂપિયા વધીને 3,243 રૂપિયા પર બંધ થયો. છેલ્લા એક મહિનામાં કંપનીનો શેર 1% વધ્યો છે. એક વર્ષમાં લગભગ 25% ઘટ્યો છે. કંપનીની માર્કેટ વેલ્યુ 11.71 લાખ કરોડ રૂપિયા છે.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) ભારતની મલ્ટીનેશનલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) કંપની છે. તે ટાટા ગ્રુપની એક સહાયક કંપની છે. TCSની સ્થાપના 1968માં 'ટાટા કમ્પ્યુટર સિસ્ટમ્સ' તરીકે થઈ હતી. 25 ઓગસ્ટ 2004ના રોજ TCS પબ્લિક લિસ્ટેડ કંપની બની.

2005માં ઈન્ફોર્મેટિક્સ માર્કેટમાં જનારી આ ભારતની પ્રથમ કંપની બની. એપ્રિલ 2018માં 100 અબજ ડોલર માર્કેટ કેપિટલાઈઝેશનવાળી દેશની પ્રથમ IT કંપની બની. તે 46 દેશોમાં 149 લોકેશન પર કામ કરે છે.

# નોન-SBI ATMમાંથી પૈસા ઉપાડવા મોંઘા થયા: બીજી બેન્કના ATMમાંથી પૈસા ઉપાડવા પર ₹23+ GST વસુલશે

નવી દિલ્હી, તા.12

દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ નોન-SBI ATM પર ટ્રાન્ઝેક્શનના ચાર્જ વધારી દીધા છે. આ ફેરફાર 1 ડિસેમ્બર 2025થી લાગુ થઈ ગયો છે. હવે નોન-SBI ATM માંથી રોકડ ઉપાડવા પર ફ્રી લિમિટ પછી 23 રૂપિયા પ્લસ GST લાગશે, જ્યારે પહેલા તે 21 રૂપિયા પ્લસ GST હતો.

બેલેન્સ ચેક અથવા મિની સ્ટેટમેન્ટ જેવા નોન-ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શન પર હવે 11 રૂપિયા પ્લસ GST ચૂકવવો પડશે, જે પહેલા 10 રૂપિયા પ્લસ GST હતો.

સેલરી પેકેજ અને સેવિંગ્સ બેંક એકાઉન્ટ ધરાવતા ગ્રાહકો માટે મોટો ફેરફાર આવ્યો છે. પહેલા તેમને નોન-SBI ATM પર અનલિમિટેડ ફ્રી ટ્રાન્ઝેક્શન મળતા હતા, પરંતુ હવે મહિનામાં ફક્ત 10 ફ્રી ટ્રાન્ઝેક્શન (રોકડ ઉપાડ




અને બેલેન્સ ચેક બંને) મળશે.

લિમિટ પૂરી થયા પછી નવા ચાર્જ લાગશે. આ ફેરફાર લાખો કર્મચારીઓને અસર કરશે જેઓ વારંવાર અન્ય બેંકોના ATMનો ઉપયોગ કરે છે.

રેગ્યુલર સેવિંગ્સ એકાઉન્ટ હોલ્ડર્સ માટે ફ્રી ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં કોઈ ફેરફાર થયો નથી. હજુ પણ મહિનામાં 5 ફ્રી ટ્રાન્ઝેક્શન (ફાઈનાન્સિયલ અને નોન-ફાઈનાન્સિયલ બંને) નોન-SBI ATM પર મળશે, પછી ભલે તે મેટ્રો હોય કે નોન-મેટ્રો.

જ્યારે ફ્રી લિમિટ પૂરી થયા પછી રોકડ ઉપાડનો ચાર્જ 21 રૂપિયાથી વધીને 23 રૂપિયા પ્લસ GST અને નોન-ફાઈનાન્સિયલનો 10 રૂપિયાથી 11 રૂપિયા પ્લસ GST થઈ ગયો છે.

SBIએ કહ્યું છે કે ઈન્ટરચેન્જ ફી વધવાને કારણે ATM સેવાઓની કિંમતોની સમીક્ષા કરવામાં આવી. ઈન્ટરચેન્જ ફી તે ચાર્જ છે જે બેંક બીજા બેંકના ATMનો ઉપયોગ કરવા પર ચૂકવે છે.

ફેબ્રુઆરી 2025 પછી આ પહેલો આવો વધારો કરવામાં આવી છે. બેંકે એ પણ સ્પષ્ટ કર્યું કે ઘણી કેટેગરી પર કોઈ અસર નહીં પડે.

બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ (BSBD) એકાઉન્ટ હોલ્ડર્સ પર કોઈ નવો ચાર્જ લાગ્યો નથી. આ પહેલાની જેમ જ ચાલશે.

ખેડૂત ક્રેડિટ કાર્ડ (KCC) એકાઉન્ટ ધરાવતા ગ્રાહકોને પણ સુધારેલી ફીમાંથી મુક્તિ મળી છે.

SBIના પોતાના ATM પર SBI ડેબિટ કાર્ડથી થતા ટ્રાન્ઝેક્શન સંપૂર્ણપણે મફત રહેશે.

કાર્ડલેસ કેશ ઉપાડ (YONO કેશ વગેરે) પણ SBI ATM પર અમર્યાદિત અને મફત રહેશે.

શક્ય હોય તેટલું SBIના પોતાના 63,000+ ATM નેટવર્કનો ઉપયોગ કરો, જ્યાં મફત ટ્રાન્ઝેક્શન મળે છે.

મહિનામાં મફત મર્યાદા ટ્રેક કરો, ખાસ કરીને બેલેન્સ ચેક ઓછો કરો. ડિજિટલ બેન્કિંગ જેમ કે YONO એપ, નેટ બેન્કિંગ અથવા UPIથી બેલેન્સ ચેક અને ટ્રાન્સફર કરો, જ્યાં કોઈ ચાર્જ લાગતો નથી.

જો વારંવાર નોન-SBI ATMનો ઉપયોગ કરતા હો તો સેલરી એકાઉન્ટ ધારકોને હવે પ્લાનિંગ કરવું પડશે.

આ ફેરફાર લાખો SBI ગ્રાહકોની રોજિંદા બેન્કિંગને અસર કરશે. ખાસ કરીને તે લોકોને જેઓ નાના શહેરોમાં રહે છે જ્યાં SBI ATM ઓછા હોય છે.

બેંકે ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ તેમના ખાતાની વિગતો તપાસે અને જરૂર પડ્યે શાખાનો સંપર્ક કરે.

# જિયો પોતાનો AI પ્લેટફોર્મ લોન્ચ કરશે: મુકેશ અંબાણી બોલ્યા- ગુજરાતમાં ₹7 લાખ કરોડનું રોકાણ કરશે, જામનગરમાં દેશનું સૌથી મોટું AI ડેટા સેન્ટર બનશે

નવી દિલ્હી, તા.12

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ રવિવારે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પાંચ મોટી જાહેરાતો કરી છે. અંબાણીએ કહ્યું છે કે ટૂંક સમયમાં જિયોનું પીપલ-ફર્સ્ટ AI પ્લેટફોર્મ લોન્ચ થશે, જે ગુજરાતથી શરૂ થઈને દરેક નાગરિકને તેની પોતાની ભાષામાં AI સેવા આપશે. આ સાથે જ રિલાયન્સ આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં 7 લાખ કરોડનું રોકાણ કરશે. તેમણે કહ્યું કે જામનગરમાં ભારતનું સૌથી મોટું AI-રેડી ડેટા સેન્ટર બનશે. અંબાણીએ ક્લીન એનર્જી અને ગ્રીન મટિરિયલ્સમાં ગુજરાતને ગ્લોબલ લીડર બનાવવાની વાત પણ કહી છે.

મુકેશ અંબાણીએ કહ્યું કે જિયો ભારતનું પહેલું પીપલ-ફર્સ્ટ AI પ્લેટફોર્મ લોન્ચ કરશે, જે ભારતમાં બન્યું છે, આ પ્લેટફોર્મ ગુજરાતથી શરૂ થશે. દરેક નાગરિકને પોતાની ભાષામાં, પોતાના ડિવાઈસ પર રોજ AI સેવા મળશે, જેનાથી લોકો વધુ કાર્યક્ષમતા અને ઝડપથી કામ કરી શકશે. ત્યાં જામનગરમાં ભારતનું સૌથી મોટું AI-રેડી ડેટા



સેન્ટર બની રહ્યું છે, જેનો હેતુ દરેક ભારતીયને સસ્તું AI ઉપલબ્ધ કરાવવાનો છે. અંબાણીએ ગુજરાતને AIનું પાયોનિયર બનાવવાનું વચન આપ્યું.

રિલાયન્સ ગુજરાતની સૌથી મોટી રોકાણકાર કંપની છે. મુકેશ અંબાણીએ જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં 3.5 લાખ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું. હવે આગામી પાંચ વર્ષમાં તેને બમણું કરીને 7 લાખ કરોડ કરવામાં આવશે. આ રોકાણ ગુજરાતના વિકાસને વેગ આપશે.

અંબાણીએ કહ્યું કે ગુજરાત રિલાયન્સ માટે માત્ર લોકેશન જ નહીં, પરંતુ બોડી, હાર્ટ અને સોલ છે. કંપની ગુજરાતી છે અને ગુજરાતના વિકાસમાં યોગદાન આપશે. અંબાણીએ ક્લીન એનર્જી અને ગ્રીન મટિરિયલ્સમાં ગુજરાતને ગ્લોબલ લીડર બનાવવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે જામનગરમાં વિશ્વનો સૌથી મોટો ઈન્ટિગ્રેટેડ ક્લીન એનર્જી ઈકોસિસ્ટમ બની રહ્યો છે. તેમાં સોલર, બેટરી સ્ટોરેજ, ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન ફર્ટિલાઈઝર, સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ અને મેરીટાઈમ ફ્યુઅલનો સમાવેશ થાય છે. જામનગર પહેલા હાઈડ્રોકાર્બન એનર્જી એક્સપોર્ટ કરતું હતું, હવે ગ્રીન એનર્જી અને મટિરિયલ્સનો સૌથી મોટો એક્સપોર્ટર બનશે. કચ્છને ગ્લોબલ ક્લીન એનર્જી હબ બનાવીશું. મલ્ટી-ગીગાવોટ સોલર પ્રોજેક્ટથી રાઉન્ડ-ધ-ક્લોક ક્લીન પાવર મળશે. ભારતમાં આટલો આત્મવિશ્વાસ પહેલાં ક્યારેય જોયો નથી' મુકેશ અંબાણીએ કાર્યક્રમમાં હાજર પીએમ મોદીના વખાણ કરતા કહ્યું કે, સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં અમે આટલી આશા, આટલો આત્મવિશ્વાસ અને આટલી જીવંતતા ક્યારેય જોઈ નથી, જેટલી હવે જોઈ રહ્યા છીએ. તમારા વિઝને આગામી 50 વર્ષ માટે ભારતની દિશા નક્કી કરી દીધી છે.

# સેન્સેક્સ 302 પોઈન્ટ વધીને 83,878 પર બંધ: નિફ્ટી 107 પોઈન્ટ વધ્યો, એનર્જી અને મેટલના શેરમાં ખરીદી

મુંબઈ, તા.12

12 જાન્યુઆરીના રોજ શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો. સેન્સેક્સ 302 પોઈન્ટ વધીને 83,878 પર બંધ થયો. નિફ્ટી પણ 107 પોઈન્ટ વધીને 25,790 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરમાંથી 24 શેર વધ્યા હતા. એનર્જી, મેટલ અને બેંકિંગ શેરો વધ્યા હતા, જ્યારે રિયલ્ટી, ઓટો, મીડિયા અને ફાર્માસ્યુટિકલ શેરોમાં ઘટાડો થયો હતો.



એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.03% વધીને 4,633 પર કારોબાર કરી રહ્યો છે, જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ આજે બંધ છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.68% વધીને 26,410 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.75% વધીને 4,151 પર કારોબાર કરી રહ્યો છે.

9 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.48% વધીને 49,504 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટ 0.81% વધ્યો. S&P 500 માં 0.65%ની તેજી રહી.

મેઈનલાઈન સેગમેન્ટમાં 'ભારત કોકિંગ કોલ' (BCCL)ના IPOમાં અરજી કરવાનો આજે બીજો દિવસ છે. કંપનીએ તેનો પ્રાઈસ બેન્ડ 21 થી 23 પ્રતિ શેર નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 600 શેરના એક લોટ માટે બોલી લગાવી શકે છે, જેના માટે ઉપલા સ્તરે 13,800નું રોકાણ કરવું પડશે. આ ઈશ્યૂ 13 જાન્યુઆરી સુધી ખુલ્લો રહેશે.

8 જાન્યુઆરીના રોજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) એ 3,769 કરોડના શેર વેચ્યા.

આ સમયગાળા દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) એ 5,595 કરોડના શેર ખરીદ્યા.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,084 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

ભારતીય શેરબજારમાં સપ્તાહના છેલ્લા કારોબારી દિવસે એટલે કે શુક્રવાર 9 જાન્યુઆરીના રોજ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 605 અંક અથવા 0.72%ના ઘટાડા સાથે 83,5576ના સ્તર પર બંધ થયો. નિફ્ટીમાં પણ 193 અંક (0.75%)નો ઘટાડો જોવા મળ્યો. તે 25,683ના સ્તરે બંધ થયો.

# ટોપ-10 કંપનીઓમાંથી 7ની વેલ્યુ ₹3.63 લાખ કરોડ ઘટી: રિલાયન્સ ટોપ લુઝર રહી, તેની વેલ્યુ ₹1.58 લાખ કરોડ ઘટી, HDFC બેંકનું માર્કેટ કેપ પણ ઘટ્યું....

નવી દિલ્હી, તા.12


માર્કેટ કેપિટલાઈઝેશનના સંદર્ભમાં, દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 7નું મૂલ્ય ગયા અઠવાડિયાના કારોબારમાં 3.63 લાખ કરોડ ઘટ્યું. આ સમયગાળા દરમિયાન, દેશની સૌથી મોટી સરકારી બેંક રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું મૂલ્ય સૌથી વધુ ઘટ્યું છે.

રિલાયન્સનું માર્કેટ કેપ 1.58 લાખ કરોડ ઘટીને 19.96 લાખ કરોડ પર આવી ગયું. HDFC બેંકનું માર્કેટ વેલ્યુ 96,153 કરોડ ઘટીને 14.44 લાખ કરોડ પર આવી ગયું છે.

જ્યારે ભારતી એરટેલનું માર્કેટ કેપ 45,274 કરોડ ઘટીને 11.55 લાખ કરોડ પર આવી ગયું છે. આ ઉપરાંત, બજાજ ફાઈનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, TCS અને ઈન્ફોસિસનું મૂલ્ય પણ ઘટ્યું છે.

જ્યારે ICICI બેંકનું માર્કેટ કેપ 34,901 કરોડ વધીને 10.03 લાખ કરોડ પર પહોંચી ગયું છે. HULનું મૂલ્ય 6,097 કરોડ વધીને 5.57 લાખ કરોડ પર આવી ગયું છે.

દેશની સૌથી મોટી સરકારી




બેંક SBIનું માર્કેટ વેલ્યુ પણ વધ્યું છે. SBIનું માર્કેટ વેલ્યુ પણ 600 કરોડ વધ્યું છે, જે 9.23 લાખ કરોડ પર પહોંચી ગયું છે.

માર્કેટ કેપ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર, એટલે કે તે બધા શેર જે હાલમાં તેના શેરધારકો પાસે છે, તેમનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણાકાર કરીને કરવામાં આવે છે.

ધારો કે... કંપની 'A'ના 1 કરોડ શેર બજારમાં લોકોએ ખરીદ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા છે, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે.

કંપની પર અસર: મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓ હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે.

રોકાણકારો પર અસર: માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તે જ સમયે, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેનાથી રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે.

ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડથી વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે, પરંતુ જો માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે.

# આ વર્ષે એક જ ઠૂમકા પતંગ સડસડાટ આકાશે આંબશે: પતંગ ચગાવવા પ્રતિ કલાક 5 કિમી પવનની ગતિ જરુરી

**અમદાવાદ, તા.12**

ઉત્તરાયણનું પર્વ નજીક આવતાં જ પતંગરસિયાઓના મનમાં એક જ સવાલ હોય છે કે પતંગ ચગાવવા માટે પવન કેવો રહેશે?. આ વર્ષે ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવા માટે પતંગરસિયાઓને ચિંતા કરવાની જરુર નથી. હવામાન નિષ્ણાતના જણાવ્યા અનુસાર ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવા માટે પવનની ગતિ સાનુકૂળ રહેશે. જાણકારોના મતે સામાન્ય પતંગ ચગાવવા માટે પ્રતિકલાક 5 કિમીની ઝડપે ફૂંકાતા પવનની જરૂરિયાત રહે છે. ભાસ્કરે હવામાન નિષ્ણાત અંકિત પટેલ સાથે વાત કરી હતી અને ઉત્તરાયણના પર્વ પર રાજ્યનાં મહત્ત્વનાં શહેરોમાં સવારથી સાંજ સુધી પવનની ગતિ કેવી રહેશે એ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

ઉત્તરાયણના પર્વને હવે બે દિવસ બાકી રહ્યા છે ત્યારે પતંગરસિકો માટે આનંદના સમાચાર એ છ કે આ વર્ષે પતંગ ચગાવવા માટે વધુ ઠૂમકા લગાવવા નહીં પડે. રાજ્યમાં પવનની ગતિ સામાન્ય અને પતંગ ચગાવવા માટે અનુકૂળ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત અંકિત પટેલના જણાવ્યા મુજબ, સામાન્ય પતંગ ચગાવવા માટે પવનની ગતિ પ્રતિકલાક 5 કિમીની હોવી જરૂરી છે. આ વર્ષે ઉત્તરાયણના દિવસે મોટા ભાગનાં શહેરોમાં પવનની ગતિ 5 કિમી કે એનાથી વધુ રહેવાની શક્યતા હોઈ, પતંગબાજોએ પતંગ ચગાવવામાં તકલીફ નહીં પડે.

અમદાવાદ શહેરમાં ઉત્તરાયણના દિવસે સવારે 7 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી પવનની ગતિ 7 કિમીથી લઈ 10 કિમીની રહેશે, એટલે કે દિવસ દરમિયાન સામાન્ય પતંગ ચગાવવા માટે પતંગરસિકોને નિરાશ થવું નહીં પડે. આ ઉત્તરાયણે સુરતીઓને પવનનો પૂરતો સાથ મળશે. સવારે 7 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી શહેરમાં પવનની ગતિ પ્રતિ કલાક 11 કિમીથી લઈ 15 કિમી સુધી રહેવાની શક્યતા છે, એટલે કે દિવસ દરમિયાન પતંગરસિકો ક્યારેય પણ નિરાશ થાય એવી સ્થિતિ નથી. વડોદરા શહેરમાં સવારના સમયે પવનની ગતિ થોડી ધીમી રહેશે, પરંતુ 9 વાગ્યા બાદ સાંજે 6 વાગ્યા સુધી સરેરાશ પ્રતિ કલાક 8 કિમીની ઝડપે પવન ફૂંકાશે, જેના કારણે સામાન્ય સાઈઝની પતંગ ચગાવનારા પતંગબાજાનો મુશ્કેલી પડશે નહીં.

રાજકોટ શહેરની વાત કરીએ તો ઉત્તરાયણના દિવસે પતંગરસિકો આસાનીથી પતંગ ચગાવી શકે એટલી પવનની ગતિ રહેશે. સવારે 9થી સાંજે 6 વાગ્યા સુધી પવનની ગતિ પ્રતિ કલાક 10 કિમી કે એનાથી વધુ રહેવાની શક્યતા છે.

જૂનાગઢ શહેરમાં સવારથી જ પવનની ગતિ પ્રતિ કલાક 9 કિમી આસપાસ રહેશે, જેમાં બપોર થતાં વધારો થશે. સાંજ સુધી પતંગ ચગાવવા માટે વાતાવરણ અનુકૂળ રહેવાની શક્યતા છે.



ભાવનગરમાં ઉત્તરાયણના દિવસે દિવસભર પતંગ ચગાવવા માટે અનુકૂળ પવન રહેવાની શક્યતા છે. હવામાન નિષ્ણાતના અનુમાન મુજબ સવારથી જ શહેરમાં પવનની ગતિ પ્રતિ કલાક 11 કિમી આસપાસ રહેશે.

અંકિત પટેલે જણાવ્યું હતું કે આપણ જે સામાન્ય સાઈઝના પતંગ ચગાવીએ છીએ એ 5 કિમીની ઝડપે ફૂંકાતા પવનમાં આસાનીથી ચગી જાય છે, પરંતુ જે ફેન્સી અને મોટી પતંગો હોય છે એ ચગાવવા માટે 10 કિમી કે એનાથી વધુ ગતિના પવનની જરૂરિયાત રહે છે.

પતંગની શોધ ચીનના શાનડોંગમાં થઈ હતી. શરૂઆતમાં કંઈક એવી રીતે થઈ હતી કે ખેતરમાં એક ચીનનો ખેડૂત પોતાની ટોપીને હવામાં ઊડતી બચાવવા તેને એક દોરડા સાથે બાંધીને રાખતો હતો. જ્યારે પવન આવતો તો ઊડતી ટોપીનું દૃશ્ય ખેડૂત માટે રસપ્રદ હતું. આ સાથે જ ચીનમાં પતંગની શરૂઆત થઈ. કેટલાક ઈતિહાસકારોનું માનવું છે કે 5મી સદીમાં ચીનના ફિલસૂફો મોજી અને લુ-બાને વાંસના કાગળની મદદથી પતંગની શોધ કરી હતી અને અહીંથી પતંગ ચગાવવાની શરૂઆત થઈ હતી.

પતંગનો ઉપયોગ ક્યારેક સંદેશ મોકલવા માટે પણ થતો, કાગળના પતંગો 549 ઈ.સ.થી લહેરાતા હતા, કારણ કે એ સમયે પતંગોનો સંદેશ મોકલવા માટે ઉપયોગ થતો હતો. મોટા ભાગના લોકોનું માનવું છે કે ચીની મુસાફરો હિનયાન અને હ્વેન સાંગ પતંગને ભારત લાવ્યા હતા. પતંગનો ઉપયોગ સૌપ્રથમ વાતાવરણમાં હવાના તાપમાન, દબાણ, ભેજ, પવન અને દિશાનો અભ્યાસ કરવા માટે કરવામાં આવ્યો હતો.

વર્ષ 1898થી 1933 સુધી હવામાનશાસ્ત્રના બ્યૂરોએ હવામાનના અભ્યાસ માટે પતંગ કેન્દ્ર બનાવ્યું હતું. અહીંથી હવામાનની આગાહી સૂચનોથી સજ્જ બોક્સ પતંગો ઉડાવીને હવામાન કેવું છે એ શોધવામાં આવતું હતું.

ઓસ્ટ્રેલિયાનો સૌથી મોટો પતંગોત્સવ દર વર્ષે સપ્ટેમ્બરમાં સિડનીમાં વિંડ્સના નામે ઊજવવામાં આવે છે.

પતંગોત્સવ દર વર્ષે એપ્રિલમાં ચીનના વેઈફાંગમાં યોજાય છે. અહીં એવું માનવામાં આવે છે કે ઊંચો પતંગ જોવાથી નજર સારી રહે છે. જાપાનમાં દર વર્ષે મેના પહેલા અઠવાડિયામાં હમામાત્સુના શિઝુકામાં પતંગોત્સવનું આયોજન કરવામાં આવે છે. અહીં એવું માનવામાં આવે છે કે પતંગ ચગાવવાથી દેવતાઓ પ્રસન્ન થાય છે. ભારતમાં ખાસ કરીને મકરસંક્રાંતિ નિમિત્તે પતંગ ઉડાવવાનો રિવાજ છે. જાન્યુઆરીના પહેલા અઠવાડિયાંમાં અમદાવાદ અને જયપુરમાં ભારતનો સૌથી મોટો કાઈટ ફેસ્ટિવલ યોજવામાં આવે છે.

બ્રિટનમાં દર વર્ષે ઓગસ્ટના બીજા અઠવાડિયામાં પોર્ટ્સમાઉથ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. લોકો અહીં ડિઝાઈનરથી લઈને 3D પતંગ ખરીદવા ભેગા થઆય છે.

દર વર્ષે 1 નવેમ્બરના રોજ ગ્વાટેમાલામાં કાઈટ્સ ઓફ સુપેન્ગોના નામથી પતંગોત્સવ ઊજવવામાં આવે છે, જેમાં 15-20 મીટર પહોળા પતંગ ચગાવવામાં આવે છે.

ઈન્ડોનેશિયાના બાલી કાઈટ ફેસ્ટિવલમાં 4-10 મીટર પહોળા અને 100 મીટર પૂંછડીવાળા પતંગ ચગાવવામાં આવે છે. એ ઓક્ટોબરના ત્રીજા અઠવાડિયામાં સેલિબ્રેટ કરવામાં આવે છે.

સાઉથ આફ્રિકાના કેપટાઉનમાં જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં ઈન્ટરનેશનલ કાઈલ ફેસ્ટિવલની ઉજવણી કરવામાં આવે છે.

અમેરિકામાં ધ ઝિલ્કર કાઈટ ફેસ્ટિવલ સેલિબ્રેટ કરવામાં આવે છે. મ્યુઝિક કોન્સર્ટથી લઈને દરેક વય જૂથ માટેની સ્પર્ધાઓ અહીં દર માર્ચમાં યોજવામાં આવે છે. ઈટાલીમાં સર્બિયા ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ દર વર્ષે એપ્રિલમાં ઊજવવામાં આવે છે.

# આંબેડકર ઓપન યુનિવર્સિટીએ વિવિધ કોર્સની ફીમાં 3000થી 15 હજાર સુધીનો વધારો કર્યો

**અમદાવાદ, તા.12**

ગુજરાતની એક માત્ર સરકારી ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ યુનિવર્સિટી એવી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા યુજી અને પીજીના વિવિધ કોર્સમાં તેમજ જુદી જુદી સર્વિસ માટેની ફીમાં જંગી વધારો કરવામાં આવ્યો છે. અગાઉ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની ફી અલગ અલગ હતી એટલે કે છોકરીઓની ફી છોકરાઓ કરતાં ઓછી હતી પરંતુ હવે બંને માટે એક સરખી ફી કરીને ફી વધારા સાથે નવી પાંચ હજાર રૂપિયા વાર્ષિક ફી કરવામાં આવી છે. જ્યારે બેચલર ઑફ એજ્યુકેશન(ઓપન એન્ડ ડિસ્ટન્સ) માં સંપૂર્ણ કોર્સની ફી 20 હજારથી વધારીને 35 હજાર અને બેચરલ ઑફ સ્પેશલ એજ્યુકેશનની ફી 30 હજારથી વધારીને 45 હજાર રૂપિયા કરવામાં આવી છે. આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં દર વર્ષે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ યુજી-પીજી અને પીએચડી સહિતના વિવિધ અભ્યાસક્રમોમાં એક્સટર્નલમાં અભ્યાસ કરતા હોય છે ત્યારે આંબેડકર યુનિવર્સિટીની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા તમામ કોર્સમાં નવી ફી નક્કી કરવામાં આવી છે. આ મુદ્દે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે અને ફરિયાદ ઉઠાવવામાં આવી છે કે એક લાખથી વધુ વિદ્યાર્થીઓ પર 178 ટકા અને વિદ્યાર્થિનીઓ પર 317 ટકા જેટલો જંગી ફી વધારો કરવામાં આવ્યો છે. કોંગ્રેસ શાસનમાં પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણમાં પીએચડી સુધી કન્યા કેળવણી મફત હતી. પરંતુ ભાજપ શાસનમાં દીકરીઓ શિક્ષણથી વંચિત રહે તે રીતે જંગી ફી વધારો



કરાયો છે. આ અંગે કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોષીએ જણાવ્યું કે આંબેડકર યુનિ.દ્વારા 73થી વધુ અભ્યાસક્રમો સાથે 500 જેટલા સ્ટડી સેન્ટરો ચલાવવામાં આવે છે.

યુનિ.ના સત્તાધીશો દ્વારા બીએમાં છોકરાઓ માટે 178 ટકા અને છોકરીઓ માટે 317 ટકા જેટલો જંગી ફી વધારો કરવામાં આવ્યો છે. બીએમાં અગાઉ છોકરાઓ માટે 1800 અને છોકરીઓ માટે 1200 વાર્ષિક ફી હતી જેમાં હવે સમાનપણે એક સરખી 5000 ફી કરવામાં આવી છે. એક બાજુ સગવડો અને સુવિધા તેમજ બ્યુટીફિકેશન માટે લાખો રૂપિયાનો આડેધડ ખર્ચ થાય છે ત્યારે બીજી બાજુ સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ માટે જંગી ફી વધારો કરવામાં આવ્યો છે.

જ્યારે બીજી બાજુ આ અંગે યુનિવર્સિટીનું કહેવું છે કે 19 વર્ષથી કોઈ જ ફી વધારો કરાયો ન હતો. કારણકે વિદ્યાર્થીઓને સેલ્ફ લર્નિંગ મટીરિયલ પણ યુનિ. દ્વારા અપાય છે અને એટલું જ નહીં ઘરે પણ મોકલવામાં આવે છે જેથી કોર્સ તૈયાર કરાવવાથી માંડી પ્રિન્ટિંગ, ડિલિવરી, ટ્રાન્સપોર્ટેશન તેમજ સ્ટુડન્ટ કાઉન્સેલિંગ સુધીના અનેક ખર્ચમાં વધારો થયો છે અને જે સ્વભંડોળમાંથી કરાય છે. ઉપરાંત ઘણા કોર્સમાં કોઈ ફી વધારો કરાયો નથી. અગાઉની જ ફી રખાઈ છે.

સરકારને ઓપન યુનિ.માં વિદ્યાર્થીઓ અને ખાસ કરીને છોકરીઓ વધુને વધુ ડિસ્ટન્સ લર્નિંગમાં ભણે અને ઉચ્ચ શિક્ષણમાં એનરોલમેન્ટ રેશિયો વધે તેમાં રસ ન હોવાની ફરિયાદ ઉઠી છે. સરકાર દ્વારા જો તાયફાઓ બંધ કરીને આંબેડકર યુનિ.ને વધુ ગ્રાન્ટ અપાય તો ફી ઘટાડી શકાય છે અને નજીવા ખર્ચે વિદ્યાર્થીઓને ખાસ કરીને છોકરીઓને એક્સટર્નલમાં અભ્યાસ કરાવી શકાય છે. યુનિ.ને વધુ ખર્ચ થતો હોય તો યુનિ.એ સરકાર પાસેથી વધુ ગ્રાન્ટ માંગવી જોઈએ અને સરકાર જો આપે તો ફી ઘટાડી શકાય. આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજ્યની પ્રથમ સરકારી ઓપન યુનિ. છે અને જેમાં નોકરી સાથે હજારો વિદ્યાર્થીઓ દર વર્ષે યુજી-પીજીનો અભ્યાસ કરતા હોય છે. પરંતુ હવે ફી વધારો કરવામાં આવ્યો છે ત્યારે સામાન્ય અને ગરીબ ઘરના વિદ્યાર્થીઓ નોકરી સાથે અભ્યાસ કરવાનું ટાળશે. જેથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી શકે છે.

## લુટેરી દુલ્હન ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો: સુરેન્દ્રનગરના યુવકને લગ્નની લાલચ આપી 3.75 લાખ પડાવ્યા.....

**વડોદરા, તા.12**

સુરેન્દ્રનગર જિલ્લાના યુવકને લગ્નની લાલચ આપી રૂ.3.75 લાખની છેતરપિંડી કરનાર લુટેરી દુલ્હન ગેંગના મુખ્ય સુત્રધારને મકરપુરા પોલીસે ઝડપી પાડ્યો છે. આ અગાઉ આ ટોળકીના બે સભ્યોને ઝડપી લેવામાં આવ્યા હતા. હાલમાં લુટેરી દુલ્હન સહિત ત્રણ આરોપી વોન્ટેડ છે.

વડોદરાના તરસાલી ખાતે રહેતી સોનાલીબેનના સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકામાં આવેલા ગામે રહેતા તારાબેન ભલગામાના દિકરા લાલજી મનસુખભાઈ ભલગામા સાથે લગ્ન કરાવી નોટરાઈઝ સોગંદનામુ તથા લગ્ન સબંધી સમજુતી કરાર કરાવી રાજેશગીરી ગોસ્વામી, હેમંત રાજગીરી ગોસ્વામી, મહેંદ્ર પ્રજાપતિ, નાજીર તથા શરીફાબેન બચુભાઈ મુસ્લીમ તથા તોસીફ બચુભાઈ મુસ્લીમ દ્વારા તેમની પાસેથી રોકડા તથા ઓનલાઈન મળી કુલ રૂપિયા 3.28 લાખ, સોના અને ચાંદીના દાગીના સહિત અન્ય રોકડ રકમ, મોબાઈલ ફોન તમામ મળી રૂપિયા 3.75 લાખ



પડાવી લીધા હતાં. પરંતુ લગ્ન બાદ આરોપીઓએ સાસરીમાંથી એકવાર પિયરમાં સોનાલીને તેડી લાવ્યા હતા. દુલ્હન પણ સાસરીમાંથી દાગીના સહિતની રોકડ લઈ આવી ગઈ હતી. જેના કારણે દુલ્હન સોનાલીને પરત સાસરીમાં પરત નહી મોકલી યુવક તથા મહિલા સાથે ઠગાઈ આચરવામાં આવી હતી. જેની મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મકરપુરા પોલીસે અલગ અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સ તથા ટેકનિકલ સોર્સ આધારે તપાસ કરી લગ્નની લાલચ આપી છેતરપીંડી કરનાર લુટેરી દુલ્હન ગેંગના મુખ્ય સુત્રધાર મહેન્દ્ર મોહન ઉર્ફે મોહનલાલ અંબાલાલ પ્રજાપતિ (રહે.ગોરાદ ગામ, પ્રજાપતિવાસ પો.સ્ટ.ગોરાડ તા-જી.મહેસાણા)ને ઝડપી પાડ્યો હતો.

## સુરતના મહિલા નાયબ મામલતદારે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી...

**સુરત, તા.12**

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં રહેતા અને ઓલપાડમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં હિનીષા પટેલ નામનાં મહિલા નાયબ મામલતદારે પોતાના ઘર પર ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતાં ચકચાર મચી છે. હિનીષા પટેલ અને તેમના પતિ પણ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે. આજે સવારે ઓફિસે નીકળવાના સમયે પતિ નીચે કાર લેવા ગયા હતા, પરંતુ નાયબ મામલતદાર પત્ની નીચે ઊતર્યાં ન હતાં. ઉપર જઈ ચેક કરતાં રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યાં હતા.

ઘટનાની જાણ થતાં હોસ્પિટલ પર મહેસૂલ વિભાગના કર્મચારીઓ ઊમટી પડ્યા હતા. મળતી માહિતી મુજબ મહિલા નાયબ મામલતદાર સામે થોડા સમય પહેલાં એક નનામી અરજી થઈ હતી, જોકે તેની તપાસમાં તેને ગાંધીનગરથી ક્લીનચિટ મળી ગઈ હોવાનું સામે આવ્યું છે. આત્મહત્યા પાછળનું કારણ અકબંધ હોઈ, પોલીસે હાલ



વધુ તપાસ હાથ ધરી છે.

ઓલપાડ કચેરીમાં ફરજ બજાવતાં નાયબ મામલતદાર હિનીષા પટેલે આજે સવારે રાંદેર વિસ્તારમાં આવેલા પોતાના ઘર પર દુપટ્ટાથી ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી છે. પતિ-પત્ની બંને એક જ કચેરીમાં ફરજ બજાવતાં હોઈ, આજે સવારે ઓફિસે નીકળતી સમયે પતિ કેતન પટેલ નીચે કાર લેવા ઊતર્યા હતા, પરંતુ પત્ની નીચે ન આવતાં કેતન પટેલે ઉપર જઈ ચેક કર્યું તો હિનીષા પોતાના બેડરુમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યાં હતાં, જેને હોસ્પિટલ ખસેડતાં તબીબોએ મૃત જાહેર કર્યાં હતા.

# અમદાવાદમાં રિવરફ્રન્ટ પર પક્ષીઓને ચણ તેમજ પ્રાણીઓને ખોરાક આપવા સામે પ્રતિબંધ મૂકાયો

**અમદાવાદ, તા.12**

અમદાવાદમાં બર્ડ અને એનિમલ ફીડીંગના કારણે ગંદકી વધી રહી છે. કોર્પોરેશનના કેટલ ન્યૂસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ વિસ્તાર તેમજ પ્રોજેક્ટને જોડતા તમામ રસ્તાઓ, ખુલ્લી જગ્યા ઉપર બર્ડ કે એનિમલ ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે. ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારમાં જાહેર સ્થળોએ થતી ગંદકી અટકાવવા દસ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરાઈ છે. આગામી સમયમાં શહેરમા આવેલા જાહેર સ્થળોએ તબકકાવાર બર્ડ અને એનિમલ ફીડીંગ ઉપર પ્રતિબંધ મુકવા કોર્પોરેશને આયોજન કર્યુ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાસ્કફોર્સમાં સાબરમતી રિવરફ્રન્ટના અધિકારીઓની સાથે



સાબરમતી રિવરફ્રન્ટના પોલીસ ઈન્સપેકટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટાસ્કફોર્સ દ્વારા રિવરફ્રન્ટ વિસ્તારમાં બર્ડ અને એનિમલ ફિડીંગ અટકાવવા એનફોર્સમેન્ટની કામગીરી કરાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામા આવેલા હેલ્થ બાયલોઝ-2012 અંતર્ગત બર્ડ કે એનિમલ ફીડીંગ જાહેર સ્થળોએ કરાવવા મુદ્દે પેનલ્ટીની કાર્યવાહી પણ કરાશે. 10 મે-2013ના રોજ આ હેલ્થ બાયલોઝ અમલી બનાવાયા હતા.બાયલોઝ મુજબ, શહેરમાં કોઈ વ્યકિત કે સંસ્થા દ્વારા જો જાહેરમાં ગંદકી કરવામા આવે તો કોર્પોરેશનના સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા પેનલ્ટી કે વહીવટી ચાર્જ વસૂલ કરવામા આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વર્ષ-2013માં અમલમાં મુકેલા હેલ્થ બાયલોઝની 50.1(7) ની જોગવાઈ મુજબ, શહેરમાં જાહેરમાં પક્ષી કે પશુઓને ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો. ઉપરાંત જો કોઈ વ્યકિત જાહેરમાં પક્ષી કે પશુને ફીડીંગ કરાવે તો રુપિયા 100 પેનલ્ટી વસૂલ કરવાની જોગવાઈ છે.

અમદાવાદમાં બર્ડ ફિડીંગ સ્પોટ વધ્યા છે.હેલ્થ બાયલોઝ મુજબ બર્ડ કે એનિમલ ફીડીંગ ઉપર પ્રતિબંધ હોવાછતાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા તેની અસરકારક અમલવારી કરાતી નથી. એમ કોર્પોરેશનના એક અધિકારીએ નામ નહીં આપવાની શરતે કહયુ છે.શહેરમાં રખડતા ઢોર ઉપર પ્રતિબંધ મુકાયા પછી એનિમલ ફિડીંગ સ્પોટમાં ઘટાડો થયો છે.જો કે હવે ડોગ ફિડીંગ ઉપર પ્રતિબંધ મુકાયો છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

